પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૬-૧૧-૨૦૨૪- મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૨૮ ● અંક : ૨૯૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે દેવેન્દ્ર ફડણવીશ નિશ્ચિત

## મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદ પરથી એકનાથ સિંદેનું રાજીનામું : ભાજપનું મોવડી મંડળ મહારાષ્ટ્રના મુખ્યમંત્રીનું નામ ટૂંકમાં સત્તાવાર રીતે જાહેર કરશે

મુંબઈ ,તા.૨૬

મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન એકનાથ શિંદે મંગળવારે રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણનને મળ્યા અને તેમના પદ પરથી રાજીનામું આપ્યું. તેમની સાથે ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર પણ હાજર રહ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર નવા મુખ્યમંત્રી માટે દેવેન્દ્ર ફડણવીસનું નામ લગભગ ફાઈનલ થઈ ગયું છે. તેમના નામની આજે જ જાહેરાત કરવામાં આવશે. પહેલાંની જેમ નવી સરકારમાં પણ બે ડેપ્યુટી સીએમ હશે. શ્વક

શિવસેના (શિંદે જૂથ) અને NCP (અજિત જૂથ)માંથી એક-એક ડેપ્યુટી સીએમ હશે. અજિત પવાર એનસીપીના કોઈપણ ધારાસભ્યનું નામ આગળ કરી શકે છે અને શિંદે શિવસેનાના કોઈપણ ધારાસભ્યનું નામ આગળ કરી શકે છે.

વિધાનસભાનો કાર્યકાળ આજે એટલે કે ૨૬મી નવેમ્બર સુધી જ છે. જો કે નવા મુખ્યમંત્રીના શપથની તારીખ નક્કી કરવામાં આવી નથી. ત્યાં સુધી એકનાથ શિંદે કાર્યકારી મુખ્યમંત્રી રહેશે.

બીજી તરફ મંગળવારે સવારે નાગપુરમાં સરકારી આવાસ



પરથી મુખ્યમંત્રી એકનાથ શિંદેની નેમ પ્લેટ હટાવી દેવામાં આવી હતી. જોકે, મીડિયામાં સમાચાર આવ્યા બાદ તેને પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્રના રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણન, સીએમ એકનાથ શિંદે અને ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ, અજિત પવારે મંગળવારે મુંબઈ આતંકી હુમલાની ૧૬મી વરસી પર શ્રદ્ધાંજલિ આપી હતી. ૨૦૦૮માં ૨૬/૧૧ના મુંબઈ આતંકી હુમલામાં ૨૦ જવાન, ૨૬ વિદેશીઓ સહિત ૧૭૪ લોકો માર્યા ગયા હતા અને ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને અનેક કેન્દ્રીય મંત્રીઓએ પણ શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. રાષ્ટ્રપતિએ લખ્યું- કૃતજ્ઞ રાષ્ટ્ર તેના બહાદુર સુરક્ષા જવાનોને સલામ કરે છે જેમણે આપણા લોકોની સુરક્ષા માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું- આતંકવાદ સમગ્ર માનવ સભ્યતા પર એક કલંક છે. આતંકવાદ સામે મોદી સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિની સમગ્ર વિશ્વ દ્વારા પ્રશંસા કરવામાં આવી છે અને આજે ભારત આતંકવાદ વિરોધી પહેલોમાં વિશ્વ નેતા બની ગયું છે.

# જૂના સંસદ ભવનમાં સેન્ટ્રલ હોલમાં સંવિધાન દિનની ઉજવણી

### બંધારણ દેશનો સૌથી પવિત્ર ગ્રંથ છે : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

નવી દિલ્હી,તા.૨૬

દેશના બંધારણના ૭૫ વર્ષ પૂર્ણ થવા પર મંગળવારે જૂની સંસદના સેન્ટ્રલ હોલમાં એક વિશેષ કાર્યક્રમ ચાલી રહ્યો છે. આ ખાસ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા પણ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં પહેલીવાર પીએમ મોદી અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી એક જ મંચ પર સાથે બેઠા હતા. રાહુલ ગાંધીની સાથે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા, સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુ, રાજ્યસભાના ડેપ્યુટી સ્પીકર હરિવંશ પણ હતા.

આ કાર્યક્રમની થીમ આપણું બંધારણ-આપણું સ્વાભિમાન રાખવામાં આવી છે. બંધારણની ૭૫મી વર્ષગાંઠની યાદમાં સિક્કો અને ટપાલ ટિકિટ પણ જાહેર કરવામાં આવી હતી.

આ ઉપરાંત 'મેકિંગ ઓફ ધ ઈન્ડિયન કોન્સ્ટિટ્યુશનઃ એક ઝલક' અને 'મેકિંગ ઓફ ધ ઈન્ડિયન કોન્સ્ટિટ્યુશન એન્ડ ઈટ્સ ગ્લોરીયસ જર્ની' નામના પુસ્તકો લોન્ચ કરવામાં આવશે. સંસ્કૃત અને મૈથિલીમાં પણ બંધારણની નકલો જાહેર કરવામાં આવશે. ભારતીય બંધારણના નિર્માણના ઐતિહાસિક મહત્વ અને પ્રવાસ પરની ટૂંકી ફિલ્મ પણ બતાવવામાં આવશે.

ખરેખરમાં, બંધારણ સભાએ ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ ભારતનું બંધારણ પસાર કર્યું હતું, જેને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ દેશે સ્વીકાર્યું હતું. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે ૧૯ નવેમ્બર ૨૦૧૫ના રોજ એક નોટિફિકેશન બહાર પાડ્યું હતું. જેમાં કહેવામાં આવ્યું હતું કે ૨૬ નવેમ્બરને દર વર્ષે 'બંધારણ દિવસ' તરીકે ઉજવવો જોઈએ. તેનો હેતુ નાગરિકોમાં બંધારણીય મૂલ્યોની ઉજવણી અને પ્રોત્સાહન

અનુસંધાન પાના ૭ પર

# સામાન્ય અને વેપારી વર્ગ માટેના પાન કાર્ડ જુદા જુદા પ્રકારના હશે

### કયુઆર કોડના કારણે પાન કાર્ડનું ડુપ્લીકેશન થઈ શકશે નહીં

નવી દિલ્હી,તા.૨૬

હવે વ્યાપારી વર્ગ માટે પાન ૨.૦ આવી રહ્યું છે. હાલ દેશમાં પરમેનન્ટ એકાઉન્ટ નંબર - પાન એ આર્થિક વ્યવહારો માટે મહત્વનું બની ગયું છે અને હવે આધાર તથા પાનને લીંકઅપ કરાવીને એક કોમન- ઓળખ પ્રસ્થાપીત કરી તેના આધારે દેશમાં આર્થિક વ્યવહારો પર સરકારની નજર રહે તે પણ નિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.

પણ સરકાર હવે આમ વર્ગ અને વ્યાપારી વર્ગ માટે 'પાન'ના અલગ અલગ મોડેલ લઈને આવી રહ્યું છે. કેબીનેટ કમીટી ઓન ઈકોનોમીક અફેર્સ (સીસીઈએ) દ્વારા હવે પાનકાર્ડને કોમન બિઝનેસ આઈડેન્ટીફાયર તરીકે વ્યાપારી વર્ગ માટે ઉપયોગ કરવા તૈયારી છે જે અને તેના મામલે જે આવકવેરા આઈડી વિ. મળે તેને પણ સલામત રાખવામાં આવશે.

વ્યાપારી વર્ગને તેના એકમોને કોઈ એક જ આઈડીથી ઓળખવામાં આ પાન ૨.૦ મહત્વની ભૂમિકા ભજવશે અને વ્યાપારી એકમોને અલગ અલગ ઓળખ પત્રો કે તેવા નંબર રોકવાની જરૂર પડશે નહી.

આ માટે એક ખાસ ડીજીટલ પ્લેટફોર્મ ઉભુ કરાશે. હાલનું પાનનું સોફટવેર ૧૫ વર્ષ જૂનુ છે અને તેને ટેકનોલોજીની દ્રષ્ટિએ પણ અપગ્રેડ કરાશે. પાન ૨.૦ સમગ્ર પ્રક્રિયા

અનુસંધાન પાના ૭ પર

# સગીર બળાત્કારી સામે પુખ્ત મુજબ કેસ ચલાવવા હાઈકોર્ટ કરેલો નિર્ણય

### જુવેનાઈલ જસ્ટિસ બોર્ડનો નિર્ણય મંજૂર રાખતી બોમ્બે હાઈકોર્ટ

મુંબઈ,તા.૨૬

બોમ્બે હાઈકોર્ટે એક આરોપી દ્વારા તેના મિત્રો સાથે મળીને સગીર છોકરી પર કરેલા યૌન શોષણને જઘન્ય અપરાધ ગણાવ્યો છે. તેમજ કહ્યું કે, આ ગુનો ઘણી વખત સંપૂર્ણ હોશમાં આચરવામાં આવ્યો હતો. કોર્ટે જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના નિર્ણયને માન્ય રાખ્યો હતો.

જેમાં ૨૦૧૭-૨૦૧૮ વચ્ચે ૧૪ વર્ષની બાળકીનું જાતીય શોષણ કરવા બદલ સગીરને પુખ્ત તરીકે કેસ ચલાવવાનો આદેશ આપ્યો હતો. આ ઘટના સમયે યવતમાલનો આરોપી સગીર હતો. જસ્ટિસ ઘ્છ સનપની ખંડપીઠે કહ્યું કે, આરોપીએ પીડિતાનું અનેકવાર જાતીય શોષણ કર્યું, જે તેની ગુનાહિત માનસિક સ્થિતિ દર્શાવે છે.

જસ્ટિસ સનપે કહ્યું, 'પોતાનું શોષણ કરવા ઉપરાંત તેણે પીડિતાને અન્યને પણ સોંપી દીધી. આ એક જઘન્ય અપરાધ છે. ફરિયાદ પક્ષ દ્વારા કહેવામાં આવ્યું હતું કે પીડિતા ૮મા ધોરણમાં અભ્યાસ કરતી હતી. આરોપી ૧૧મા ધોરણનો વિદ્યાર્થી હતો. તેના મિત્રોમાં કેટલાક સગીર અને પુખ્ત વયના લોકો પણ સામેલ હતા.

તેઓ પીડિતાને ચોકલેટમાં નશીલા પદાર્થ ભેળવીને આપતા રહ્યા અને ૧૦ મહિના સુધી તેનું યૌન શોષણ કરતા રહ્યા. મુખ્ય આરોપી સગીર હતો અને પીડિતાના ભાઈનો મિત્ર પણ હતો. તેણે પહેલા તેણીને ચોકલેટ અને ભેટ આપીને તેનો વિશ્વાસ જીત્યો હતો. આવા જ એક દિવસે, તે તેણીને એકાંત સ્થળે લઈ ગયો અને તેના પર જાતીય હુમલો કર્યો. મુખ્ય આરોપી અને તેના મિત્રો પીડિતા સાથે વારંવાર આવું જ કરવા લાગ્યા.

આરોપ છે કે, આ ઘટનાઓની વીડિયોગ્રાફી પણ કરવામાં આવી હતી. ઉપરાંત, તેઓ પીડિતાને ધમકી આપતા હતા કે જો તેણીએ ના પાડી તો તેઓ તેના પિતાને મારી

અનુસંધાન પાના ૭ પર

# એટીએમમાંથી ૨૦૦ અને ૧૦૦ રૂપિયાની નોટ પણ નિકળશે

### બજારમાં નાની નોટની અછત સર્જાતા રિઝર્વ બેંકે નાની નોટ એટીએમમાં લોડ કરવાનું શરૂ કર્યું

નવી દિલ્હી,તા.૨૬

લાંબા સમયથી બેંકના એટીએમમાં માત્ર ૫૦૦ રૂપિયાની નોટો જ નીકળે છે. જેના કારણે બજારમાં ખરીદીના સમયે ટ્રાન્ઝેક્શન માટે નાની નોટોની અછતની સમસ્યા વધી રહી છે, જેને જોતા બેંકોએ એટીએમ મશીનમાં રૂ.૫૦૦ તેમજ રૂ.૨૦૦ અને રૂ.૧૦૦ની નોટો લોડ કરવાનું શરૂ કરી દીધું છે.

SBI સહિત તમામ મોટી બેંકોના છ્સ્માંથી રોકડ ઉપાડતી વખતે, લોકોને નિર્ધારિત રકમમાં મોટાભાગે રૂ. ૫૦૦ની નોટો મળશે, પરંતુ કેટલીક રૂ. ૨૦૦ અને રૂ. ૧૦૦ની નોટો પણ તેમના હાથમાં આવશે. ટ્રાન્ઝેક્શનમાં નાની નોટોની અછતને ધ્યાનમાં રાખીને આરબીઆઈએ આ અંગે બેંકોને માર્ગદર્શિકા જારી કરી છે.

ઈન્ડિયન બેંક સ્ટાફ એસોસિએશનના પ્રમુખ મનોજ કુમાર શર્માએ જણાવ્યું હતું કે, એટીએમમાં રૂ. ૨૦૦ અને રૂ. ૧૦૦ ની નોટો જારી કરવાથી લોકોને ખરીદી કરતી વખતે લેવડ-દેવડમાં

અનુસંધાન પાના ૭ પર

# અદાણીને ક્લીન ચીટ મળે ત્યાં સુધી ફ્રાન્સની ટોટલ એનર્જી કંપની નવું રોકાણ કરશે નહીં

### અમેરિકાની કોર્ટમાં થયેલા લાંચ કેસ અંગે વિદેશી ઈન્વેસ્ટરો અદાણીથી મોઢું ફેરવવા લાગ્યા

નવી દિલ્હી,તા.૨૬

ભારતના બીજા નંબરના સૌથી મોટા ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વગેરે સામે અમેરિકામાં લાંચ - છેતરપીડીના કેસ તથા ધરપકડ વોરંટ બાદ અદાણી જૂથને વધુ ઝટકો લાગ્યો છે. વિદેશી ઈન્વેસ્ટરો નવા રોકાણ કરવામાં મોઢુ ફેરવવા લાગ્યા છે. ફ્રાંસની એનર્જી કંપની ટોટલ એનર્જીએ જાહેર કર્યુ છે કે, અમેરિકન કેસમાં ગૌતમ અદાણીને કલીનચીટ ન મળે ત્યાં સુધી નવુ રોકાણ કરવામાં નહી આવે. અદાણી ગ્રુપમાં સૌથી મોટુ રોકાણ કરનારી કંપનીઓ પૈકી ટોટલ એનર્જી પણ એક છે. અદાણી ટોટલ ગેસ, અદાણી ગ્રીન એનર્જી જેવી કંપનીઓમાં ફ્રાંસની આ કંપનીનું રોકાણ છે.



ફ્રાંસની કંપનીઓ સતાવાર નિવેદનમાં જાહેર કર્યુ છે કે, અમેરિકામાં ગૌતમ અદાણી વિગેરે સામે ૨૬.૫ કરોડ ડોલરની લાંચનો આરોપ લાગ્યો છે. સોલાર પાવર સપ્લાય માટે કોન્ટ્રાકટ અપાવવા ભારતીય અધિકારીઓને આ લાંચ આપી હતી. આ કેસમાં અદાણીને કલીનચીટ ન મળે ત્યાં સુધી નવુ રોકાણ નહી કરાય.

ફ્રાંસની કંપની અદાણી ગ્રીન એનર્જીમાં ૧૯.૭૫ ટકાની ભાગીદારી ધરાવે છે. આ સિવાય પણ ત્રણ સંયુક્ત સાહસમાં પણ ૫૦-૫૦ ટકાની ભાગીદારી છે. અદાણી ટોટલ ગેસમાં પણ ૩૭.૪ ટકાની ભાગીદારી છે. આ કંપની વાહનોમાં પીએનજી તથા ઘરમાં પીએનજી સપ્લાયમાં કાર્યરત છે.

બીજી તરફ અદાણી ગ્રુપમાં ૮.૧ અબજ ડોલરનું રોકાણ ધરાવતા જીકયુજી પાર્ટનર્સ દ્વારા પણ રોકાણમાં નિયંત્રણનો સંકેત આપવામાં આવ્યો છે. કલાયન્ટોને પાઠવેલા સંદેશામાં કહ્યું કે, અદાણી ગ્રીન એનર્જી સિવાય અદાણી ગ્રુપની અન્ય

અનુસંધાન પાના ૭ પર

# ચંદીગઢમાં ડેપોરા કલબ પાસે એક પછી એક પ્રચંડ બોમ્બ ધડાકા

### પ્રચંડ બોમ્બ ધડાકામાં આસપાસની ઇમારતોના કાચ તૂટી ગયા

ચંદીગઢ,તા.૨૬

ચંદીગઢના સેકટર ૨૬ માં કલબ નજીક આજે સવારે બે પ્રચંડ વિસ્ફોટ થતા ખળભળાટ સર્જાયો હતો સમગ્ર વિસ્તાર હચમચી ગયો હતો. પોલીસ સહીતની સુરક્ષા એજન્સીઓ બચાવ સ્થળે પહોંચી ગઈ હતી અને તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો. આ બનાવની પ્રાથમીક વિગતો પ્રમાણે ડેપોરા કલબ પાસે બાઈક પર બે શખ્સો આવ્યા હતા અને વિસ્ફોટ સર્જીને ફરાર થઈ ગયા હતા. ધડાકો એટલો જોરદાર હતો કે કલબનાં બારી દરવાજાનાં કાચ તૂટી ગયા હતા. આ વિસ્ફોટ બોંબ ફેંકીને કરાયો હતો અન્ય કોઈ વિસ્ફોટક પદાર્થથી ધડાકો કરાયો હતો તે હજુ સ્પષ્ટ નથી. ફોરેન્સીક ટીમોને પણ દોડાવવામાં આવી છે અને ઝીણવટભરી તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો છે. વિસ્ફોટની જાણ થતા જ ઉચ્ચ અધિકારીઓ સહીતનો સુરક્ષા કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો હતો. આ પૂર્વે ૧૧ સપ્ટેમ્બરે પણ ચંદીગઢમાં હેન્ડ ગ્રેનેડથી વિસ્ફોટ કરાયો હતો તે અત્રે ઉલ્લેખનીય છે.

# એસ્સાર ગ્રુપના સહ સ્થાપક શશિકાંત રૂઈયાનું દુઃખદ નિધન

### ઉદ્યોગપતિ શશિકાંત રૂઈયાને વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરી શ્રદ્ધાંજલિ પાઠવી

મુંબઈ,તા.૨૬

એસ્સાર ગ્રુપના સહ-સ્થાપક શશિ રુઈયાનું ૨૫ નવેમ્બર, ૨૦૨૪ના રોજ નિધન થયું હતું. તેઓ ૮૦ વર્ષના હતા. શશિ રુઈયાના પાર્થિવ દેહને ૨૬ નવેમ્બરના રોજ બપોરે ૧ થી ૩ દરમિયાન રૂઈયા હાઉસમાં રાખવામાં આવશે. છેલ્લી શોભાયાત્રા રુઈયા હાઉસથી સાંજે ૪ વાગ્યે હિન્દુ વર્લી સ્મશાન માટે નીકળશે.

પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિક શશીએ ૧૯૬૫માં તેના પિતાશ્રી નંદ કિશોર રુઈયાના માર્ગદર્શન હેઠળ કારકિર્દીની શરૂઆત કરી હતી. ૧૯૬૯માં શશીએ તેના ભાઈ રવિ રુઈયા સાથે મળીને એસ્સાર ગ્રુપની સ્થાપના કરી. કંપનીએ ચેન્નાઈ પોર્ટ ખાતે બાહ્ય બ્રેકવોટરના બાંધકામ સાથે તેની કામગીરી શરૂ કરી હતી.

રુઈયાના નિધન પર શોક વ્યક્ત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેઓ ઈન્ડસ્ટ્રીમાં એક મહાન વ્યક્તિ હતા. તેમણે કહ્યું કે તેમના દૂરંદેશી નેતૃત્વ અને શ્રેષ્ઠતા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાએ ભારતના વ્યાપાર લેન્ડસ્કેપને બદલી નાખ્યું. તેમણે તેમના નિધનને અત્યંત દુઃખદ ગણાવ્યું હતું.

"તેમણે નવીનતા અને વિકાસ માટે ઉચ્ચ ધોરણો પણ સ્થાપિત કર્યા. તેઓ હંમેશા વિચારોથી ભરેલા હતા અને હંમેશા ચર્ચા કરતા હતા કે આપણે આપણા દેશને કેવી રીતે બહેતર બનાવી શકીએ," મોદીએ જણાવ્યું.

અનુસંધાન પાના ૭ પર

# તૂર્કીમાં રન-વે પર ઉતરેલા મુસાફર વિમાનમાં આગ લાગી

### આગની દુર્ઘટનામાં ૮૯ મુસાફરો તથા ક્રૂ મેમ્બરો સલામત

નવી દિલ્હી,તા.૨૬

રશિયન બનાવટનું સુખોઈ- સુપર જેટ વિમાન તુર્કીના એન્તાલિયા એરપોર્ટના રન-વે પર ઉતર્યું કે તુર્ત જ વિમાનમાં એક એન્જિનમાં આગ લાગી હતી. જેનો ભયાવહ વિડીયો વાયરલ થયો છે. સદ્ભાગ્યે વિમાનમાં રહેલા તમામ ૮૯ યાત્રિકો અને બે પાયલોટ તથા ૪ સહાયકો મળી છએ છ ક્રૂ મેમ્બર્સ પણ ઉતરી જઈ શક્યા હતા અને સર્વે સલામત રહ્યા હતાં.

વાસ્તવમાં આ વિમાન ઓવર વર્કડ હોવાથી તેનું એક એન્જિન સળગી ઊઠયું હતું. ત્યાર પછી જોત જોતામાં વિમાન આગમાં લપેટાઈ ગયું હતું. આ દુર્ઘટના જોતાં વિમાનગૃહમાં અને કંટ્રોલ ટાવર પર રહેલો ગ્રાઉન્ડ સ્ટાફ પણ હેબતાઈ ગયો હતો.

પરંતુ યાત્રિકો અને ક્રૂ સહિસલામત બચી ગયા હોવાથી શાંતિનો શ્વાસ લીધો હતો. એઝિમથ-એરલાઈન્સનું આ વિમાન રશિયાના સોચીથી તૂર્કીમાં અન્તાલીયા આવી રહ્યું હતું.

આ દુર્ઘટના અંગે અન્તાલિયાના ગવર્નરની ઓફિસના ડેપ્યુટી સુયાન સેચીતોગ્બુએ કહ્યું હતું કે, આગ

અનુસંધાન પાના ૭ પર

# દેશભરમાં સારા વરસાદના કારણે ખરિફ પાકનું મબલખ ઉત્પાદન

### બજારમાં જંગી પ્રમાણમાં પાક ઠલવાતા મોંઘવારીમાં રાહત મળશે

નવી દિલ્હી,તા.૨૬

દેશમાં ચાલુ વર્ષે સારો અને સંતોષકારક વરસાદ થવા સાથે ખરીફ પાકનું મબલખ ઉત્પાદન હોવાથી આવતા મહિનાઓમાં ખાદ્યચીજોની મોંઘવારીમાં રાહત મળવાનો આશાવાદ કેન્દ્ર સરકારે દર્શાવ્યો છે.

કેન્દ્રીય નાણા મંત્રાલયનાં ઓક્ટોબર મહિનાના આર્થિક રિપોર્ટમાં એમ કહેવાયું છે કે, બમ્પર ખરીફ પાક વચ્ચે ખાદ્ય ફુગાવો નીચો આવી શકે છે. મોંઘવારી ઘટવાનું ચિત્ર ઉજળુ છે. સારો વરસાદ છતાં અત્યાર સુધી ફૂગાવો ઉંચો જ છે. ખાદ્યચીજોનાં ભાવો નીચા આવતા નથી એટલે લોકોમાં નારાજગી છે. ઓકટોબરનો ગ્રાહક ભાવાંક ૬.૨ ટકાએ રહ્યાનું ઉલ્લેખનીય છે.

રીપોર્ટમાં એમ કહેવાયું છે કે નવેમ્બર મહિનાથી ખાદ્યચીજોનાં ભાવો નીચા આવવા શરૂ થયા છે. જોકે વિવિધ દેશો વચ્ચે યુદ્ધ તથા ભૌગોલીક ટેન્શનને કારણે સપ્લાય ચેઈન પ્રભાવીત થઈ શકવાની તથા ભાવ મોરચે અસર થવાની શંકા વ્યકત કરવામાં આવી છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા વ્યાજદરમાં ઘટાડો કરે તેવો સરકારનો આગ્રહ છે. પરંતુ કેન્દ્રીય બેંન્ક ફૂગાવો સંપૂર્ણ કાબુમાં ન આવે ત્યાં સુધી વ્યાજ ઘટાડવાનાં મૂડમાં મળી ગત સપ્તાહમાં નાણાંપ્રધાન નિર્મલા સીતારામને પણ વ્યાજદર વ્યાજબી સ્તરે રાખવા બેંકોને સુચવ્યુ હતું. આ પૂર્વે વ્યાપાર પ્રધાન પિયુષ ગોયલ પણ અર્થતંત્રને વેગ આપવા માટે વ્યાજદર ઘટાડવાનું સુચવ્યુ હતું.

અનુસંધાન પાના ૭ પર



# મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં કુલ ૭૭,૯૪૬ અરજીઓ નોંધાઈ

## સુરતની કુલ ૧૬ વિધાન સભા મતદાર ક્ષેત્રમાં મતદાર યાદી સુધારણા ઝુંબેશને સાંપડેલો પ્રતિસાદ

સુરત, તા.૨૬

ભારતના ચૂંટણી પંચ દ્વારા તા.૦૧.૦૧.૨૦૨૫ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હેઠળ તા.૧૭, ૨૩ અને ૨૪મી નવેમ્બરના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ તથા અન્ય ચાલુ દિવસો દરમિયાન થયેલી સુધારણામાં સુરત જિલ્લાની ૧૬ વિધાનસભા વિસ્તારના લાયક મતદારોએ મોટી સંખ્યામાં હકક-દાવા, સુધારા-વધારા માટે અરજીઓ રજુ કરી હતી.

ઝુંબેશ દરમિયાન કુલ ૭૭,૯૪૬ જેટલા ફોર્મ ભરાયા હતા. જેમાં નવા મતદારો માટે ફોર્મ નં.૬ હેઠળ ૧૮-૧૯ વર્ષના મતદારોએ ૧૧૭૩૩ તથા ૨૦ થી ૨૯ વર્ષના વયજુથમાં ૯૮૩૯ ફોર્મ, ફોર્મ-૬(ખ) હેઠળ ૧૮૧૬, ફોર્મ-૭ હેઠળ નામ કમી કરવા માટેના ૭૬૫૧ જેટલી અરજીઓ, મતદારયાદીમાં સુધારા વધારા કરવા માટે ૩૮૨૧૪ અરજીઓ મળી હતી. આમ કુલ ત્રણ દિવસ ઉપરાંત અન્ય દિવસોમાં મામલતદાર કચેરીઓમાં આવેલી અરજીઓ મળી કુલ ૭૭,૯૪૬ જેટલા ફોર્મ ભરાયા હતા. ખાસ ઝુંબેશના દિવસોએ બી.એલ.ઓ. હાજર રહી મતદારો પાસેથી અરજીઓ સ્વીકારી હતી. આમ મતદારયાદી સુધારણાની સમગ્ર ઝુંબેશ દરમિયાન ૭૭૯૪૬ જેટલી અરજીઓ મળી હતી.

# સધર્ન ગુજરાત ચેમ્બર અને શ્રીલંકાના અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે બેઠક

## ભારત અને શ્રીલંકા વચ્ચેના સંબંધોને મજબૂત કરવા અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાના પ્રયાસો

સુરત, તા.૨૬

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, તત્કાલીન નિવૃત્ત પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા અને માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુક્લએ સિલોન ચેમ્બર ઓફ કોમર્સના નેજા હેઠળ શ્રીલંકાના અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે બેઠક યોજી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'ભારત હવે વિશ્વની ચોથી મહાસત્તા બનવા તરફ આગળ વધી રહી છે અને તેથી સમગ્ર વિશ્વને ભારતમાં વેપારની અપ્રતિમ તકો ઉપલબ્ધ છે. તેમણે વિસ્તારપૂર્વક ભારતના ઉદ્યોગપતિઓને શ્રીલંકામાં અને શ્રીલંકાના ઉદ્યોગપતિઓને ભારતમાં કેટલી વિશાળ તકો ઉપલબ્ધ છે તેનો ચિતાર આપ્યો હતો.'

ટૂંક સમયમાં આ અગાઉ બંને સંસ્થાઓ વચ્ચે થયેલા મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીગ (MoU)ના આધારે વેપાર-વિકાસની તકો ઉભી કરવામાં આવશે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ શ્રીલંકાના ઉદ્યોગપતિઓને ભારતના ક્યા-ક્યા ઉદ્યોગોમાં વધુ રસ પડશે અથવા તો અત્યાર સુધી વણખેડાયેલી નવી ક્ષિતિજો આંબવા માટે કેટલી વિશાળ તકો છે તેનો ખ્યાલ આપ્યો હતો.

તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી રમેશ વઘાસિયાએ ચેમ્બર કઈ રીતે સમગ્ર વિશ્વના વિવિધ દેશોને એક મંચ પર લાવી રહી છે અને તે માટે ચેમ્બર દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો.

સિલોન ચેમ્બર ઓફ કોમર્સના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર મિ.બુવાનેકાબાહુ પેરેરાએ શ્રીલંકાના બિઝનેસ લેન્ડસ્કેપ વિશે માહિતી આપી હતી. સાથે જ તેમણે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર અને સહયોગની સંભાવનાઓ પર ભાર મૂક્યો હતો. આ બેઠકમાં મુખ્યત્વે

અનુસંધાન પાના ૭ પર



દર વર્ષે શિયાળામાં સુરતમા વિદેશી શિગલ પક્ષીઓનું મોટા પ્રમાણમાં આગમન થાય છે. ઠંડા પ્રદેશોમાંથી યાયાવર પક્ષીઓ શિયાળો ગાળવા માટે સુરત આવતા હોય છે. વિયર કમ કોઝવે ખાતે વિદેશી પક્ષીઓએ મોટા પ્રમાણમાં પડાવ નાખ્યો હોવાનું આ તસ્વીરમાં નજરે પડે છે.

# ભરૂચમાં નવી જંત્રીની કિંમત મુદ્દે ખેડૂત વર્ગમાં જુદા જુદા અભિપ્રાય

## કેટલાક ખેડૂતો ખૂશ તો કેટલાકે કરેલો વિરોધ

ભરૂચ, તા.૨૬

ભરૂચ જિલ્લામાં જંત્રી બાબતે ગ્રામ્ય વિસ્તારોમાં વિરોધનોસુર સરકાર સામે ઉઠવા લાગ્યો છે.ત્યારે ક્યાંક ખેડૂતોમાં નવી જંત્રીના ભાવને લઈને ખુશી છે,તો ક્યાંક ખેડૂતો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે.

ભરૂચ જિલ્લો ઔદ્યોગિક દ્રષ્ટિએ હરણફાળ પડી રહ્યો છે,ત્યારે આવનારા પ્રોજેક્ટ ભરૂચ જિલ્લામાં ઘણી મોટી માત્રામાં જમીન સંપાદનની પ્રક્રિયા સરકાર દ્વારા કરવામાં આવે એવા એંધાણથી વાલીયા તાલુકાના તુણા ગામ ખાતે ગતરોજ જંત્રી ઓછી કરી દેવાના સંદર્ભમાં ભરૂચ તાલુકાના ડેરોલ ગામના વતની રણજીતસિંહ ડાભીના અગ્રસ્થાને પુણાગામ મંદિર ખાતે એક બેઠક બોલાવવામાં આવી હતી.જે બેઠકમાં તૂણા,સોડગામ, સહિત વિવિધ ગામના ખેડૂત અગ્રણીઓ બેઠકમાં હાજર રહ્યા હતા.

આ બેઠકમાં સરકાર સામે જંત્રી બાબતે વિરોધનો સુર જોવા મળ્યો હતો. અને આવનારા દિવસોની વાલીયા તાલુકાના ખેડૂતો ભરૂચ જિલ્લા કલેક્ટરને આ અંગે રજૂઆત કરી પોતાની જંત્રી વધારવાની માંગ કરવામાં કરશે તે માટે પણ ચર્ચા કરવામાં આવી હતી.આ પ્રસંગે આમોદ તાલુકાના ખેડૂત અગ્રણી રણજીતસિંહ ડાભી,વાલીયા તાલુકાના ખેડૂત અગ્રણી દિલીપસિંહ મહીડા,યોગેન્દ્રસિંહ સાંગલોટ, યોગેશ મહિડા, નરેન્દ્રસિંહ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

બીજી તરફ અંકલેશ્વર તાલુકાના ધંતુરીયા ગામે ભાડભૂત બેરેજ ડાબા કાંઠાના જમીન ગુમાવનાર ખેડૂતો ઉપસ્થિત રહી સરકાર દ્વારા નવા જંત્રી ના ભાવ અંગે ચર્ચા કરી હતી. અને સરકાર દ્વારા જે તે જગ્યાનો સાયન્ટિફિકલી સર્વે કરી જંત્રીના ભાવ રિવાઇઝ કર્યા

અનુસંધાન પાના ૭ પર

# શિક્ષણ બોર્ડ દ્વારા શાળાઓ પાસે વાર્ષિક રિપોર્ટ મંગાવાયો

## વાર્ષિક નિરિક્ષણ અહેવાલ ઓન લાઈન રજૂ કરવો પડશે

સુરત, તા.૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકો, આચાર્યો, શિક્ષકો તથા વહીવટી કર્મચારીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવાની કામગીરી ઓનલાઈન કરવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ઓનલાઈન ભરવાનો સમયગાળો તા.૧૯/૧૧/૨૦૨૪ થી તા.૧૫/૧૨/૨૦૨૪ સુધીનો રહેશે. શાળા દ્વારા બોર્ડની વેબસાઈટ www.gseb.rog અથવા ir.gseb.rog પરથી શાળાનાં ઈન્ડેક્ષ નંબર તથા પાસવર્ડનો ઉપયોગ કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરી શકાશે.વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ઓનલાઈન ભરવા અંગેની સૂચના બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. નિયત સમયમર્યાદામાં તમામ શાળાઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ફરજિયાત ઓનલાઈન ભરવા જણાવવામાં આવે છે.



શિયાળાની ઋતુમાં બજારમાં લીલા શાકભાજી ઉપરાંત લીલુ અને સુકા લસણની વિપુલ પ્રમાણમાં આવક થઈ રહી છે. સુરતના જથ્થાબંધ બજારમાં મહારાષ્ટ્ર અને દક્ષિણના રાજ્યોમાંથી સુકુ લસણ મોટા પ્રમાણમાં સુરતના બજારમાં ઠલવાય રહ્યું છે. સુકા લસણનો બજારમાં જંગી સ્ટોક હોવા છતાં ઉંચા ભાવ હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યાં છે.

# સુરત જિલ્લામાં બાળ મજૂરી નાબુદી અંગેની કામગીરીની સમિક્ષા કરાઈ

## ઓક્ટોબર મહિના દરમિયાન ૧ તરૂણ શ્રમિકનું પુનર્વસન કરાયું

સુરત, તા.૨૬

નિવાસી અધિક કલેક્ટરશ્રી વિજય રબારીની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરીના સભાખંડમાં ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સ કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં ઓક્ટોબર માસમાં બાળમજૂરી નાબૂદી અભિયાન હેઠળ કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં અધિક કલેક્ટરશ્રીએ બાળમજૂરીમાંથી રેસ્કયુ કરવામાં આવેલા બાળશ્રમિકોનું પુનર્વસન થાય તેમજ બાળમજૂરી અંગે વધુમાં વધુ જાગૃતિ કેળવાય તે માટે સૌને સાથે મળી કાર્ય કરવાનો અનુરોધ કર્યો હતો. જોખમી ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા બાળશ્રમિકોને રેસ્ક્યુ કરવા પર ભાર મૂકી બાળકો, તરૂણોનું ભવિષ્ય અંધકારમય ન બને એ માટે બાળમજૂરી કરાવતા લોકો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તેવો મત વ્યક્ત કર્યો હતો. બેઠકમાં મદદનીશ શ્રમ આયુક્ત એચ.એસ ગામીતે ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન બાળ

અનુસંધાન પાના ૭ પર

# શિયાળાની ઋતુ જામી, શહેરમાં સતત ઘટતું તાપમાન

## આગામી દિવસોમાં તાપમાનનો પારો હજુ ગગડશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૬

શિયાળાની ઋતુ જામી છે ત્યારે ન્યુનત્તમ અને મહત્તમ તાપમાનમાં થોડી ઘણી વધઘટ થવાનું યથાવત રહ્યું છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૧ ડિગ્રી ઘટવા સાથે ન્યુનત્તમ તાપમાનમાં પણ ૧ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. "હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર ગઈકાલે શહેરનું મહત્તમ તાપમાન ૩૨.૬ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. બપોર બાદ આ તાપમાનમાં એક ડિગ્રી ઘટીને ૩૧.૨ સેલ્પિસ ડિગ્રી નોંધાયું હતું. બીજી તરફ ન્યુનત્તમ તાપમાન ૨૧ ડિગ્રી હતું. જે આજે વહેલી સવારે એક ડિગ્રીના ઘટાડા સાથે ૨૦.૪ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૨ ટકા અને દરિયાની સપાટી ઉપર હવાનું દબાણ ૧૦૧૫.૩ મિલીબાર રહ્યું હતું. ઉત્તર દિશામાંથી પ્રતિ કલાક ૨ કિ.મીની ઝડપે ઠંડા પવનો ફુંકાયા હતા. શિયાળાની ઋતુમાં મોટે ભાગે હિમાલય પર્વતમાળામાં બરફ વર્ષા શરૂ થતા જ ઉત્તરીય પવનોને કારણે મોટા ભાગના શહેરમાં ઠંડીનું પ્રમાણ વધતું હોય છે ત્યારે આગામી દિવસોમાં હજી પણ તાપમાનનો પારો ગગડે અને ઠંડીનું પ્રમાણ વધવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે.

# પૂર્વ સૈનિકના સંતાનોને છાત્રાલયમાં પ્રવેશ મળશે

સુરત, તા.૨૬

સુરત સહિત ભરૂચ, તાપી, ડાંગ, નર્મદા, નવસારી તથા વલસાડ જિલ્લાઓમાં વસવાટ કરતા પૂર્વ સૈનિકો અને સ્વ. પૂર્વ સૈનિકોના ધર્મપત્નિઓના સંતાનો કે જેઓ સુરતના શૈક્ષણીક સંસ્થાઓમાં ધોરણ ૮ કે તેથી ઉપરના ધોરણમાં રેગ્યુલર વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા હોય તેમને રહેવા અને જમવા માટે ગૌરવ સેનાની ભવન ખાતે સૈનિક કુમાર છાત્રાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ છાત્રાલયમાં એડમીશન મેળવવા ઈચ્છુક માતા-પિતાએ કચેરીનો રૂબરૂ સંપર્ક કરી એડમીશન ફોર્મ મેળવી ને સત્વરે જમા કરવાના રહેશે. વધુ વિગતો માટે ટેલિફોન નંબર ૦૨૬૧-૨૯૧૩૮૨૦/ ૯૪૨૬૮૦૨૮૨૦ ઉપર સંપર્ક સાધવા સુરતના મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીની યાદીમાં જણાવાયું છે.



સૌના આત્મજ તથા સુરતમાં સ્વૈચ્છિક રક્તદાનની પરોપકારની મહાન સેવા પ્રવૃત્તિને આજીવન પ્રોત્સાહન આપનાર સ્વ. નરેન્દ્રભાઈ ગાંધીના જન્મ દિવસ નિમિત્તે નાનપુરા સ્થિત સુરત પીપલ્સ બેંક વહીવટી ભવન ખાતે નરેન્દ્ર ગાંધી મિત્ર મંડળ દ્વારા રક્તદાન શિબિર યોજવામાં આવી હતી. શિબિરમાં રક્તાંજલી સ્વરૂપે સ્વ. નરેન્દ્ર ગાંધીને સાચા અર્થમાં શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

# સુરત જિલ્લામાં ૫૩૮ જેટલા લીસ્ટેડ બુટલેગરો સક્રિય હોવાની ફરિયાદ

## દારૂબંધીનો કડક અમલ કરવા રાજ્ય પોલીસ વડાને દર્શન નાયકની ફરિયાદ

સુરત, તા.૨૬

સુરત જિલ્લામાં અને ખાસ કરીને સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દારૂના વેચાણ, ઉત્પાદન અને હેરફેર કરતા બુટલેગરો અને ઈસમો સામે તાકીદે કડકમાં કડક પગલાં લેવા બાબત, તેમજ પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ, ઉત્પાદન તથા હેરફેર અન્વયે તટસ્થ અને પ્રામાણિક અધિકારીઓની નિમણૂક કરી બુટલેગરો ઉપર યોગ્ય અને કડક કાર્યવાહી કરવા બાબતે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા ગુજરાત રાજ્ય પોલીસ મહાનિર્દેશકને કરાયેલી લેખિત ફરિયાદમાં જણાવાયું છે. કે જિલ્લા અને શહેરના વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ક્રાઈમ રેટ વધી રહ્યોછે. સુરત જિલ્લા અને શહેરમાં ગંભીર ગુનાઓ જેવા કે ખૂન, બળાત્કાર, લુંટ વિગેરે જેવા ગંભીર ગુનાઓ દિન પ્રતિદિન વધી રહેલ છે. તેમજ છેલ્લા ઘણા વર્ષોથી ગેરકાયદેસર રીતે દારુ તેમજ અન્ય પ્રતિબંધિત વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ પણ દિન પ્રતિદિન વધી રહ્યુંછે. સુરત શહેરના વિસ્તારોમાં અનેક જગ્યાએ દારૂગાળવાના અડ્ડાઓ જોવા મળે છે અને યુવાનો દારુ અને નશાયુકત પદાર્થો તરફ ખુબ ઝડપથી વધી રહ્યા છે અને તેનું દિન પ્રતિદિન સેવન કરી રહ્યા છે.જે ખૂબ જ ગંભીર બાબત છે. નશાયુકત પદાર્થોનું સેવન કરવાથી સમાજમાં ગંભીર ગુનાઓમાં વધારો

અનુસંધાન પાના ૭ પર

# વિકસિત ભારત સ્પર્ધાનું આયોજન વડાપ્રધાન મોદીને મળી શકવાની તક

સુરત, તા.૨૬

દેશભરમાં તા.૨૫મી નવેમ્બરથી તા.૫મી જાન્યુઆરીએ વિકસિત ભારત સ્પર્ધાનો આરંભ થશે. આ સ્પર્ધામાં ઉતીર્ણ થનારા યુવાનોને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીને મળવાનો અવસર મળશે.

કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખભાઈ માંડવિયાએ કહ્યું હતું કે, દેશના યુવાનોને સશક્ત બનાવવા અને વિકસિત ભારત વિશે વડા પ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના દ્રષ્ટિકોણ મુજબ રાષ્ટ્રીય યુવા મહોત્સવની કલ્પના કરવામાં આવી છે. ૨૦૨૫ના વર્ષે ૧૧ અને ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ એ "વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. આ બે દિવસીય કાર્યક્રમ દરમિયાન વડા પ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજી દિલ્હી ખાતે ભારત મંડપમમાં ૩૦૦૦ યંગ લીડર્સ સાથે ચર્ચા કરશે.

નહેરૂ યુવા કેન્દ્ર (MY Bharat) સુરતના જિલ્લા યુવા અધિકારી શ્રી સચિન શર્મા એ જણાવ્યું કે, વિકસિત ભારતની સ્પર્ધામાં તા.૨૫ નવેમ્બરથી તા.૫ ડિસેમ્બર વચ્ચે થશે. ભાગ લેવા માટે ૧૫ થી ૨૯ વર્ષની ઉંમરના યુવાનો માય ભારત પ્લેટફોર્મ પર નોંધણી કરી શકશે. ક્વિઝ સ્પર્ધાના વિજેતાઓ આગામી તબક્કામાં નિબંધ અથવા બ્લોગ લેખન સ્પર્ધામાં ભાગ લઈ શકાશે. જેમાં વિજેતાઓ રાજ્ય સ્તરીય વિકસિત ભારત વિઝન પ્રસ્તુતિ અને ભારત મંડપમમાં રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં ભાગ લેશે. રાષ્ટ્રીય યુવા મહોત્સવ કાર્યક્રમની વધુ જાણકારી માટે નેહરુ યુવા કેન્દ્ર ( માય ભારત ) જીલ્લા યુવા કચેરી, રેશમ ભવન, લાલ દરવાજા, સુરત પર સંપર્ક કરી શકાશે.

## તા.૧૧ અને ૧૨મી જાન્યુઆરીએ વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ કાર્યક્રમનું આયોજન

# કાપડ બજારના લાખાણી પિતા-પુત્રનું કરોડોમાં ઉઠમણું

## અલથાણના કાપડ વેપારીના રૂપિયા ૨ કરોડ સલવાયા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૬

રીંગરોડ ગૌતમ ટેક્ષટાઈલ માર્કેટમાં શ્રી રામ રેયોન્સના નામે કાપડનો વેપાર કરતા વેપારી પિતા-પુત્રએ ભીમરાડ કેનાલ રોડ ખાતે રહેતા વેપારી પાસેથી રૂ.૨ કરોડનું ગ્રે કાપડ ઉધારમાં ખરીદી તેના પેમેન્ટ પેટે આપેલા ચેક રિટર્ન કરાવવા ઉપરાંત દુકાન અને ઘર બંધ કરી ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. આ છેતરપિંડી અંગે ગ્રે કાપડના વેપારીએ ગઈકાલે ક્રાઈમ બ્રાંચમાં છેતરપિંડીની ફરીયાદ નોંધાવી હતી. "ક્રાઈમ બ્રાંચ પોલીસ સ્ટેશનેથી મળતી વિગત અનુસાર અલથાણ ભીમરાડ કેનાલ રોડ ખાતે સ્વાગત ફલીપટોનમાં રહેતા રાજ જયંતિ ભગત ઉ.વ.૨૭ ગ્રે કાપડના વેપારી છે. દરમિયાન રીંગરોડ ગૌત્તમ ટેક્ષટાઈલ માર્કેટમાં શ્રી રામ રેયોન્સના નામે કાપડનો વેપાર કરતા હર્ષદકુમાર મધુભાઇ લાખાણી અને તેના પિતા મધુભાઇ લાખાણી (રહે. આશાનગર, ઉધના)એ સને ૨૦૨૨માં કાપડ વેપારી રાજ ભગતનો સંપર્ક કરી વેપારી શિરસ્તા પ્રમાણે નાણાનું ચુકવણું કરવાની તેમજ આપણે એક જ સમાજના છીએ અને હાલ ગ્રે કાપડની જરૂર છે તેમ કહી કુલ રૂ.૨.૧૮ કરોડનું ગ્રે કાપડ ઉધારીમાં ખરીદી કર્યું હતું. જેનું

અનુસંધાન પાના ૭ પર



અંકલેશ્વર તાલુકા ના સજોદ ગામ માં પ્રસિધ્ધ શ્રી ચંદ્રમોરેશ્વર મહાદેવ મંદિરે નૂતન મંદિર નિર્માણ થઈ રહ્યું છે તેમાં તારીખ ૨૫ નવેમ્બર સોમવાર ના શુભ મૂહૂર્ત મા શિલાન્યાસ વિધી કથાકાર શ્રી વિનોદ ભાઇ શાસ્ત્રીજી બાપજી નાં વરદહસ્તે સાધુ સંતો બ્રાહ્મણો અને સજોદ ગામ તથા આજુબાજુ ની ધર્મપ્રેમી જનતા તથા સુરત થી પણ મોટી સંખ્યામાં લોકો અહીં આવી ખૂબ જ ધર્મ મઈ વાતાવરણમાં સંપન્ન થઈ હતી.







# ટ્રાવેલ પ્લસઃ પટ્ટાઈનું વિશ્વનું મોટું સામૂહિક રૂસ્ટિંગ રૂફ – કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદર

ગુલાબી ઠંડીની મોસમ પૂરબહારમાં ખીલી છે ત્યારે આપણા દેશમાં અને રાજ્યમાં વનરાઈ અને વગડો જાણે આપણને બોલાવી રહ્યો હોય છે. ધીરે ધીરે સાઈબિરીયન અને ઉત્તર ધ્રુવીય પ્રદેશોમાંથી પંખીઓએ સફર ખેડવાની શરૂઆત કરી છે. ગુજરાત રાજ્યનાં કાઠિયાવાડ વિસ્તારમાં ખેતીનું પ્રમાણ વધારે હોઈ પ્રાકૃતિક વારસો અદ્દલ સચવાયો છે અને સીમ-વાડી વિસ્તાર મન મૂકીને ખૂંદવા જેવા છે. આવા જ સીમ વિસ્તારથી ઘેરાયેલ પ્રદેશમાં વિશાળ ઘાસનું મેદાન આવેલું છે જેમાં અઢળક યાયાવર પક્ષીઓ, સ્થાનિક વન્યજીવો, પ્રાણીઓ વગેરે કુદરતી માહોલમાં વસવાટ કરે છે જે કાળિયાર રાષ્ટ્રિય ઉદ્યાન તરીકેનો દરજ્જો ભોગવે છે. અહીંના જીવને એમનાં મિજાજમાં જોઈએ એટલે તેઓ આપણી સાથે ખરેખર સંવાદ કરતા હોય એવું દીસે.

સૌરાષ્ટ્રનાં મુખ્ય મથક ભાવનગરથી આશરે ૪૦ કિમિના અંતરે વેળાવદર નામનાં નાનકડાં ગામની સીમમાં બ્લેકબક નેશનલ પાર્ક આવેલો છે જે વિશ્રવભરનાં પટ્ટાઈઓનું શિયાળુ ઘર છે. અહીં પટ્ટાઈઓનો વિશ્રવનો સહુથી મોટો સમૂહ દર વર્ષે શિયાળાનાં ઓક્ટોબર માસથી લઈને છેક માર્ચ મહિના સુધી જોવા મળે છે. પટ્ટાઈ એટલે એક પ્રકારનું શિકારી પક્ષી જે ઘાસમાં થતી કિટકોની પ્રજાતિ પર નભે છે. ૧૫મી ઓકટોબરથી દેશભરના રાષ્ટ્રિય ઉદ્યાનો પ્રકૃતિ પ્રેમીઓ માટે ખુલ્લાં મુકાયા છે ત્યારે આ ઉદ્યાનની મુલાકાત લેવી જ રહી. કાઠિયાવાડમાં આવેલા ભાવનગરનાં રાજવી પરિવારની જમીન આઝાદી પહેલા શિકારનાં મેદાન તરીકે વપરાતી હતી અને મહારાજા સાહેબ ચિત્તાને સાથે રાખીને અહીં બ્લેકબક એટલે કે કાળિયારનો શિકાર કરાવડાવતાં અને મોજ માણતા હતા. પ્રકૃતિ અંતે તો સહુ કોઈને પોતાનાં તરફ ખેંચીને હ્રદય પરિવર્તન કરે જ છે. આખરે રાજ પરિવાર સંરક્ષણ તરફ વળ્યો અને કાળિયારને રક્ષણ આપ્યું.

આખરે આ સ્થળ સરકાર હસ્તગત કરવામાં આવ્યું અને રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે અહીં વસતા વન્યજીવોને સંરક્ષણ પૂરું પાડ્યું. આજે અહીં અઢળક સંખ્યામાં કાળિયાર ઉછળતા કૂદતાં જોવા મળે. દરેક કાળીયારના પગમાં જાણે કોઈ કુદરતી સ્પ્રિંગ ગોઠવેલી હોય એ રીતે ત્વરા અને જુસ્સાથી આશરે ચારેક ફૂટથીય પણ ઊંચો કૂદકો મારી શકે છે અને એ પણ સતત લાંબા અંતર સુધી. અહીં આશરે ૫૦૦૦ કરતાં વધારે કાળિયારની સંખ્યા ૩૪ ચોરસ કિ.મિ. વિસ્તારના ઉદ્યાનમાં જોવા મળે છે. માત્ર અભયારણ્ય વિસ્તાર જ નહિ પણ આસપાસનાં વિસ્તારમાં પણ કાળિયાર દોડીને રખડતાં જોવા મળે છે. સૂર્યોદય સમયે વિશાળ લહેરાતા ઘાસનાં મેદાનમાં કાળિયારને જોવા એ એક લહાવો છે. કાળિયાર પોતાનાં વિસ્તાર પર પ્રભુત્વ જમાવવા માટે બીજા નર સાથે લડાઈ કરે છે જે લડાઈમાં એક બીજાને ગંભીર રીતે ઘાયલ પણ કરે છે એ સિવાય સંવનન કાળ દરમિયાન પણ કાળિયાર એકબીજા નર સાથે હરીફાઈના ભાગ રૂપે લડતા હોય છે. કાળિયાર સિવાય અહીં ઝરખ, વરુ, શિયાળ વગેરે જોવા મળે છે. વિશ્રવભરમાંથી પક્ષીવિદો ખાસ અહીં પટ્ટાઈઓને જોવા અને અભ્યાસ કરવા માટે આવે છે. અહીં પુષ્કળ પ્રમાણમાં ઘાસ પાર બેસ્ટ તીડ જોવા મળે છે અને એ તીડને ખોરાક તરીકે ઉપયોગમાં લઈ શકાય માટે અહીં પટ્ટાઈઓ આવે છે. પટ્ટાઈ એ એક વિશિષ્ટ પ્રકારનું શિકારી પક્ષી છે જે ખૂબ જ ત્વરાથી હવામાં શિકાર કરી જાણે છે. અહીં વિશ્રવમાં ક્યાંય ન જોવા મળે એટલી પટ્ટાઈઓ એક સાથે જોવા મળે છે. દિવસ દરમિયાન પાર્ક છોડીને પટ્ટાઈઓ સીમ વિસ્તારમાં ફરતા હોય છે અને ઢળતી સાંજે ફરી તેઓ આકાશમાં એક સાથે વિશાળ ચક્કર મારીને પાર્કમાં સુરક્ષિત રીતે આરામ ફરમાવે છે અને આ ક્રમ દર વર્ષે શિયાળા દરમિયાન ચાલુ જ રહે છે. વેળાવદર નેશનલ પાર્કના વગડામાં પાન પટ્ટાઈ, પટ્ટી પટ્ટાઈ, ઉજળી પટ્ટાઈ જેવી અનેક જાતો જોવા મળે છે.

પટ્ટાઈઓ સિવાય અહીં ૨૫૦ કરતાં પણ વધુ પ્રકારનાં પક્ષીઓ જોવા મળે છે જેમાં સ્થાળાંતર કરતાં પક્ષીઓનો મોટો મેળાવડો આખા શિયાળા દરમિયાન જામે છે. ક્યારેક અહીં આકાશમાં જ નાનકડાં સ્થાનિક પક્ષી અને શિકારી પક્ષી વચ્ચે અસ્તિત્વને ટકાવી રાખવાની લડત જોવા મળે છે. કંઈક નોખું કે અનોખું જોવા માટે સહુથી નજીક અને શાંત સ્થળ એટલે કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન વેળાવદર. વેળાવદર નેશનલ પાર્ક પહોંચવા માટે ભાવનગરથી પહોંચી શકાય છે. અહીં સફારી માટે ડાયરેક્ટ પાર્ક વિન્ડો પરથી જ બુકીંગ કરી શકાય છે અને જીપ્સી તથા પોતાના વાહનમાં સફારીનો આનંદ લઈ શકાય છે. પક્ષીઓને સારી રીતે માણી શકાય માટે સવારના છ વાગે પાર્ક ખુલે છે એટલે વહેલી સવારે જવું જ હિતાવહ છે. અહીં પાર્ક અંદર પ્રવેશતા જ ઈન્ટરપ્રિટેશન સેન્ટર છે જ્યાં અહીં દેખાતા દરેક પક્ષીઓ અને પ્રાણીની પ્રતિકૃતિ, તસવીરો, અભ્યાસ ઉપયોગી માહિતી, તેઓનું વર્તન વગેરેની સંપૂર્ણ સમજ દર્શાવેલી છે. અહીં નાનકડાં તળાવો છે જે અહીંના વન્યાજીવો માટે આશીર્વાદ સમા છે. આ પાર્ક જલ પ્લાવિત ક્ષેત્ર એટલે કે વેટલેન્ડ અને ગ્રાસલેન્ડ એમ બે વિસ્તારોમાં વહેંચાયેલો છે. વેટલેન્ડ વિસ્તારમાં પાણીમાં વસતા પક્ષીઓ શિયાળુ મુલાકાત લે છે જેમાં હંસ, રાજહંસ, ગાજહંસ, કાજિયાઓ, ગુલાબી પેણ વગેરે જોવા મળે છે.

સામાન્ય રીતે ઓક્ટોબર મહિનાનાં અંત સુધીમાં અહીં પક્ષીઓ આવવા લાગે છે અને માર્ચ મહિનાનાં અંત સુધી તેઓ અહીં જ વસવાટ કરે છે. ગ્રાસલેન્ડ વિસ્તારમાં નાનકડા પક્ષીઓ જેવા કે સાઈબિરીયન સ્ટોનચેટ, યુરેશિયન રોલર, વર્ષા લાવરી, ચંડુલ, લટોરો, દેવચકલી જેવી અઢળક જાતો અહીં જોઈ અને સાંભળી શકાય છે, શિકારી પક્ષીઓમાં ફાલ્કન, સાપમાર ગરુડ, શકરો, બાજ, શાહી ઝુમ્મ્સ, ઈગલ આઉલ વેગેરે શિકાર કરતા હોવા મળે છે. અહીં કુદરતે દરેકને પૂરતા પ્રમાણમાં ખોરાક મળી રહે તેવા યોગ્ય વાતાવરણની રચના કરી છે. બ્લેકબક નેશનલ પાર્ક સામાન્ય રીતે ૧૫મી ઓક્ટોબરથી મુલાકાતીઓ માટે ખુલ્લો મૂકવામાં આવે છે જે ૧૫મી જૂન સુધી ખુલ્લો રહે છે. સવારે ૬-૩૦ થી ૧૧ સુધીની પહેલી સફારી હોય છે ત્યાર બાદ બપોરે ૨-૩૦ થી સૂર્યાસ્ત સુધી બીજી સફારી કરી શકાય છે. જોકે પાર્કમાં આખો દિવસ પણ વિતાવી શકાય છે, અહીંનું મુખ્ય આકર્ષણ વરુ અને ઝરખ છે. શાંત રહીને ધીરજથી શોધીએ તો સોનેરી ઘાસમાં વરૂને ક્યારેક શિકાર કરતું તો વળી ક્યારેક રસ્તા પર મહાલતું જોઈ શકાય છે.

આ સિવાય સૂર્યોદય પછી બધા જ કાળિયાર એક તરફથી બીજી તરફ જતા હોય ત્યારે એમને હજારોની સંખ્યામાં એક સાથે જોવા એ સુવર્ણ તક છે.

અહીં રહેવા માટે એક સામાન્ય સુવિધાઓ સાથે વનવિભાગ તરફથી ડોર્મેટરીની વ્યવસ્થા છે જે નજીવા ખર્ચે બુક કરાવી શકાય છે અને અહીં રહીને જ એક બે દિવસ પાર્કનો આનંદ લઈ શકાય. આ સિવાય આસપાસ એક બે રિસોર્ટ્સ છે જ્યાં રહીને પણ પાર્કને માણી શકાય. બ્લેકબક નેશનલ પાર્કને સારી રીતે જોવા માટે આશરે બે દિવસ ઘણા છે પણ હું જેટલી વાર આ પાર્કમાં ગયો છું મને હંમેશા કંઈક ને કંઈક નવું મળ્યું જ છે. ગુજરાતનાં નૈસર્ગિક વાતાવરણમાં ખૂબ સુંદર સ્થળ તરીકે ઓછા જાણીતા એવા આ સ્થળની મુલાકાત બાળકોમાં જિજ્ઞાસા અને પ્રકૃતિપ્રેમની ભાવના અચૂક જગાવી શકે છે. આ સ્થળે કોઈ પણ જાતના આગોતરા બુકીંગ કે પ્લાનિંગ વગર પણ જઈ શકાય છે. વધારે દૂર ન જતા પરિવાર સાથે આ સ્થળને માણ્યું હોય તો પણ એક અલગ આનંદનો અનુભવ મેળવી શકાય. ટૂંકમાં પ્રકૃતિથી નજીક જવાનાં દરેક રસ્તાઓ સરળ છે જો આપણે પ્રયત્નો કરીએ તો અને તો જ..



# વિદેશી હૂંડિયામણની અનામતમાં વધુ ૬.૪૭૭ અબજ ડોલરનો ઘટાડો

ગત આઠમી નવેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહેતાં વધુ ૬.૪૭૭ અબજ ડૉલર ઘટીને ૬૭૫.૬૫૩ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહમાં અનામત ૨.૬૭૫ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૮૨.૧૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. જોકે, તે પૂર્વે સપ્ટેમ્બરના અંતમાં વિદેશી હૂંડિયામણની અનામત ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૪.૪૬૭ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૮૫.૩૮૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સમીક્ષા હેઠળના સપ્તાહમાં ડૉલર સિવાયના યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૧.૯૩૬ અબજ ડૉલર ઘટીને ૬૭.૮૧૪ અબજ ડૉલર, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ છ કરોડ ડૉલર ઘટીને ૧૮.૧૫૯ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧.૪ કરોડ ડૉલર ઘટીને ૪.૨૯૮ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

# ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી : તરુણાવસ્થાએ કેવી નિર્દોષ ને નિઃસ્વાર્થ હોય છે આ દોસ્તી..

સતત બાર-બાર કલાકની ડ્યૂટી કરી નેહલ થાકી-પાકી રૂમ પર આવી. દરવાજો ખોલી લાઈટ્સ ઓન કર્યા વગર જ એ સોફા પર આડી પડી. રોજબરોજની આ મોનોટોનસ લાઈફથી કંટાળો આવવાની હજુ તો શરૂઆત હતી. શહેરની ખ્યાતનામ મેડિકલ કોલેજમાં ઈન્ટર્નશીપ કરતી નેહલને હજુ ઘણી લાંબી મંઝિલ કાપવાની હતી.

કોલેજના પ્રથમ દિવસથી એને ખ્યાલ આવી ગયેલો કે, અહીં સહુ એકબીજાના હરીફ હતાં. જરૂરિયાત પૂરતી મિત્રતા ને ખપ પૂરતી વાતો. ધેટ્'સ ઑલપ અંગત જીંદગીનાં બારણા ચપોચપ ભીડાયેલાં ને સ્વાર્થની ડોકાબારી ખુલ્લી. એમાં પણ, એની આસપાસ મોટાભાગના લોકો સતત મોબાઈલ અને સોશ્યલ મીડિયામાં વ્યસ્ત રહેતા એટલે પાસે રહેલા માણસના મનને જાણવાના પ્રયત્નો જ કોઈ કરતું નહીં.

વર્ષો થયે માત્ર ભણવા પર ધ્યાન આપતી નેહલને સોશ્યલ મીડિયા પર એક્ટિવ રહેવાનો ઘણો ઓછો ટાઈમ મળતો એટલે એણે લગભગ ડિજિટલ સંન્યાસ જ લઈ લીધેલો ગણાય, પણ આજે થાકના કારણે ઊંઘ નહોતી આવતી એટલે પરાણે ફરી લોગઈન થઈ. ત્યાં પહેલી પોસ્ટ પર એની નજર થંભી ગઈઃ આજે ફ્રેન્ડશીપ-ડે હતોપ

એક સમયની એની જીગરજાન મિત્ર એવી અનુષાએ સ્કૂલના છેલ્લાં દિવસે પાડેલો બન્નેનો 'ફ્રેન્ડસ ફોરએવર' ના બેનર સાથેનો ફોટો પોસ્ટ કરેલો. નીચે લખ્યું હતું :

'મિસ યુ મોર ઓન ધીસ ડેપ આ આપણે છીએ નેહલ, સ્કૂલના ફેરવેલમાં મસ્તી કરતાં બે ટીનએજર્સ. કેવું નવીન લાગે છે એ જોઈને કે, 'જીંદગીમાં ક્યારેય અલગ નહી થઈએ એવું બોલતા આપણે આજે અલગ-અલગ દિશાઓમાં વિખેરાઈ ગયા.'

નેહલની આંખોમાં આંસુ ધસી આવ્યા. પાંચ વર્ષ પહેલાનો સ્કૂલના છેલ્લાં દિવસનો એ માહોલ એની નજર સામે તરવરી ઉઠ્યોપ. સ્કૂલના ઓડિટોરિયમ, ગાર્ડન, મેદાન અને ક્લાસરૂમમાં છેલ્લી વાર આંટો મારતા, વાતો કરતાં, મસ્તી કરતાં સ્ટુડન્ટ્સનાં એ દ્રશ્યો જેટલાં સુંદર હતાં એટલાં આકરા પણ ખરા.

એ દરેકની તરુણાવસ્થાનો સૌથી ન ગમતો તબક્કો, જેમાં વર્ષો સુધી એકબીજા સાથે રહ્યા બાદ અચાનક બધું છોડવાનો-વિખૂટા પડવાનો વખત આવેપ બારમા ધોરણનો છેલ્લો દિવસ.

જ્યારે ભવિષ્ય અંગે અવઢવ હોય, જીંદગીમાં હવે આગળ શું થશે એ વિચારી નર્વસ થઈ જવાતું હોય.

પોતાના ફ્રેન્ડ્સ, એ જાણીતો માહોલ, ઘર જેવી બની ગયેલી શાળાના પ્રાંગણને અલવિદા કહેવાની ઘડીપ દરેક ટીનએજરના જીવનમાં બનતો આ એક અણગમતો પ્રસંગ છે, જે નેહલ અને અનુષાના જીવનમાં પણ આવેલો.

નેહલ-અનુષા બન્ને એકસરખા તેજસ્વી. ભણવા-ગણવામાં, ઈત્તર પ્રવૃતિઓમાં આગળ. ખૂબ મહેનતુ અને શિસ્તતામાં પણ અવલ. એવા એ બન્ને સ્કુલમાં બધા શિક્ષકોના પ્રિય સ્ટુડન્ટ્સ.

બન્ને વચ્ચે મિત્રતા પણ એવી કે, ભલભલાને ઈર્ષ્યા જન્માવે, પણ માત્ર એક જ તફાવત. બન્નેની કેરિયર ચોઈસ અલગ. નેહલને ડોક્ટર બનવાનું સ્વપ્ન તો અનુષા માટે કમ્પ્યુટર સાયન્સ પ્રથમ ખ્વાબ. દિવસનો મોટાભાગનો સમય સાથે પસાર કરતી બન્ને બહેનપણીને ખ્યાલ હતો જ કે વ્હેલુ-મોડું આપણે જુદા થવાનું છે, પણ મનથી એ બન્ને ખૂબ મજબૂત અને મહાત્ત્વાકાંક્ષી સ્વભાવ એટલે એકબીજા સાથે રહેવા કેરિયર બદલવા જેવી મૂર્ખામી એ બન્નેમાંથી કોઈએ કરી નહી.

અંતે પરીક્ષાઓ પતી, પરિણામ આવી ગયાં. નેહલ-અનુષા ઉચ્ચ અભ્યાસાર્થે ઉતર- દક્ષિણ દિશામાં ફંટાઈ ગયા. કમ્યુનિકેશન ઘટતું ગયું, હળવા-મળવાનું ઓછું થયું, ફોન કોલ્સ નહિવત થયા, પણ બન્નેની મિત્રતા અને સ્નેહ અકબંધ રહ્યા.

નેહલ ક્યારેક એના સ્કૂલના દિવસોને બહુ મિસ કરતી. અનુષાની પોતાના પરત્વેની એ કાળજી યાદ અવી જતી. કોલેજમાં રખાતી સ્વાર્થી મિત્રતાથી એને ચિતરી ચડતી, પણ કેરિયર બનાવવામાં વ્યસ્ત નેહલ પાસે એવો સમય નહોતો કે એ સતત અનુષાના સંપર્કમાં રહે તો સામા પક્ષે અનુષાને પણ પોતાની દુનિયામાં ખોવાય જતાં વાર લાગતી નહીં.

જોકે, સમય મળ્યે બન્ને એકબીજાને સોશ્યલ મીડિયા પર પંપાળતા રહે. એકબીજાની સ્ટોરીઝ લાઈક કરે, પોસ્ટ પર કમેન્ટ્સ કરે, વખાણ કરે, પ્રેમ જતાવે. એની પણ ધીરે-ધીરે એક પ્રકારે ઘરેડ બની ગયેલી એટલે એમાં પણ નેહલને આત્મિયતાનો અભાવ વર્તાતો.

જોકે, આજે અનુષાની પોસ્ટ અને એનું લખાણ વાંચી નેહલથી ના રહેવાયું. એણે સમય જોયા વગર સીધો ફોન જોડી દીધો. સામા છેડે બોલાયેલા 'હલ્લો'ના રણકાર સાંભળતાની સાથે નેહલે વર્ષો સુધી રોકી રાખેલો આંસુઓનો બંધ જાણે તૂટી ગયો હોય એમ એ ડૂસકાં ભરવા લાગી.

સામે છેડે અનુષા ઘડી-બેઘડી સ્તબ્ધ થઈ ગઈ. એ કશું બોલી શકી નહી. એની આંખોમાં પણ આંસુ તગતગી ઉઠ્યાં. હા, એવી કોઈ ઘટના બની નહોતી કે આમ રોવું પડે, પરંતુ તેમ છતાં બન્નેને ખ્યાલ હતો કે, શા માટે આવું થાય છે. અંતે અનુષાએ ખોંખારો ખાઈ પહેલ કરીઃ 'યાર, બોલને કંઈક, કેટલું રોઈશ?' અને પછી આંસુઓ માફક વાતોનો બાંધ પણ આજે તૂટી ગયો.

તમે ગમે તેટલાં આગળ વધો, નવા મિત્રો બનાવો, નવા સંબંધોમાં બંધાતા જાઓ. પરંતુ, જેની સાથે બાળપણ અને તરુણાવસ્થા વિતાવેલી છે એવા મિત્રો જેવો નિર્દોષ આનંદ અને નિસ્વાર્થ સ્નેહ ક્યાંયથી નહીં મળેપ એ વાસ્તવિકતા સાથે આજે યુવાનીમાં ડગ માંડતી નેહલ-અનુષા બન્નેને પરિચય થઈ ગયો.

# બાળકોની સાર્થક ભાગીદારી જરૂરી છે લોકશાહીની સુધારણા માટે

પરિવર્તનના વૈશ્વિક ઈતિહાસમાં ઘણી સફળ વાર્તાઓના હિરો બાળકો રહ્યા છે. ગ્લોબલ વૉર્મિંગ જેવી પર્યાવરણીય કટોકટી ધ્યાનમાં આવતાં જ ગ્રેટા થનબર્ગ અને તેનું 'ફ્રાઈડે ફોર ફ્યુચર' જેવું આંદોલન આપણી નજર સમક્ષ દેખાવા લાગે છે. આ સ્વીડિશ કિશોરીએ ગ્લોબલ વૉર્મિંગ વિશેની તેની ચિંતાથી વિશ્વભરના રાજકારણીઓને ચોંકાવી દીધા છે. જે ઉંમરે છોકરીઓ ઢીંગલીઓ સાથે રમે, દિવસમાં કેટલીક વાર મેકઅપ કરે, તે ઉંમરે ગ્રેટા થનબર્ગે આબોહવા મુદ્દે વૈશ્વિક ચળવળનું નેતૃત્વ કર્યું હતું અને તેના આંદોલનને ગંભીરતાથી લેવા માટે, તેણે શાળા છોડી દીધી હતી અને સંસદ ભવનની બહાર વિરોધ કરવાનું શરૂ કર્યું હતું. જે ટૂંક સમયમાં જ 'ફ્રાઈડે ફોર ફ્યુચર' નામનું વૈશ્વિક ચળવળ બની ગયું અને લાખો યુવાનો અને બાળકોએ તેમાં ભાગ લીધો અને રાજકારણીઓને એવા પ્રશ્નો પૂછ્યા કે જેના જવાબ તેઓ આપી શક્યા નહીં. ગ્રેટા થનબર્ગ અને તેના આંદોલને માત્ર સ્વીડન પર જ નહીં પરંતુ એક ડઝનથી વધુ દેશોની સરકારો પર દબાણ કર્યું. પછીથી પણ, ગ્લોબલ વૉર્મિંગને વળતર આપવા માટે જર્મની અને અમેરિકા જે રકમ ચૂકવવા સંમત થયા તેમાં આ ચળવળનો મોટો ફાળો છે.

પરિવર્તનના વૈશ્વિક ઇતિહાસમાં, એકલી ગ્રેટા થનબર્ગની વાત જ નથી, જેણે કોઈપણ મોટા આંદોલનમાં મોટી ભૂમિકા ભજવી હોય. તેમજ આ ડિજિટલ યુગની માત્ર એક ઘટના નથી, જ્યારે બાળકો માટે એકબીજા સાથે જોડાવા માટે ઘણા પ્રકારના રિમોટ સંસાધનો ઉપલબ્ધ છે. ભારતમાં સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન એટલે કે લગભગ ૮૦ વર્ષ પહેલા ઈન્દિરા ગાંધીએ 'વાનર સેના'ની રચના કરીને સ્વતંત્રતા ચળવળમાં અનોખું યોગદાન આપ્યું હતું. એમાં કોઈ શંકા નથી કે સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન આ બાળ સંસ્થાને મોટા સ્વાતંત્ર્ય સેનાનીઓનું રક્ષણ હતું, પરંતુ ઈન્દિરા ગાંધીની વાનર સેનાની તમામ પ્રવૃત્તિઓ બાળકો દ્વારા જ કરવામાં આવતી હતી. બાળકો પોતાની રીતે આ બધી પ્રવૃત્તિઓ કેવી રીતે હાથ ધરવી તે નક્કી કરતા હતા. ચોક્કસપણે, મહાત્મા ગાંધી જેવા મહાન સ્વાતંત્ર્ય સેનાનીનું દિમાગ અને નેતૃત્વ વાનર સેનાના આ સમગ્ર ખ્યાલમાં સામેલ હતું. તેમ છતાં, બાળકોએ જે રીતે તેમને આપવામાં આવેલી ભૂમિકાઓ અથવા હાવભાવ દ્વારા દર્શાવવામાં આવેલા કાર્યોને આઝાદીની લડાઈ દરમિયાન અંજામ આપ્યો, તેના ઉલ્લેખ વિના ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનો ઈતિહાસ લખી શકાય તેમ નથી.

તાજેતરના વર્ષોમાં, આપણે આવુ જ ચુંબકીય કિશોર નેતૃત્વ આપણા પડોશી કટ્ટરવાદી દેશ અફઘાનિસ્તાનમાં જોઈ શકીએ છીએ. પાકિસ્તાનમાં જન્મેલી મલાલા યુસુફ ઝઈએ છોકરીઓના શિક્ષણના અધિકાર માટે એ તાલિબાન સામે મજબૂત અવાજ ઉઠાવ્યો હતો, જેનો સામનો કરતા મોટા આંદોલનકારીઓ પણ ડરતા અને અચકાતા હતા. જો કે, તાલિબાને મલાલાને ખૂબ ડરાવી અને ધમકાવી, માત્ર એટલું જ નહીં જ્યારે તે આ બધાથી ન માની ત્યારે તેને ગોળી મારી દીધી. પરંતુ જબરદસ્ત આત્મવિશ્વાસથી ભરેલી મલાલાએ એક અપવાદ તરીકે તાલિબાન સામે ઝૂકવાનું સ્વીકાર્યું નહીં. તેના નિશ્ચયથી આખી દુનિયા પ્રભાવિત થઈ ગઈ અને જ્યારે તાલિબાને આ યુવતીને ગોળી મારી, ત્યારે આખી દુનિયા તાલિબાનની સામે ઉભી થઈ ગઈ. મલાલાને વિશ્વની શ્રેષ્ઠ મેડિકલ સુવિધાઓ મળી. તે બચી ગઈ અને માત્ર અફઘાનિસ્તાન અથવા દક્ષિણ એશિયામાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં બાળ અધિકાર માટેની લડતનો સૌથી ફેમસ ચહેરો બની ગઈ. નોબેલ સમિતિએ તેમને ભારતના કૈલાશ સત્યાર્થી સાથે નોબેલ પુરસ્કાર એનાયત કર્યો હતો.



અરાઉન્ડ ધ વર્લ્ડ : ગાયલેન-કિલ્લા, કાફે ને બેન્ચ પર કવિતાઓની મજાપ

આ માત્ર મુઠ્ઠીભર અલગ-અલગ વાર્તાઓ નથી. જો તમે નજીકથી જોવાનો પ્રયાસ કરશો, તો તમને સમગ્ર વિશ્વમાં અને દરેક ક્ષેત્રમાં આવા બાળકો અને કિશોરોની લાંબી લિસ્ટ મળશે, જ્યાં તેઓએ સારા ભવિષ્ય માટે એ બધુ કર્યું છે, જે મોટા અને જાગૃત લોકો કરે છે. પ્રશ્ન એ છે કે જીવંત લોકશાહીમાં બાળકોની સક્રિય ભાગીદારી કેવી રીતે શક્ય છે? છેવટે, બાળદિન નિમિત્તે આપણે આ બાબતે ગંભીરતાથી કેમ ન વિચારવું જોઈએ? આ મહત્વપૂર્ણ છે કારણ કે વિશ્વમાં જે પણ થાય છે તે ભાવિ પેઢીના નામે થાય છે. તેથી, લોકશાહીને વધુ મૂલ્યવાન અને જવાબદાર બનાવવા માટે, આપણે તેમાં બાળકોની ભાગીદારીની ખાતરી કરવી જરૂરી છે. આ અશક્ય નથી પરંતુ વાસ્તવિકતા એ છે કે તે એક નિશ્ચિત પ્રક્રિયા હેઠળ થઈ રહ્યું છે. તે માત્ર એટલું જ છે કે તે વધુ ગંભીરતાથી થવું જોઈએ.?

જે રીતે સમાજના ઈતિહાસ અને સંસ્કૃતિને જાણવા અને સમજવાની સૌથી નક્કર અને વ્યવહારુ રીત એ છે કે તે દેશની કળા અને સંસ્કૃતિમાં વ્યાપકપણે ભાગ લેવો, તેવી જ રીતે કોઈ દેશની લોકશાહી પ્રક્રિયાનો હિસ્સો બનવા અને તેને મજબૂત કરવા માટે, બાળકો બાળપણથી જ લોકશાહીના વિવિધ સ્વરૂપો અને પદ્ધતિઓનું રિહર્સલ એ રીતે કરે, જેમ કળા અને સંસ્કૃતિને સમજવા માટે અંતાક્ષરીથી માંડીને નુક્કડ નાટકો કરવામાં આવે છે. તેવી જ રીતે, જો કોઈ દેશ ઈચ્છતો હોય કે તેની ભાવિ પેઢીઓ લોકશાહી પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લે, તો નાના બાળકોએ બાળપણથી જ લોકશાહીની વિવિધ પ્રવૃત્તિઓનું રિહર્સલ કરતા રહેવું જોઈએ. વાસ્તવમાં, સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન, ગાંધીજી સાથે અન્ય મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓએ સ્કૂલોમાં ચિલ્ડ્રન્સ પાર્લામેન્ટ અને ચિલ્ડ્રન્સ કાઉન્સિલની રચનાનો કાર્યક્રમ શરૂ કર્યો હતો, જે પાછળથી વિશ્વ ચિલ્ડ્રન્સ પાર્લામેન્ટ અને કાઉન્સિલમાં પરિવર્તિત થયો હતો, તેમાં ઘણી વિચારસરણી હતી. તેની પાછળના બાળકોમાં લોકશાહી ચેતનાનો વિકાસ અને મજબૂતીકરણનો સમાવેશ થાય છે.

આ પદ્ધતિ હજુ પણ મહાન અને અસરકારક છે. જો આપણે બાળકોમાં લોકતાંત્રિક મૂલ્યો વિકસાવવા માંગતા હોય, તો આપણે તેમને શાળા કક્ષાએથી જ બાલ સંસદ, બાલ પરિષદ અને અન્ય તંદુરસ્ત ચર્ચાઓમાં સક્રિય ભાગીદારી કરતી રહેવી જોઈએ. મહાન અમેરિકન રાજનેતા અને લોકશાહીના સ્પીકર થોમસ જેફરસન કહેતા હતા કે, 'જો આપણા દેશમાં લોકશાહીનું બીજ રોપવું હોય અને આપણે તેને ખીલતું અને વિકાસ પામતું જોવા માંગતા હોય, તો બાળકોએ પણ નાટકના રૂપે પણ લોકશાહી પ્રવૃત્તિઓમાં સહભાગિતા સુનિશ્ચિત કરવી જોઈએ. આવી જ વિચારસરમણી મહાત્મા ગાંધીની પણ હતી. તેઓ એવું પણ ઈચ્છતા હતા કે બાળકોને બાળપણમાં જ રમતના રૂપમાં ફાયદા અને ગેરફાયદાની ચર્ચા ચિલ્ડ્રન પાર્લામેન્ટમાં કરાવવામાં આવે, આનાથી લોકશાહીની પ્રક્રિયા વિશેની તેમની સમજ તો વધશે જ સાથે તેમની લોકશાહીની વિચારસરણીમાં પણ વધારો થશે. કોઈપણ પ્રક્રિયાને અભિનય સ્વરૂપે અપનાવવામાં આવે તો પણ માનવીય હ્રદય અને મન તેને સતત તપાસતા અને આત્મસાત કરતા રહે છે. તેથી જો દેશમાં લોકશાહીનું ભવિષ્ય સુદ્રઢ બનાવવું હોય તો બાળ દિવસ નિમિત્તે દેશભરની શાળાઓએ દર શનિવારે ચિલ્ડ્રન પાર્લામેન્ટ અને ચિલ્ડ્રન્સ કાઉન્સિલની પ્રક્રિયાઓનો અભિનય જરૂર કરાવવો જોઈએ.

તકનીકી રીતે આ બધું થાય છે, પરંતુ ધીમે ધીમે કારકિર્દી સંબંધિત દબાણને લીધે આ પ્રવૃત્તિઓ હવે મોટાભાગની શાળાઓ માટે મહત્વપૂર્ણ રહી નથી. પરંતુ જો આપણે સતત લુપ્ત થતી લોકશાહીને બચાવવી હોય, તો આપણે ફરી એકવાર છેલ્લી સદીના ૬૦ અને ૭૦ના દાયકામાં પાછા ફરવું પડશે, જ્યાં બાળ સંસદ લગભગ દરેક શાળામાં યોજાતી હતી, જેમાં બાળકો ખૂબ જ ઉત્સાહથી પક્ષ અને વિપક્ષની ભૂમિકાઓમાં ભાગ લેતા હતા. સંસદની કામગીરી અને કાર્યપ્રણાલીની આ પરોક્ષ ભૂમિકા અને લોકશાહીની ગતિશીલ પ્રગતિ અને વિસ્તરણને કારણે આપણાં બાળકો લોકશાહીનું સાચું જ્ઞાન અને

શિક્ષણ મેળવી શક્યા તે પણ શીખવાનો પ્રયાસ કર્યા વિના. ચિલ્ડ્રન્સ કાઉન્સિલની રચના અને તેના પર કામ કરવાને કારણે આ શક્ય બન્યું. સમય આવી ગયો છે કે ફરી એકવાર આપણે આ પ્રવૃત્તિઓને ગંભીરતાથી લઈએ અને બાળ દિવસની સાર્થકતાને સિદ્ધ કરીએ.

તંત્રી લેખ...-

**મંગળવાર, તા.૨૬ નવેમ્બર ૨૦૨૪**

# શરદ પવાર યુગનો અંત?

વિધાનસભા ચૂંટણીમાં શરદ પવાર અને અજિત પવાર એમ કાકા-ભત્રીજાની લડાઈ. અજિત પવારના બળવા પછી પક્ષના બળવાખોર વિધાનસભ્યોને ઘેર બેસાડવાનો નિર્ધાર શરદ પવારે કર્યો હતો. જનતાને પોતાનો જ ટેકો છે, એમ શરદ પવાર પુરવાર કરવા માગતા હતા. મહારાષ્ટ્રમાં સ્વબળે ૬૦ વિધાનસભ્યો ચૂંટી લાવવાની શક્તિ આ પહેલા શરદ પવારે દાખવી હતી. આ વેળા ફક્ત ૧૦ વિધાનસભ્યો શરદ પવાર પક્ષના ચૂંટાઈ આવ્યા છે, જે શરદ પવાર માટે મોટો આઘાત છે. અજિત પવારના બળવા પછી શરદ પવારે પક્ષ બાંધણી માટે બધા સૂત્રો હાથમાં લીધા હતા. છેલ્લા દોઢ વર્ષમાં શરદચંદ્ર પવારે રાજ્યભરની મુલાકાત લીધી હતી. જ્યારે લોકસભાની ચૂંટણીમાં એક સાંસદ ચૂંટાઈ આવ્યો હોય, અજિત પવાર અને તેમના સમર્થકો વિમાસણમાં હતા. પક્ષમાં ફૂટ પડવાનો ભય વ્યક્ત કરવામાં આવતો હતો. બારામતીમાં અજિત પવારને પત્નીનાં પરાજયને લઈ વધુ મોટો આંચકો લાગ્યો હતો. અજિત પવાર સમક્ષ અસ્તિત્વની લડાઈ હતી. શરદ પવારની મુલાકાતો તેથી પવાર દ્વારા થતી ટીકાઓ, લોકોનો મળતો પ્રતિસાદ આ બધુ અજિત પવાર માટે પડકારરૂપ હતું. તેમાં મહાયુતિમાં અજિત પવારના ભાગે અપેક્ષિત બેઠકો ન હતી આવી, પણ આ બધી પ્રતિકૂળ બાબતો હોવા છતાં અજિત પવારે પડકારોને માત કર્યા છે. કાકા શરદ પવારને માત કર્યાનો સંતોષ અજિત પવારને આ પરિણામે આપ્યો છે. મતદારોએ શરદ પવારને નકારી અજિત પવારના પક્ષને ટેકો આપ્યો છે. ઉભય પક્ષ પરસ્પરોના વિરોધમાં ૩૮ મતદાર ક્ષેત્રોમાં લડયાં. તે પૈકી બે મતદાર ક્ષેત્રનો અપવાદ બાદ કરતા અન્ય બધા મતદાર ક્ષેત્રોમાં અજિત પવારનો પક્ષ જીત્યો છે. રાષ્ટ્રવાદી પર હક કોનો તેને લઈ કાયદેસર લડાઈ ચાલુ છે, પણ જનતાની કોર્ટમાં અજિત પવાર જીત્યા છે! માન્યતા મળી છે. અજિત પવારનો આ વિજય મહત્ત્વનો છે. કાકાનું સ્થાન લેવાની લાયકાત તેણે પુરવાર કરી છે. બાળાસાહેબ ઠાકરે પછી ઉદ્ધવ ઠાકરે માટે શરદ પવાર જ પિતૃતુલ્ય માર્ગદર્શકની ભૂમિકામાં હતા. કૉંગ્રેસના મોવડીમંડળે બધા નિર્ણયો લેવાનું પવારને સોંપ્યું હતું. એકંદરે મહાવિકાસ આઘાડીની બધી વ્યૂહરચનાને પવારના અનુભવનો આધાર હતો. આઘાડીઓના મનામણા-રિસામણા, વાદ-વિવાદ આ બધામાં તેમનો જ શબ્દ અંતિમ માનવામાં આવતો હતો. પરંતુ ચૂંટણીનાં પરિણામોએ દાખવી આપ્યું છે કે ચૂંટણી દરમિયાન પવારે ભલે સભાઓ ગજવી હોય, મહારાષ્ટ્ર છુંદી વળ્યા હોય, પણ લોકોના હૃદયમાંનું તેમનું સ્થાન યથાવત્ નથી રહ્યું. જોકે, જૈફ ઉમરે પણ તેમને ચૂંટણીમાં કરેલી દોડધામ એક જમાપાસું હોવા છતાં હવે તેમના યુગનો અંત આવી રહ્યો છે. શરદ પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસમાં પણ બીજી હરોળના આંગળીના વેઢે પણ ન ગણી શકાય એવા નેતા છે. એટલે કે પવારે હવે પોતાના પક્ષમાં સંજીવની ફૂંકવાનું અને નવી નેતાગીરી ઊભી કરવાના પ્રયાસો કરવા પડશે. નિવૃત્તિની ઉંમરે શરદ પવાર માટે આ શક્ય હશે? અજીત પવારને આ જવાબદારી મળશે?

**બારામતીમાં અજિત પવારને પત્નીનાં પરાજયને લઈ વધુ મોટો આંચકો લાગ્યો હતો. અજિત પવાર સમક્ષ અસ્તિત્વની લડાઈ હતી. શરદ પવારની મુલાકાતો તેથી પવાર દ્વારા થતી ટીકાઓ, લોકોનો મળતો પ્રતિસાદ આ બધુ અજિત પવાર માટે પડકારરૂપ હતું.**

# જળવાયુ પરિવર્તન સામે વિકસિત દેશો ગંભીર બને

વિશ્વની સામેના ગંભીર પડકારોમાં જળવાયુ પરિવર્તનથી ઊભા થઇ રહેલાં જોખમોનો પડકાર દિવસો દિવસ મુશ્કેલ બની રહ્યો છે. પ્રદૂષણને નાથવાના સંકલિત અને પ્રામાણિક પ્રયાસોના અભાવમાં આ પડકાર હવે બેકાબૂ બની ગયો છે. આમ તો જળવાયુ પરિવર્તન અંગે વિશ્વ સ્તરે સંમેલનો નિયમિત રીતે યોજાતા રહે છે, પણ કમનસીબે આ બેઠકોમાં કોઇ નક્કર પરિણામ સામે આવી શક્તું નથી. આવી જ હાલત તાજેતરમાં આઝરબૈઝાનના બાકુમાં યોજાયેલા વર્ષ ૨૦૨૪ના જળવાયુ સંમેલનમાં સામે આવી હતી. આ સમસ્યાની ગંભીરતા, તેનાં કારણો અને ઉકેલ અંગે મંથન ઉપયોગી રહ્યંઅ, પણ વાસ્તવમાં વિકસિત દેશો અને વિકસતા દેશો વચ્ચેના મતભેદને લીધે કોઇ નક્કર કાર્યયોજના ઘડી શકાઇ ન હતી. પર્યાવરણના ભોગે વિકાસ સાધીને સમૃદ્ધ બનેલા દેશો હવે પૃથ્વી તરફની તેમની જવાબદારી અદા કરવા માટે ઉત્સુક જણાતા નથી. આવી માનસિક્તાને લીધે જળવાયુ પરિવર્તનની સામે નક્કર વ્યૂહરચના અમલી બની શકતી નથી. ખાસ તો પ્રદૂષણ માટે જવાબદાર ઝેરી વાયુના ઉત્સર્જનને રોકવા માટેનાં પગલાં ઉપરાંત હાલનાં પયાવરણને સ્વચ્છ બનાવવા માટે અનિવાર્ય એવાં પગલાં લેવાની અનિવાર્યતા છે. આ માટે સ્વચ્છ ઊર્જાની સાથોસાથ હરિત પૃથ્વીનાં પગલાં લેવા પડે તેમ છે. આ માટે વિકસિત દેશોને તેમના ઉદ્યોગો પર લગામ લગાવવાની સાથોસાથ જળવાયુ પરિવર્તનની સામે વૈશ્વિક ભંડોળ ઊભું કરવા પર ધ્યાન આપવાની જરૂરત રહે છે, પણ સીઓપી ૨૪ના સંમેલનમાં કોઇ સંમતિ સાધી શકાઇ ન હતી. ખાસ તો વિકસતા દેશોએ આ મુદ્દે રજૂ કરેલા મુસદ્દા અંગે વિકસિત દેશો મગનું નામ મરી પાડવાથી અળગા રહ્યા હતા. ખાસ તો વિકસતા દેશો ૨૦૨૫ સુધી જળવાયુ પરિવર્તનનો ઉકેલ આણી શકે એ માટે કેટલો આર્થિક સહયોગ આપવો તે મુદ્દે વિકસિત દેશોએ કોઇ ફોડ પાડયો ન હતો. ઉલ્લેખનીય છે કે, વિકસતા દેશોએ સતત એ વાત ઉપર ભાર મૂક્યો હતો કે ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં કાપ મૂકવા માટે અને જળવાયુને સ્વચ્છ બનાવવા માટે તેમને ઓછામાં ઓછા ૧૩૦ અબજ ડોલરની આવશ્યક્તા રહેશે. આમ તો બાકુના સંમેલનમાં સુધારેલા મુસદ્દામાં વિકસિત દેશોના આર્થિક સહયોગની જરૂરતનો સ્વીકાર તો કરાયો, પણ કોઇ નક્કર સહમતી સાધી શકાઇ ન હતી. આ સંદર્ભમાં ભારતે પણ સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે, વિકસતા દેશો માટે જળવાયુના પડકારને પહોંચી વળવા માટે આર્થિક વ્યવસ્થાને બદલે ઉત્સર્જનમાં કાપ મૂકવાના મુદ્દે ધ્યાન કેન્દ્રિત કરવાના વિકસિત દેશોના પ્રયાસોનો કોઇ પણ સંજોગોમાં સ્વીકાર થશે નહીં. ખરેખર તો આજે આખી દુનિયા જળવાયુ પરિવર્તનનાં જોખમો અંગે ચિંતિત છે, ત્યારે વિકસિત દેશોએ આ વૈશ્વિક સમસ્યાની જવાબદારી વિકસતા દેશો પર ઢોળીને હાથ ઊંચા કરી દેવાની માનસિક્તા છોડવાની ખાસ જરૂરત છે. આજે વિશ્વને જવાબદારીની ફેંકાફેંકને બદલે આ પડકાર સામે અસરકારક પગલાં લેવાય તેની તાતી જરૂરત છે.

**ખાસ તો પ્રદૂષણ માટે જવાબદાર ઝેરી વાયુના ઉત્સર્જનને રોકવા માટેનાં પગલાં ઉપરાંત હાલનાં પયાવરણને સ્વચ્છ બનાવવા માટે અનિવાર્ય એવાં પગલાં લેવાની અનિવાર્યતા છે. આ માટે સ્વચ્છ ઊર્જાની સાથોસાથ હરિત પૃથ્વીનાં પગલાં લેવા પડે તેમ છે.**

**અમેરિકા યુક્રેનને બીજી ૬૦ અબજ ડોલરની સહાય મંજૂર કરવાની ફિરાકમાં છે.**

# બિડેને ટ્રમ્પ માટે કાંટાળો રસ્તો તૈયાર કરી દીધો

અમેરિકાના પ્રમુખ જો બિડેનની વિદાયના દિવસો ગણાઈ રહ્યા છે અને ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના પ્રમુખપદની બીજી ઈનિંગ શરૂ કરવા તૈયાર છે ત્યારે જતાં જતાં જો બિડેને બહુ મોટો નિર્ણય લઈ લીધો.અમેરિકાની અત્યાર સુધીની નીતિમાં નોંધપાત્ર ફેરફાર કરીને બિડેન વહીવટીતંત્રે યુક્રેનને અમેરિકા દ્વારા અપાયેલાં શસ્ત્રોના ઉપયોગને મંજૂરી આપીને આ શસ્ત્રોના ઉપયોગ પરના લાંબા સમયથી પ્રતિબંધો હટાવી દીધા છે. મતલબ કે, હવે યુક્રેનનું લશ્કર રશિયા સામેના યુદ્ધમાં અમેરિકન મિસાઈલોનો ઉપયોગ કરી શકશે.

બિડેને યુક્રેનિયન દળોને અમેરિકાનાં મિસાઈલથી રશિયન પ્રદેશમાં ઊંડે સુધી પ્રહાર કરવાની મંજૂરી આપી તેની રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં મોટી અસરો થવાની ધારણા છે.અમેરિકાના નિર્ણયથી દોઢ વર્ષથી બંને દેશ વચ્ચે ચાલી રહેલું યુદ્ધ ભડકશે કેમ કે યુક્રેન અમેરિકાના મિસાઈલ વાપરશે તો રશિયા પણ ચૂપચાપ બેસી નહીં રહે.રશિયા પાસે અમેરિકા જેવાં જ મિસાઈલ છે એ જોતાં યુદ્ધ ઉગ્ર બને એવી શક્યતા જરાય નકારી ના શકાય.

અમેરિકાએ મંજૂરી આપતાં યુક્રેન યુદ્ધમાં પહેલી વાર લાંબા અંતરની મિસાઈલોનો ઉપયોગ કરી શકશે. યુક્રેન એટીએસીએમએસ રોકેટ સહિતનાં યુએસ શસ્ત્રોનો ઉપયોગ કરીને રશિયન લશ્કરી ટાર્ગેટ પર વાર કરી શકશે. અમેરિકાએ આપેલાં આ મિસાઈલો ૧૯૦ માઈલ એટલે કે ૩૦૬ કિમી સુધીની રેન્જ ધરાવે છે એ જોતાં રશિયામાં અંદર સુધી પ્રહાર કરી શકશે. યુક્રેન લાંબા સમયથી આ મિસાઈલોનો ઉપયોગ કરવાની મંજૂરી માગતું હતું પણ અમેરિકા ના પાડતું હતું.યુક્રેનના પ્રમુખ વ્લાડીમિર ઝેલેન્સકીની દલીલ હતી કે, રશિયા સામે યુ.એસ. શસ્ત્રોના ઉપયોગથી રશિયા હલી જશે. રશિયન સૈન્ય માળખાને રશિયન હસ્તકના પ્રદેશોમાં ઊંડે સુધી નિશાન બનાવવાની ક્ષમતા યુક્રેન પાસે હોય તો રશિયા ઝીંક ના ઝીલી શકે ને રશિયન લશ્કર નબળું પડી જાય. અલબત્ત તેના કારણે યુદ્ધ વધારે ભડકી જાય એ ખતરાને કારણે બિડેન ઝેલેન્સ્કીની વિનંતીને કાને નહોતા ધરતા.હવે અચાનક બિડેન યુક્રેન પર રીઝી ગયા એ પાછળનો ઉદ્દેશ ડોનાલ્ડ ટ્રમ્પને ભીંસમા મૂકવાનો છે એ કહેવાની જરૂર નથી. ડોનાલ્ડ ટ્રમ્પ સતત યુક્રેનને અમેરિકા દ્વારા અપાતી લશ્કરી અને નાણાકીય સહાયની ટીકા કરતા રહ્યા છે તેથી તેમને માફક ના આવે એ નિર્ણય છે એ કહેવાની જરૂર નથી.

ટ્રમ્પે વારંવાર યુદ્ધનો અંત લાવવાની હાકલ કરી છે અને શાંતિ સ્થાપવા માટે ઝડપથી નિરાકરણ માટે વાટાઘાટો કરવાનું વચન પણ આપ્યું છે.ટ્રમ્પ ધારે તો રશિયા-યુક્રેન યુદ્ધ બંધ કરાવી શકે છે. યુક્રેન અમેરિકાનું સાથી છે અને અમેરિકાના જોરે જ યુદ્ધ લડી રહ્યાં છે. રશિયા અને યુક્રેનના યુદ્ધમાં અમેરિકા સીધું સામેલ નથી પણ યુક્રેનને તન, મન, ધનથી મદદ કરી જ રહ્યું છે. અમેરિકા યુક્રેનને મદદ બંધ કરી દે તો ઝેલેન્સ્કીની તાકાત નથી કે રશિયા સામે ટકી શકે.અમેરિકા તથા પશ્ર્ચિમના દેશો યુક્રેનને મદદ કરવાનું બંધ કરશે તો આપોઆપ યુક્રેન ઠંડું પડી જશે ને યુદ્ધ પણ ઠંડું પડી જશે. અમેરિકા વિશ્ર્વમાં શાંતિ ઈચ્છતું હોય તો અમેરિકાએ યુક્રેનને શસ્ત્રો આપવાનું બંધ કરવું જોઈએ અને બીજી સહાય પણ ના કરવી જોઈએ.

અમેરિકા યુક્રેનને બીજી ૬૦ અબજ ડૉલરની સહાય મંજૂર કરવાની ફિરાકમાં છે. ટ્રમ્પ આવીને આ સહાય બંધ કરે તો પણ યુદ્ધ પતી જાય. ટ્રમ્પે યુક્રેનના પ્રમુખ વ્લાદિમિર ઝેલેન્સ્કી સાથે ફોન પર વાત કરી છે અને યુક્રેન યુદ્ધ ખતમ કરવા ચર્ચા પણ કરી છે.ટ્રમ્પ પુતિન સાથે સંધિ કરીને પણ યુદ્ધનો અંત લાવી શકે છે. થોડા સમય પહેલાં પુતિને અમેરિકા તથા પશ્ર્ચિમના દેશો તરફ દોસ્તીનો હાથ લંબાવ્યો હતો.પુતિને કહેલું જ કે, અમેરિકા તથા તેના સાથી દેશો બે વર્ષથી ચાલતા યુદ્ધમાં યુક્રેનને તન,મન, ધનથી મદદ કર્યા પછી પણ રશિયાનું કે મારું કશું ઉખાડી શક્યા નથી ને હવે પણ કંઈ ઉખાડી શકવાના નથી. આ વાસ્તવિકતાને સમજીને તમને વારું છું તો પાછા વળી જાઓ, બાકી હારીને પાછા વળવું પડશે.

ટ્રમ્પ આ વાસ્તવિકતા સમજીને રશિયાને યુક્રેન પરનું આક્રમણ બંધ કરવા પણ કહી શકે છે.ટ્રમ્પ પાસે એલન મસ્ક સહિતના સાથીઓ છે કે જે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે સંપર્કમાં છે. મસ્કે થોડા દિવસ પહેલાં જ પુતિન સાથે વાત કરી ત્યારે યુદ્ધનો અંત લાવવા માટે ચર્ચા કરી હોવાનું કહેવાય છે. આ સંજોગોમાં ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બને એ પહેલાં જ વાટાઘાટોનો તખ્તો તૈયાર થઈ જાય ને ટ્રમ્પ પ્રમુખ બનતાં જ જશ ખાટી જાય એવી સ્થિતિ સર્જાઈ શકે.બિડેનને ખ્યાલ છે કે, ડોનાલ્ડ ટ્રમ્પ યુદ્ધના વિરોધી છે અને રશિયા-યુક્રેન વચ્ચે શાંતિ સ્થાપવા મથ્યા કરે છે તેથી તેથી ટ્રમ્પ પ્રમુખ બને એ પહેલાં જ આ નિર્ણય લઈને બિડેને ટ્રમ્પને બળતું ઘર સોંપવાનો પેંતરો ખેલ્યો છે એ સ્પષ્ટ છે.

૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ પ્રમુખપદે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ કાર્યભાર સંભાળે તેના બે મહિના પહેલાં લીધેલા નિર્ણય દ્વારા બિડેને ટ્રમ્પની બીજી ઈનિંગ સરળ નહી હોય એવો તખ્તો ઘડી કાઢ્યો છે.જો બિડેન સરકારે લીધેલા નિર્ણયને પલટી નાખવાની ડોનાલ્ડ ટ્રમ્પ પાસે સત્તા છે. ટ્રમ્પ સત્તા સંભાળ્યા પછી બિડેનના નિર્ણયને ઉલટાવી શકે છે પણ એ પહેલાં જ યુક્રેન અમેરિકાનાં શસ્ત્રો રશિયા સામે વાપરવા માંડે ને રશિયા એ જ ભાષામાં જવાબ આપીને યુક્રેનને ખેદાનમેદાન કરી નાખે તો પછી ટ્રમ્પ પણ કશું ના કરી શકે.પુતિન માથાફરેલ છે અને યુક્રેન એક મારે તો ચાર મારવાની માનસિકતા ધરાવે છે. રશિયાએ યુક્રેનમાં તેના લશ્કરને મદદ કરવા માટે ઉત્તર કોરિયાના સૈનિકોની તૈનાતી સહિતનાં પગલાંની જાહેરાત કરી છે. ઉત્તર કોરિયાનો સરમુખત્યાર કીમ ઉન જોંગ એક લાખ કોરિયન સૈનિકોને યુક્રેનમાં રશિયાની મદદે મોકલવાનો છે તેથી રશિયાનું લશ્કરી અભિયાન વધુ તીવ્ર બનશે એ સ્પષ્ટ છે જ.

એવામાં અમેરિકાનાં મિસાઈલ રશિયા પર છોડાય તો પુતિન ઝાલ્યા ના રહે ને યુદ્ધ એવા તબક્કામાં પહોંચી જાય કે જ્યાંથી પાછા જ ના ફરી શકાય. બિડેન એ જ દિશામાં આગળ વધી રહ્યા છે ને ટ્રમ્પ માટે કાંટાળો રસ્તો તૈયાર કરી રહ્યા છે.

**પ્રવાસીની આંતરરાષ્ટ્રીય સ્તર પર સ્વીકૃત કોઈ કાનૂની પરિભાષા નથી**

# દેશમાં વધી રહેલું ઘૂસણખોરીનું સંકટ

## હાલના દિવસોમાં પડોશી દેશોના કેટલાય લોકો ગેરકાયદે રૂપે ભારતમાં પ્રવાસ કરતા રહ્યા છે

ભારતની છબિ દુનિયાભરમાં ઉદાર રાષ્ટ્રની રહી છે. ભારતે આઝાદી બાદથી ઉદારતાપૂર્વક શરણાર્થીઓને શરણ આપ્યું છે. ભલે તે પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં રહેતા અલ્પસંખ્યક હિંદુ, શીખ હોય કે તિબેટથી આવેલા શરણાર્થી. બધા ભારતમાં શાંતિપૂર્વક રહે છે. ભારતની ઉદારતાને કારણે ગેરકાયદે રૂપે બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યા મુસ્લિમોની ઘૂસણખોરી પણ ચાલુ છે. દેશના વિભિન્ન વિસ્તારોમાં પ્રવાસીઓની સમસ્યા કેટલી હદે વકરી છે, તેનો અંદાજો એના પરથી લગાવી શકાય છે કે કેન્દ્ર સરકાર માટે સાચા આંકડા મેળવવા પણ મુશ્કેલ થઈ રહ્યું છે. આ એક રીતે શરૂઆતમાં જ સમસ્યાની અવગણનાથી પેદા થયેલી મુશ્કેલી છે. તેથી સવાલ એ થાય છે કે કુલ વૈશ્વિક ક્ષેત્રફળના માત્ર ૨.૪ ટકા અને જળ સંસાધનોના માત્ર ચાર ટકા ભાગના જોરે આપણી લગભગ દોઢ અબજ આબાદીનું વહન કરી રહેલો દેશ શું ઘૂસણખોરોનો બોજ ઉઠાવવા સક્ષમ છે? ગત દિવસોમાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું આપીને જણાવ્યું કે દેશમાં વિભિન્ન હિસ્સામાં રહેતા ગેરકાયદે પ્રવાસીઓના આંકડા એકત્ર કરવા સંભવ નથી. એટલા માટે કે ઘણા લોકો ચોરીછૂપી દેશની સીમામાં દાખલ થાય છે.

ઉલ્લેખનીય છે કે સર્વોચ્ચ ન્યાયાલય નાગરિકતા કાયદાની કલમ ૬એની કાયદેસરતા પર સુનાવણી કરી રહી છે, જે અસમમાં ગેરકાયદે પ્રવાસીઓ સંબંધિત છે. હાલમાં જ અદાલતે કેન્દ્ર સરકારને એનાથી સંબંધિત આંકડા માગ્યા હતા કે દેશમાં ૧ જાન્યુઆરી ૧૯૬૬થી લઈને ૨૫ માર્ચ ૧૯૭૧ સુધી કેટલા બાંગ્લાદેશી નાગરિકોને અસમમાં ભારતીય નાગરિકતા પ્રદાન કરવામાં આવી. સાથે જ ગેરકાયદે ઘૂસણખોરી રોકવા માટે અદાલતે સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલ પગલાં વિશે પણ પૂછ્યું હતું. શીર્ષ અદાલતની આ મુદ્દે કેન્દ્ર સરકારને સ્થિતિ સ્પષ્ટ કરવાની માંગ પાછળ ગેરકાયદે પ્રવાસીઓની નાગરિકતાથી લઈને તેમને કારણે પેદા થનારી અન્ય સમસ્યાઓ પર ઉઠતા સવાલોનો હલ કાઢવાની કોશિશ છે. પરંતુ અદલાતને આપવામાં આવેલ કેન્દ્ર સરકારના જવાબથી આ સમસ્યાની જટિલતાનો અંદાજો આવે છે.સવાલ છે કે લાંબા સમયથી દેશની અંદર અલગ-અલગ વિસ્તારોમાં તેમની ઓળખ નકકી કરી શકવા અને તેમના આંકડા એકત્ર કરવામાં આ સ્તરની સમસ્યા કેમ પેદા થઈ? રોજેરોજ અન્ય દેશો સાથે જોડાતી સીમાને સુરિક્ષત કરવા માટે વ્યાપક રકમ ખર્ચ કરવા અને દરેક સ્તર પર ઉપાય કરવાના દાવા વચ્ચે એ કઈ રીતે શક્ય થઈ શકે કે કેટલાક લોકો ગુપ્ત રીતે ભારતીય સીમામાં દાખલ થઈ જાય, પરંતુ પોતાની ઓળખ છૂપાવીને અહીંની આબાદીમાં ભળી પણ જાય? એવું નથી કે ભારતમાં ગેરકાયદે ઘૂસણખોરી દ્વારા આવતા પડોશી દેશોના લોકોથી પેદા થતી સમસ્યા નવી હોય. ભારતના પડોશી બાંગ્લાદેશથી ગેરકાયદે રીતે આવેલ પ્રવાસી છેલ્લા કેટલાય દાયકાથી ચિંતાનું કારણ રહ્યા છે અને કેટલીય વાર તેને રાજકીય મુદ્દાનું રૂપ ધારણ કર્યું. આ કારણે ઉપજેલા હિંસક ટકરાવમાં સેંકડો લોકોની હત્યા પણ થઈ ચૂકી છે.

હાલના દિવસોમાં પડોશી દેશોના કેટલાય લોકો ગેરકાયદે રૂપે ભારતમાં પ્રવાસ કરતા રહ્યા છે અને તે ઉત્પીડનને કારણે નહીં, બલ્કે ભારતમાં બહેતર આર્થિક અવસરોની શોધમાં કરે છે. જ્યારે વાસ્તવિકતા એ છે કે દેશમાં મોટાભાગની ચર્ચા ગેરકાયદે ઘૂસણખોરો વિશે છે, શરણાર્થીઓ વિશે નહીં. ઉલ્લેખનીય છે કે ભારતીય જનમાનસ મુસ્લિમ ઘૂસણખોરી અને તેમની વધતી સંખ્યાને લઈને આશંકિત છે. તેનું કારણ ભતકાળ છે. મધ્યકાલીન યુગને છોડી દઈએ તો પણ સ્વતંત્રતા સંઘર્ષના સમયે ભારતે મજહબી કટ્ટરતાના આધાર પર એક સ્પષ્ટ વિભાજક રેખા જોઈ છે. ભારત દુનિયાનો એકમાત્ર દેશ છે જેણે મજહબી આધાર પર વિભાજન સહન કર્યું છે. અસલમાં શરણાર્થીઓ સાથે જોડાયેલ માનવાધિકારોના પાસાં પણ કેટલીય વાર સરકારોને વધુ સખત બનતાં રોકે છે. ક્યારેક પડોશી દેશો તરફથી દેશમાં ઘૂસી આવેલા લોકોને એકલદોકલ કેસ માનીને નજરઅંદાજ કરવામાં આવે છે. જ્યારે અવગણના બાદમાં એક જટિલ રૂપ લઈ લે છે, જ્યારે તેને કારણે કેટલાય પ્રકારની મુશ્કેલીઓ ઊભી થાય છે.એ ધ્યાન રાખવાની જરૂર છે કે ભારતમાં ઘૂસણખોરી અને પ્રવાસીઓને કારણે કેટલીય સ્થિતિઓમાં આંતરિક સુરક્ષા પર પણ પ્રભાવ પડે છે. અદાલતને આપવામાં આવેલ જવાબમાં હવે કેન્દ્ર સરકારે એમ પણ કહ્યું છે કે ઘૂસણખોરીને રોકવાના હેતુથી સીમા પર વાડ લગાવાઈ રહી છે. શરણાર્થીઓ અને પ્રવાસીઓની સમસ્યાઓને સમજવા અને પડકારોનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય પ્રતિક્રિયા અને સહાનુભૂતિપૂર્વક તથા દરિયાદિલીવાળી હોવી જોઇએ. આટલી મોટી સંખ્યામાં શરણાર્થીઓ અને પ્રવાસીઓની સ્થિતિ અને જરૂરિયાતોને સમજવા તથઆ તેમની મદદ કરવા માટે વિભિન્ન ભાગીદારોએ હળીમળીને તાલમેલ સાથે કામ કરવું જોઇએ. શરણાર્થીઓ પોતાના મૂળ દેશથી બહાર રહેવા મજબૂર એવા લોકો છે જે પોતાના મૂળ દેશમાં ઉત્પીડન, સશસ્ત્ર સંઘર્ષ, હિંસા કે ગંભીર સાર્વજનિક અવ્યવસ્થાના પરિણામે ગંભીર ખતરાનો સામનો કરે છે અને આંતરરાષ્ટ્રીય સુરક્ષાની જરૂરિયાત અનુભવે છે. પ્રવાસી એ લોકો હોય છે જે કામ કે અધ્યયન કરવા માટે વિદેશમાં રહેતા પોતાના પરિવાર સાથે જોડાવા માટે પોતાનો મૂળ દેશ છોડી દે છે. કોઈ વ્યક્તિ શરણાર્થી રૂપે ચિહ્નિત થવા માટે સુપરિભાષિત અને વિશિષ્ટ આધાર સુનિશ્ચિત કરવામાં આવ્યા છે જેની પુષ્ટિ કરવી પડે છે.

પ્રવાસીની આંતરરાષ્ટ્રીય સ્તર પર સ્વીકૃત કોઈ કાનૂની પરિભાષા નથી.જોકે હવે સમય આવી ગયો છે કે કેન્દ્ર સરકાર બાંગ્લાદેશી ઘૂસણખોરોના સવાલ પર પોતાનો દૃષ્ટિકોણ સ્પષ્ટ કરે અને તેના હલ માટે ઠોસ નીતિ અપનાવે. આ સમસ્યાના સમાધાન માટે વિશેષજ્ઞોએ કેટલાય સૂચનો કર્યા છે, જેમાં વર્ક પરમિટ આપવી પણ સામેલ છે. કેટલાય વિશેષજ્ઞોનું કહેવું છે કે ઘૂસણખોરોનંપ પૂર આવતું રોકવા માટે સીમા પર માત્ર કાંટેદાર વાડ લગાવવી જ પૂરતી નથી, કે ના ઘૂસી ગયેલા બાંગ્લાદેશીઓને પાછા મોકલવા આસાન છે. બાંગ્લાદેશથી ભારતમાં આવવા પાછળનાં મૂળ કારણોને પણ સમજવા જરૂરી છે. બાંગ્લાદેશી ઘૂસણખોરોની સમસ્યા એક માનવીય સમસ્યા છે અને તેનું સમાધાન માત્ર તેની વાપસી કે સીમા પર વાડ લગાવવી નથી. બાંગ્લાદેશના કેટલાક ખાસ જિલ્લાથી જ મોટાભાગની ઘૂસણખોરી થાય છે. તેથી આ જિલ્લાઓને આંતરરાષ્ટ્રીય નાણાંકીય સંસ્થાઓ વિકાસ સહાયતા આપે, જેથી ત્યાંના લોકોને ભારત આવવાની જરૂર જ ન પડે. આ પ્રકારના અન્ય પ્રયાસો પણ થવા જોઇએ.

**આ કારણે, તેમનો પ્રભાવ તેમના દરેક સાહસિક કારનામા પછી વધે છે**

# શાર્પ શૂટર્સની દુનિયા ઉર્ફે ગભરાટની ડરામણી સ્ક્રિપ્ટ

## આ કેટલાક ભયાનક શાર્પ શૂટર્સ છે, જેના કારણે મુંબઇ પોલીસ અધિકારીઓ તેમના જૂના નવા કિસ્સાઓ સંભળાવતી વખતે હજુ પણ ડર અનુભવે છે.

તેના ચહેરા પર ન તો કોઈ હાવભાવ હતા, ન ડર હતો કે ન તો અફસોસ. આ વાત છે મુંબઈના બાબા સિદ્દીકી હત્યા કેસના મુખ્ય આરોપી અને લોરેન્સ બિશ્નોઈ ગેંગના શાર્પ શૂટર શિવ કુમાર ગૌતમ ઉર્ફે શિવાની. ૧૦મી નવેમ્બર ૨૦૨૪ના રોજ, યુપી એસટીએફ અને મુંબઈ ક્રાઈમ બ્રાંચે તેને નેપાળ બોર્ડરથી ૧૯ કિમી પહેલા નાનપરા ખાતેથી પકડી લીધો હતો, જ્યારે તે તેના કેટલાક મદદગારોની મદદથી નેપાળ ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પકડાયા પહેલા તેણે પોલીસને છટકી જવાના ગમે તેટલા પ્રયત્નો કર્યા હોય, એક વખત તે પકડાઈ ગયો પછી તેનું વલણ લોહી જમાવી દે એવું ખુંખાર બની ગયું જે ગુનાખોરીની દુનિયાના શાર્પ શૂટર્સમાં હંમેશા મળે છે.

તેમના ભયાનક કેરેક્ટરને કારણે જ, આ શાર્પ શૂટર્સને ગુનાની દુનિયામાં કોઈપણ ગુનાહિત સંગઠનની મોટી તાકાત માનવામાં આવે છે. ચોક્કસ નિશાન, સોંપેલ લક્ષ્યોનો કંઈપણ રીતે અંજામ દેવો, આ તે વિશેષતાઓ છે જે તેમને કોઈપણ ક્રિમિનલ ગેંગમાં ખૂબ જ ખાસ બનાવે છે. ભારતના ક્રાઈમ અંડરવર્લ્ડમાં શાર્પ શૂટર્સનું હંમેશા વિશેષ સ્થાન રહ્યું છે.

કારણ કે આ લોકો ક્રાઈમ સિન્ડિકેટ માટે આતંક ફેલાવવા, હરીફોને ખતમ કરવા અને ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ કે અન્ય મહત્વની વ્યક્તિઓને ધમકાવવાનું કામ ખૂબ જ નિર્ભયતાથી કરે છે. તેથી, ભારતમાં સંગઠિત અંડરવર્લ્ડનો ગઢ ગણાતા મુંબઈમાં અસલી આતંક હંમેશા આ શાર્પ શૂટરોના કારણે જ રહ્યો છે. તેમની ઉચ્ચ સચોટ નિશાનબાજીને કારણે, શાર્પ શૂટર્સ અંડરવર્લ્ડમાં ગુનાહિત સંગઠનોની તાકાત અને વિસ્તરણમાં મજબૂત કડી છે.તેથી જ તેમને આ ગેંગમાં વિશેષ સુરક્ષા અને વધુ પગાર મળે છે. મુંબઈના અંડરવર્લ્ડમાં શાર્પ શૂટર્સનો જલવો સૌથી વધુ છેલ્લી સદીના ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકામાં જોવા મળ્યો હતો. તે દિવસોમાં જ્યારે ઘણા ગુનાહિત જૂથો હરીફાઈમાં રોકાયેલા હતા.અને આ હરીફાઈમાં મોટી ભૂમિકા શાર્પ શૂટરો ભજવતા હતા. કારણ કે આ શાર્પ શૂટર્સ લક્ષ્ય રાખવામાં કુશળ હોવાને કારણે તેઓ દુશ્મનને ખતમ કરવાનું કામ ખૂબ જ ચોકસાઈ અને ગુપ્તતા સાથે કરે છે. આ કારણે, તેમનો પ્રભાવ તેમના દરેક સાહસિક કારનામા પછી વધે છે. જો ભારતમાં છેલ્લા પાંચ દાયકાના સૌથી ખતરનાક શાર્પ શૂટર્સની યાદી બનાવીએ તો તેમાં દાઉદ ઈબ્રાહિમના શૂટર શાહિદ અઝીઝ ઉર્ફે લાલા, અરુણ ગવળીના શાર્પ શૂટર અશોક જોશી, છોટા રાજનના શૂટર વિજય સાલસ્કર, દાઉદનો હજુ એક શાર્પ શૂટર શકીલ બાબા અને પછીથી, ડી કંપની બન્યા બાદ હેડલાઈન્સમાં રહેલો બાબુ રેશી.આ કેટલાક ભયાનક શાર્પ શૂટર્સ છે, જેના કારણે મુંબઈ પોલીસ અધિકારીઓ તેમના જૂના નવા કિસ્સાઓ સંભળાવતી વખતે હજુ પણ ડર અનુભવે છે. દાઉદ ઈબ્રાહિમના શૂટર શાહિદ અઝીઝ ઉર્ફે લાલાએ એક ડઝનથી વધુ ભયંકર હત્યાઓ કરીને માયાનગરીમાં આતંક ફેલાવી દીધો હતો. તેનો નિશાન એકદમ ચોક્કસ હતો. તે તેના સટીક નિશાન અને દુસાહસ માટે કુખ્યાત હતો. તેણે દાઉદના હરીફોમાં આતંકનું વાતાવરણ ઊભું કર્યું હતું. બાદમાં, કંઇક આવો જ ખૌફ અરુણ ગવળીના શાર્પશૂટર અશોક જોષીનો રહ્યો.ગવળી ગેંગ માટે કામ કરતો અશોક જોષી અવારનવાર તેના હરીફોની હત્યાઓ અને હુમલાઓમાં સામેલ હતો. તેનું નામ પણ મુંબઈમાં થયેલી બહુચર્ચિત હત્યાકાંડમાં જોડાયેલું રહ્યું છે. આ ક્રમમાં છોટા રાજનના શાર્પ શૂટર વિજય સાલસ્કરને પણ યાદ કરવામાં આવે છે. તેણે પણ અઝીઝ લાલા અને અશોક જોશીની જેમ અનેક ભયાનક હત્યાઓ કરી અને પોતાના નામથી હરીફ જૂથના લોકોને હંમેશા ડરાવ્યા.એ અલગ વાત છે કે પોલીસ એન્કાઉન્ટરમાં તે જલદી જ માર્યો ગયો હોવાથી અનેક લોહિયાળ એન્કાઉન્ટરમાંથી બચી ગયો હતો. દાઉદ ઈબ્રાહિમના અન્ય શાર્પ શૂટર શકીલ બાબાનું નામ પણ એક સમયે હરીફ જૂથો માટે આતંકનો પર્યાય હતો. શકીલ બાબાએ મોટાભાગના હરીફ સંગઠનોના ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો.ડી કંપનીનો બાબુ રેશી પણ આવો જ એક શાર્પ શૂટર છે, જેની ગણતરી શાર્પ શૂટર્સમાં થાય છે. સવાલ એ છે કે શાર્પ શૂટર કોણ બને છે? શાર્પ શૂટર બનવા માટે કોઈ ટ્રેનિંગ પ્રોગ્રામ તો જરૂર નથી, તેથી મોટી સંખ્યામાં તે જ લોકો આ દુનિયામાં પ્રવેશ કરે છે જેનો પહેલાથી જ ગુનાની દુનિયા સાથે સંબંધ છે. પરંતુ જો આપણે શાર્પ શૂટરોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિઓ પર નજર કરીએ તો, મોટાભાગના શાર્પ શૂટરો આર્થિક સંકટથી ઘેરાયેલા હોય છે અને સામાજિક રીતે નીચલા રેન્કમાંથી આવે છે.તેની પાછળ અભાવ તો ચોક્કસપણે એક કારણ છે, પરંતુ તેનાથી પણ મોટું કારણ સામાજિક દમન, રોજગારનો અભાવ વગેરે હોય છે. ઓછા સમયમાં શોર્ટકટથી પૈસા કમાવવાની અને લોકો પર પોતાની તાકાતની ધાગ જમાવવો પણ આ ક્ષેત્રમાં આવવાના આકર્ષણોમાં છે. હા, કેટલાક લોકો તેમના ઘરે પહેલેથી જ ગુનાહિત પૃષ્ઠભૂમિને કારણે આ ક્ષેત્રમાં સરળતાથી આવી જાય છે, પરંતુ જ્યાં સુધી ભયાનક પટકથા જેવી તેમની સાયકોલોજીની વાત છે, તેમની આ મનોવિજ્ઞાન હિંસા પ્રત્યેની તેમની અસંવેદનશીલતા અને તેની આસપાસ ખૂબ જ હિંસા હોવાને કારણે ઉદ્ભવે છે.સ્ટેટસ અને પૈસાના મોહથી માંડીને જીવનના અમુક તબક્કે ભાવનાત્મક રીતે ત્રાસ આપવાને કારણે ઘણી વખત તે શાર્પ શૂટરની જેમ ભયાનક ગુનેગાર બનવામાં પરિણમે છે, કારણ કે શાર્પ શૂટર્સમાં સામાન્ય રીતે તેમની લાગણીઓને કાબૂમાં રાખવાની ક્ષમતા હોતી નથી, તેથી તેમને કોઈની હત્યા કરવામાં સંકોચ થતો નથી.

એ પણ હકીકત છે કે તેઓ પહેલાથી જ જાણે છે કે તેમનું જીવન લાંબું નહી ચાલે, તેથી તેમને તેમના જીવન સાથે બહુ મોહ હોતો નથી. જીવનથી અલગ થવાની આ સ્થિતિ પણ તેમને અપેક્ષા કરતા વધુ ખતરનાક બનાવે છે.

# ‘કંગુવા’ ફ્લોપ જતાં તમિલ પ્રોડ્યુસર્સ નારાજ યુ ટ્યૂબ રીવ્યુ પર પ્રતિબંધ મૂકવાની માગણી

વર્ષ ૨૦૨૪ના પહેલાં છ મહિના તો તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે બહુ ખાસ નહોતા, તેથી પાછળના છ મહિનામાં મોટી ફિલ્મો રિલીઝ કરાવની સાથે ઈન્ડસ્ટ્રીને સારા દિવસોની અપેક્ષા હતી. તેમાંથી કેટલીક ફિલ્મો સારી ચાલી પણ ખરી. પરંતુ આ ફિલ્મોને કમાણી સાથે ઘણી ટીકાઓનો પણ સામનો કરવો પડ્યો હતો. ખાસ તો આ ફિલ્મો ઓટીટી પર આવ્યા પછી તેના મીમ્સ બન્યા હતા અને લોકોએ તેની મજાક બનાવી હતી. હવે આ પ્રકારની ફિલ્મોની યાદીમાં થલાપથી વિજયની ‘ધ ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ (ગોટ)’, રજનીકાંતની ‘વેતૈયાં’, કમલ હસનની ‘ઈન્ડિયન ૨’ અને તાજેતરમાં આવેલી ડિરેક્ટર સિવાની બહુચર્ચિત મોટા બજેટની ફિલ્મ ‘કંગુવા’નો પણ સમાવેશ થાય છે. આ ફિલ્મ ૩૫૦ કરોડના મહાકાય બજેટમાં બનાવવામાં આવી હતી. આ ઐતિહાસિક ફિલ્મ અંગે દર્શકોમાં ઘણી ઉત્સુકતા પણ હતી, છતાં ચોકરફથી થયેલી ટીકાઓને કારણે આ ફિલ્મ સાત દિવસમાં ગ્લોબલી લગભગ ૮૯ કરોડ જ કામાઈ શકી. આ ફિલ્મ વર્ષની સૌથી વધુ કમાણી કરનારી દસ ફિલ્મોની યાદીમાં પણ સ્થાન મેળવી શકી નહીં, એવું જ કમલ હસનની ‘ઈન્ડિયન ૨’ સાથે પણ થયું હતું. આ ફિલ્મની સફર ધીરે



ધીરે વધુ પડતી તરફ જતી રહી તેથી તમિલ ફિલ્મ એક્ટિવ પ્રોડ્યુસર્સ એસોસિએશને ફિલ્મના સંઘર્ષ માટે ફિલ્મની ગુણવત્તા નહીં પણ થિએટરની બહારથી થતાં ફિલ્મના યુ ટ્યૂબ રિવ્યૂને જવાબદાર ગણાવ્યા છે. આ એસોસિએશન દ્વારા આ રીતે રિવ્યુ કરતા લોકો પર પ્રતિબંધ મુકવાની માગ કરી છે, કારણ કે તેનાથી બોક્સ ઓફિસ પર નકારાત્મક અસર થાય છે.એસોસિએશન દ્વારા જાહેર કરવામાં આવેલાં નિવેદનમાં આ સ્થિતિને ‘ટેસ્ટલેસ એન્ડ હોસ્ટાઈલ’ ગણાવાઈ છે. નિવેદનમાં જણાવાયું છે કે, “ફિલ્મને રિવ્યુ કરવાના બહાને આવતા લોકોના અંગત હુમલા અને દુશ્મનાવટ ભરી ઉશ્કેરણીને અસોસિએશન કડક શબ્દોમાં વખોડે છે.” તેમણે ફિલ્મ રીવ્યુ કરતાં યુટ્યુબર્સને વિનંતિ કરી છે કે તેમણે માત્ર ફિલ્મના કન્ટેન્ટ પર ધ્યાન આપવું જોઈએ તેમજ કલાકારો કે ડિરેક્ટર્સ અંગે અંગત નિવેદનો કરવાથી બચવું જોઈએ. અસોસિએશને ફર્સ્ટ ડે ફર્સ્ટ શો પછી કે પ્રીમિયર પછી તરત જ થતાં પબ્લિક રીવ્યુ અંગે પણ વાંધો ઉઠાવ્યો હતો. તેમજ તેમાંના કેટલાંક માત્ર લોકોનું ધ્યાન ખેંચવા માટે થઈને સેન્સેશનલ હેડલાઈન લખતા હોવાની પણ વાત કરી હતી.

# ‘કંગુવા’ ઈફેક્ટઃ સુરિયાની ‘કર્ણ’ અટકી

## બે સિરીઝની ફિલ્મની પ્રોડક્શન કોસ્ટ કાબૂ બહાર જતાં બોલિવૂડના પ્રોડ્યુસર્સે હાથ પાછા ખેંચી લીધાની ચર્ચા

તમિલ સુપરસ્ટાર સુરિયાની ‘કંગુવા’નો બોક્સઓફિસ પર રીતસરનો ધબડકો થયો છે. રૂ.૪૦૦ કરોડથી વધુનું કલેક્શન આ ફિલ્મને મળવાની ચર્ચાઓ હતી, પરંતુ ઓડિયન્સને આ ફિલ્મ પસંદ આવી નથી. રૂ.૩૦૦ કરોડના બજેટમાં બનેલી ‘કંગુવા’ને રૂ.૧૦૦ કરોડથી વધુ નુકસાન થયું હોવાનો અંદાજ છે. આ ફિલ્મની સીધી અસર સુરિયાના પાન ઈન્ડિયા પ્રોજેક્ટ પર પડી છે. બોલિવૂડના બે પ્રોડક્શન હાઉસ દ્વારા તોતિંગ બજેટ સાથે સુરિયા સાથે ‘કર્ણ’નું આયોજન થયુ હતું. બે ભાગમાં આ ફિલ્મ બનાવવાનો પ્રોજેક્ટ હતો, પરંતુ તેનો ખર્ચ કાબૂ બહાર જવા માંડ્યો હતો. વળી, સુરિયાની ‘કંગુવા’ પણ ઊંધા માથે પછડાઈ હતી. જેના પગલે પ્રોડ્યુસર્સે હાલ ‘કર્ણ’ને મોકૂફ રાખવાનો નિર્ણય લીધો છે.

રાકેશ ઓમપ્રકાશ મેહરા, રિતેશ સિધવાની અને ફરહાન અખ્તર જેવા બોલિવૂડના જાણીતા પ્રોડ્યુસર્સ ‘કર્ણ’ બનાવી રહ્યા હતા. બે પાર્ટમાં આ ફિલ્મ બનાવવાનું આયોજન હતું. સ્ક્રિપ્ટ અને કાસ્ટિંગ નક્કી થયા બાદ ફિલ્મ ફ્લોર પર પણ પહોંચી હતી. જો કે પ્રોડક્શન કોસ્ટ સતત વધી રહી હતી અને ‘કંગુવા’ના કારણે સુરિયા પરથી પ્રોડ્યુસર્સનો વિશ્વાસ ડગી ગયો હતો. પરિણામે ‘કર્ણ’માં આગળ વધવાનો નિર્ણય મોકૂફ રાખવામાં આવ્યો હતો.

પ્રભાસ, અલ્લુ અર્જુન અને યશની જેમ પાન ઈન્ડિયા ફિલ્મ્સમાં સુરિયા પણ ડંકો વગાડશે તેવી બોલિવૂડના પ્રોડ્યુસર્સને આશા હતી. જો કે ઓડિયન્સે સુરિયાને ઝાકારો આપી દીધો છે. મહાભારતના યાદગાર પાત્રોને મહારથી કર્ણની દૃષ્ટિએ રજૂ કરવાના ઈરાદાથી આ પ્રોજેક્ટ શરૂ થયો હતો. નોર્થ ઈન્ડિયામાં આ ફિલ્મ સફળ જવાની અપેક્ષા પ્રોડ્યુસર્સને હતી. સુરિયાની કરિયરમાં આ ફિલ્મ ગેમ ચેન્જર બની શકે તેમ હતી. ‘કર્ણ’ બાદ અન્ય બોલિવૂડ પ્રોજેક્ટ્સ શરૂ કરવાની ગણતરીએ સુરિયા થોડા સમય પહેલાં મુંબઈ શિફ્ટ થયો છે. પ્રોડ્યુસર્સે ‘કર્ણ’ પર બ્રેક લગાવી દેતાં ‘કંગુવા’થી આઘાતમાં આવેલા સુરિયાની તકલીફોમાં વધારો થયો છે.



## જાન્હવી કપૂરની બીજી તેલુગુ ફિલ્મનું મૈસૂરુમાં શૂટિંગ શરૂ

જુનિયર એનટીઆર સાથે ‘દેવરા’ની રિલીઝ પછી જાન્હવીની બીજી તેલુગુ ફિલ્મનું શૂટિંગ શરૂ થયું છે. મૈસૂરુમાં ચામુંડેશ્વરી માતાના મંદિરમાં દર્શન બાદ ડાયરેક્ટર બુચી બાબુએ ફિલ્મની શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં જાન્હવીની સાથે લીડ રોલમાં રામચરન છે. ફિલ્મની લીડ કાસ્ટ સોમવારથી શૂટિંગમાં જોડાઈ શકે છે. ડાયરેક્ટર બુચીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી માતાના દર્શન બાદ શુભેચ્છકોના આશીર્વાદ માગ્યા હતા. જાન્હવીએ પ્રાર્થના અને તાળીઓની ઈમોજી સાથે આ પોસ્ટ પર રીએક્ટ કર્યું હતું. ‘મગધીરા’માં રામચરન સાથે કામ કરનારા દેવ ગિલે પણ કોમેન્ટ કરી હતી. ફિલ્મમાં જગપતિ બાબુનો મહત્ત્વનો રોલ છે અને તેઓ પોતાના દમદાર રોલથી આખી ફિલ્મ પર છવાઈ જવા તૈયાર છે. જગપતિ અને રામચરને અગાઉ ડાયરેક્ટર સુકુમારની ફિલ્મ રંગસ્થલમમાં સાથે કામ કરેલું છે.

જાન્હવી અને રામચરન પહેલી વાર સાથે કામ કરી રહ્યા છે. રામચરન અને જાન્હવીના સ્ક્રિન શેરના દશ્યો સોમવારે શૂટ થઈ શકે છે. આ ફિલ્મ માટે રામચરને આકરી મહેનત કરીને ફિઝિકલ ટ્રાન્સફોર્મેશન કર્યું છે. જાન્હવી અને રામચરન સાથે પાન ઈન્ડિયા ફિલ્મ બનાવવાનું આયોજન થયું છે. જાન્હવીએ જુનિયર એનટીઆર સાથે કરેલી ‘દેવરા’ને બોક્સઓફિસ પર ઠંડો રિસ્પોન્સ મળ્યો હતો.

# ‘કરણ અર્જુન’ના ટ્રેલરમાં દર્શકોને મળી રિતિકના વોઇસ ઓવરમાં સરપ્રાઇઝ

## શાહરૂખ અને સલમાનની ક્લાસિક ફિલ્મ ‘કરણ અર્જુન’ ૩૦ વર્ષે ફરી રિલીઝ થશે

શાહરૂખ ખાન અને સલમાન ખાનની ફિલ્મ ‘કરણ અર્જુન’ ૩૦ વર્ષે થિએટરમાં ફરી રિલીઝ થઈ રહી છે. તેના માટે ફિલ્મના ડિરેક્ટર અને પ્રોડ્યુસર રાકેશ રોશને નવું ટ્રેલર લોંચ કર્યું છે. આ ટ્રેલરની ખાસ વાત છે કે તેમાં હિતિક રોશનનો વોઈસ ઓવર સાંભળવા મળે છે. તેનાથી તેના ફેન્સ ઘણા ઉત્સાહમાં આવી ગયા છે. આ પ્રયોગ પાછળનું કારણ હવે રાકેશ રોશને સ્પષ્ટ કર્યું છે. ૨૨ નવેમ્બરે ફરી રિલીઝ થઈ રહેલી ફિલ્મ વિશે વાત કરતાં એક ઈન્ટરવ્યુમાં રાકેશ રોશને જણાવ્યું, “પહેલાં કોઈ અલગ વ્યક્તિનો અવાજ હતો. એ હિતિકે સાંભળ્યો અને તેનાથી એ જાણે જુની યોદોમાં સરી પડ્યો હતો. તેણે મને



પૂછ્યું, “આ સાંભળીને મને રુંવાડા ઊભા થઈ ગયા. અદ્દભુત ટ્રેલર છે. હું તેનો વોઈસઓવર કરી શકું?”” આ વાત પર રાકેશ રોશન તરત સહમત થઈ ગયા. તેઓ કહે છે, “મેં તેને કહ્યું, કે જો તું વોઈસઓવર કરે તો વધારે સારું. હવે આ હિતિક, શાહરૂખ અને સલમાનની ફિલ્મ છે.” ૧૩ નવેમ્બરે આ ટ્રેલર યુટ્યુબ પર લોંચ કરવામાં આવ્યું, જે વાયરલ થઈ ચૂક્યું છે. અનેક લોકોની જૂની યાદો તાજી થઈ ગઈ છે, તો અનેક લોકોએ આ ફિલ્મ ફરી એક વખત મોટા પડદે જોવાની ઈચ્છા અને ઉત્સુકતા દર્શાવી છે.હિતિકે પોતાના ઈન્સ્ટાગ્રામ પર આ ટ્રેલર શેર કરીને એક ભાવુક પોસ્ટ લખી હતી.

## અર્જુન સાથેના સંબંધોને લઈને મલાઈકાએ સોશ્યલ મીડિયામાં કરી ફની પોસ્ટ

અભિનેત્રી મલાઈકા અરોરાએ પોતાના રિલેશનશીપ સ્ટેટસને લઈને કેટલીક વાત કરી છે. તેણે પોતાના સોશિયલ મીડીયા એકાઉન્ટ પર આ બાબતનો ખુલાસો કર્યો છે. તેણે જણાવ્યુ છે કે હાલમાં તે કેવા પ્રકારના રિલેશનશિપ સ્ટેટસમાં પસાર થઈ રહી છે.

મલાઈકાએ એક ફની પોસ્ટ શેર કરી છે. જેમાં તેણે લખ્યું છે- હાલ મારું સ્ટેટસ શું છે? તેમાં ત્રણ વિકલ્પ લખ્યા હતા- ઈન એ રિલેશનશિપ, સિંગલ, હેહેહે.. મલાઈકાએ આ પોસ્ટમાં હેહેહે... પર ટિક કર્યું હતું. મલાઈકાનો એ ઈશારો છે કે અર્જુન કપુરની સાથે અલગ થઈ ગઈ છે કે નહીં.

મલાઈકાની આ ક્રિપ્ટીક પોસ્ટ ઈન્ટરનેટ પર ઝડપથી વાયરલ થઈ રહી છે, મલાઈકાએ લખ્યું છે કે આપ કેટલા પણ અજબ બની જાઓ, ખોટા લોકો પાર્ટી છોડી દેશે અને સાચા લોકો ડાન્સમાં સામેલ થશે. ઉલ્લેખનીય છે કે મલાઈકા અને અર્જુનકપુરની જોડીને લઈને ઘણી ચર્ચા થઈ છે. અર્જુન મલાઈકા કરતા ૧૧ વર્ષ નાનો ઈ-લગ્ન સુધી વાત પહોંચ્યા બાદ બન્નેના સંબંધો ખતમ થવાની ચર્ચા છે. બ્રેકઅપ બાદ બન્નેના સંબંધોને લઈને ફરીથી ચર્ચા થવા લાગી છે.



# કવર સ્ટોરીઃ સ્ટોરીનો દુકાળ તો સિક્વલનો સુકાળ

**અર્શદ વારસી અને અક્ષય કુમાર ‘જોલી એલએલબી ૩’માં..**

‘યે ક્યા હો રહા હૈ?’ એમ ટીકુ તલસાણિયાની સ્ટાઈલમાં બોલી ઊઠો એવી પરિસ્થિતિ હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં જોવા મળી રહી છે. અહી જુઓ-તહી જુઓ-ઓલી પાર નજર દોડાવો કે આમની કોર આંખો ચોળીને જુઓ, બધે સિક્વલ જ સિક્વલ બની રહી છે.

૨૦૨૪માં અત્યાર સુધી ‘કાગઝ-૨’, ‘સાયલન્સ-૨’, ‘લવ, સેક્સ ઔર ધોખા-૨’, ‘ફિર આયી હસીન દિલરૂબા’, ‘સ્ત્રી-૨’, ‘ભૂલભુલૈયા-૩’ અને ‘સિંઘમ અગેન’ રિલીઝ (થિયેટર અથવા ઓટીટી પ્લૅટફૉર્મ) થઈ ચૂકી છે.

૨૦૨૪નું વર્ષ સિક્વલનું ટ્રેલર માનવામાં આવે છે અને આવતા વર્ષે એટલે કે ૨૦૨૫માં સૂંડલેમોઢે સિક્વલ અને સાથે ફ્રેન્ચાઈઝી બનાવવાની ધૂમ મચશે અને કેટલીક ફિલ્મ રસિયાઓને જોવા મળવાની છે.

‘છફશમ-રેડ-૨’, ‘જોલી એલએલબી-૩’, ‘હાઉસફુલ-૫’, ‘વોર-૨’, ‘બાગી-૪’, ‘ધડક-૨’, ‘સન ઑફ સરદાર-૨’, ‘દે દે પ્યાર-૨’, ‘પુષ્પા-૨’, ‘વેલકમ ટુ ધ જંગલ’ ફિલ્મો તો નિર્માણના વિવિધ તબક્કામાં છે. આ ઉપરાંત એવી પણ કેટલીક સિક્વલ છે જેની કોઈ નક્કર તૈયારી નથી થઈ, પણ એ બનશે જ એવું કહેવાય છે.

આમાં પહેલું નામ ‘હેરાફેરી-૩’નું છે અને એ ઉપરાંત ‘ભૂલભુલૈયા-૪’, ‘તુંબાડ-૨’, ‘ગદર-૩’, ‘ગોલમાલ-૫’ પ્રમુખ નામ છે. આ સિવાય બીજી કેટલીક સિક્વલ-ફ્રેન્ચાઈઝી (દશ્યમ-૩, ધૂમ) વિચારાધીન છે.

આ સિક્વલનો સપાટો તો એવો બોલ્યો છે કે બે મૂઠી ઊંચેરા દિગ્દર્શક સુભાષ ઘઈ અને શેખર કપૂર સુધ્ધાંએ સિક્વલ બનાવવાની ઘોષણા કરી દીધી છે. ફિલ્મ બિઝનેસ કપરા કાળનો સામનો કરી રહ્યો છે. પ્રેક્ષક માઈબાપને કઈ ફિલ્મ શું કામ ગમી જશે એ સમજી જ નથી શકાતું એ વાતાવરણમાં ફિલ્મ મેકરો લોકપ્રિય અને જાણીતાં પાત્રોની કથા આગળ વધારી ફિલ્મ બનાવવામાં સમજદારી હોવાનું માને છે.

ફિલ્મ ટ્રેડના વ્યવસાય સાથે સંકળાયેલા ગિરીશ જોહરનું કહેવું છે કે ‘ફિલ્મ ઈન્ડસ્ટ્રી નર્વસ છે. અત્યારે સિક્વલ, પ્રિક્વલ અને ફ્રેન્ચાઈઝી ફિલ્મો માટે ૪૦થી ૫૦ ટાઈટલ પર કામ થઈ રહ્યું છે. શું ચાલશે અને શું નહી એ અસમંજસભર્યા વાતાવરણમાં સિક્વલ બનાવવી સલામત સાહસ લાગે છે.’

આજનો દર્શક ઓટીટી પ્લૅટફૉર્મ પર વિવિધ ભાષાની દેશી-વિદેશી ફિલ્મો જોઈ સ્માર્ટ બની ગયો છે. ફિલ્મની કથામાં નાવીન્ય ન લાગે તો એ જાકારો આપી દે છે. કથાનો દુકાળ, સિક્વલના સુકાળનું મહત્ત્વનું કારણ ગણાય છે.





**હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સિક્વલ સાંબેલાધાર વરસે જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. શેખર કપૂર અને સુભાષ ઘઈ સુધ્ધાં આ વહેણ સાથે જવા તૈયાર થઈ ગયા છે**

શત્રુઘ્ન સિન્હા સાથેની ‘કાલીચરણ’ (૧૯૭૬)થી લાઈમલાઈટમાં આવી ગયેલા સુભાષ ઘઈએ વિવિધ પ્રકારની એક પછી એક હિટ ફિલ્મો આપી. સુભાષ ઘઈની ફિલ્મ હોય તો જોવી જ જોઈએ એવી ઈમેજ બનાવવામાં તેમને સફળતા મળી હતી. ‘કર્ઝ’, ‘વિધાતા’, ‘રામ લખન’, ‘ખલનાયક’ જેવી યાદગાર ફિલ્મો આપનારા સુભાષ ઘઈનાં પણ વળતાં પાણી શરૂ થયાં ૨૦૦૫ની ‘કિસ્ના’થી. છેલ્લાં વીસેક વર્ષમાં ‘ઈકબાલ’ (કેવળ નિર્માતા)ને બાદ કરતાં તેમની કઈ ફિલ્મ આવી હતી એનું નામ પણ યાદ ન આવે એવી પરિસ્થિતિ છે.

વિષય વૈવિધ્યને પ્રાધાન્ય આપવામાં કાયમ આગ્રહ રાખનારા મિસ્ટર ઘઈએ ૨૦ વર્ષ પહેલાં પ્રોડ્યુસ કરેલી સુપરહિટ ફિલ્મ ‘ઐતરાઝ’ (અક્ષય કુમાર, પ્રિયંકા ચોપડા, કરીના કપૂર)ની રિલીઝનાં ૨૦ વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે ફિલ્મની સિક્વલની ઘોષણા સોશિયલ મીડિયામાં કરી હતી. ત્રણ વર્ષના સખત પરિશ્રમ પછી ફિલ્મની સ્ક્રિપ્ટ ફાઈનલ કરવામાં આવી હોવાનો ખુલાસો ઘઈએ કર્યો છે.૨૦૦૪ની ‘ઐતરાઝ’ અબ્બાસ-મસ્તાને ડિરેક્ટ કરી હતી, જ્યારે ‘ઐતરાઝ ૨’નું દિગ્દર્શન ‘ઓએમજી ૨’ના મેકર અમિત રાય કરશે. સુભાષ ઘઈના શબ્દો છે: ‘અમિતે સેક્સ લાઈફ વિશે આજનાં મૂલ્યો અને આજની વિચારધારાને કેન્દ્રમાં રાખી એક જોરદાર સ્ટોરી લખી છે.

ફિલ્મ કેવળ સોશિયલ ડ્રામા નહી હોય, દર્શકનાં દિલ – દિમાગને હલબલાવી મૂકશે.’

ટૂંકમાં સુભાષ ઘઈ પણ સિક્વલ એક્સપ્રેસમાં સવાર થઈ ગયા છે કે એમણે પણ સવાર થવું પડ્યું છે.બીજી તરફ, શેખર કપૂર ૧૯૮૩માં રિલીઝ થયેલી ‘માસૂમ’ની સિક્વલ બનાવવા માગે છે અને આવતા વર્ષના પ્રારંભમાં એનું શૂટિંગ શરૂ કરવાનું આયોજન છે. મૂળ ફિલ્મના બે પ્રમુખ કલાકાર નસીરુદ્દીન શાહ અને શબાના આઝમી સિક્વલમાં હશે અને સાથે મનોજ બાજપેયી અને શેખર કપૂરની પુત્રી કાવેરી પણ કામ કરશે.ખુદ શેખર કપૂરે જ જણાવ્યું છે કે ‘હું આવતા વર્ષે ફેબ્રુઆરી કે માર્ચમાં શૂટિંગ શરૂ કરી દઈશ. મૂળ ફિલ્મ કરતાં સ્ટોરી લાઈન અલગ હશે, પણ કથાનું હાર્દ, એનાં મૂલ્યો અગાઉ જેવાં જ હશે. હું દુબઈથી પાછો ફરી રહ્યો હતો ત્યારે ઉતાવળમાં સ્ક્રિપ્ટ પ્લેનની સીટ પર ભૂલી ગયો, ખયાલ આવ્યો તો મને પરસેવો વળી ગયો-હું ગભરાઈ ગયો કે હાય હાય હવે ફિલ્મ સમયસર શરૂ નહી કરી શકાય.જોકે, બહુ જલદી ફ્લાઈટ એટેન્ડન્ટે મને એ સ્ક્રિપ્ટ પહોંચાડી અને સાથે એક ચિઠ્ઠી પણ લખી કે ‘માસૂમ’ સુંદર ફિલ્મ હતી અને આ નવી ફિલ્મ પણ એટલી જ સુંદર હશે એની મને ખાતરી છેપ.’ વિધાતાને પણ મંજૂર છે કે સિક્વલ બને અને એટલે જ સ્ક્રિપ્ટ મને પાછી મળી ગઈ.’



# IPL 2025 ઓક્શનમાં વેચાયા 62 વિદેશી; જાણો તમામ 10 ટીમો

બે દિવસીય IPL 2025 મેગા ઓક્શન સમાપ્ત થઈ ગઈ છે. રવિવાર અને સોમવારે કુલ 182 ખેલાડીઓ લકી થયા. તમામ 10 ફ્રેન્ચાઈઝીએ રૂ. 639.15 કરોડનો ખર્ચ કર્યો હતો. ભારતીય વિકેટકીપર રિષભ પંત IPL ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બની ગયો છે. તેને લખનઉ સુપર જાયન્ટ્સ (એલએસજી)એ 27 કરોડ રૂપિયામાં સાઈન કર્યો હતો.

તમને જણાવી દઈએ કે ઓક્શનમાં 62 વિદેશી ખેલાડીઓ વેચાયા હતા. ઓક્શનમાં સૌથી મોંઘો વિદેશી ખેલાડી જોસ બટલર હતો. તેને ગુજરાત ટાઈટન્સ (GT) એ રૂ. 15.75 કરોડમાં ખરીદ્યો હતો. ચેન્નાઈ સુપર કિંગ્સ, પંજાબ કિંગ્સ અને ગુજરાત ટાઈટન્સે 25 ખેલાડીઓની ટીમ તૈયાર કરી છે. એક ટીમમાં વધુમાં વધુ 25 ખેલાડીઓ જ હોઈ શકે છે. ઓક્શન સમાપ્ત થયા પછી તમામ ટીમોની ટુકડીઓ પર એક નજર કરીએ.

**ચેન્નાઈ સુપર કિંગ્સ**

ઋતુરાજ ગાયકવાડ, મતિશા પથિરાના, શિવમ દુબે, રવિન્દ્ર જાડેજા, એમએસ ધોની, ડેવોન કોનવે, રાહુલ ત્રિપાઠી, રચિન રવિન્દ્ર, આર. અશ્વિન, ખલીલ અહેમદ, નૂર અહેમદ, વિજય શંકર, સેમ કુરન, શેખ રશીદ, અંશુલ કંબોજ, મુકેશ ચૌધરી, દીપક હુડા, ગુરજપનીત સિંહ, નાથન એલિસ, જેમી ઓવરટોન, કમલેશ નાગરકોટી, રામકૃષ્ણ ઘોષ, શ્રેયસ ગોપાલ, વંશ બેદી, આન્દ્રે સિધ્ધાર.

**દિલ્હી કેપિટલ્સ**

અક્ષર પટેલ, કુલદીપ યાદવ, ટ્રિસ્ટન સ્ટબ્સ, અભિષેક પોરેલ, મિશેલ સ્ટાર્ક, કેએલ રાહુલ, હેરી બ્રૂક, જેક ફ્રેઝર-મેકગર્ક, ટી. નટરાજન, કરુણ નાયર, સમીર રિઝવી, આશુતોષ શર્મા, મોહિત શર્મા, ફાફ ડુ પ્લેસિસ, મુકેશ કુમાર, દર્શન નલકાંડે, વી. નિગમ, દુષ્મંથા ચમીરા, ડોનોવન ફરેરા, અજય મંડલ, મનવંત કુમાર, ત્રિપુરાણા વિજય, માધવ તિવારી.

**ગુજરાત ટાઈટન્સ**

રાશિદ ખાન, શુભમન ગિલ, સાઈ સુદર્શન, રાહુલ તેવટિયા, શાહરુખ ખાન, કાગીસો રબાડા, જોસ બટલર, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, નિશાંત સિંધુ, મહિપાલ લોમરોર, કુમાર કુશાગ્રા, અનુજ રાવત, માનવ સુથાર, વોશિંગ્ટન સુંદર, ગેરાલે કેત્ઝેઓઝી, અરશદ ખાન, ગુરનૂર બ્રાર, શેરફેન રધરફોર્ડ, સાઈ કિશોર, ઈશાંત શર્મા, જયંત યાદવ, ગ્લેન ફિલિપ્સ, કરીમ જનાત, કુલવંત ખેજરોલિયા.

**લખનઉ સુપર જાયન્ટ્સ**

રિષભ પંત, નિકોલસ પૂરન, રવિ બિશ્નોઈ, મયંક યાદવ, મોહસીન ખાન, આયુષ બદોની, રિષભ પંત, ડેવિડ મિલર, એડન માર્કરામ, મિચેલ માર્શ, આવેશ ખાન, અબ્દુલ સમદ, આર્યન જુયાલ, આકાશ દીપ, હિંમત સિંહ, એમ. સિદ્ધાર્થ, દિગ્વેશ સિંહ, શાહબાઝ અહેમદ, આકાશ સિંહ, શમર જોસેફ, યુવરાજ ચૌધરી, રાજવર્ધન હંગરકર, અર્શિન કુલકર્ણી, મેથ્યુ બ્રેટ્ઝકે.

**મુંબઈ ઈન્ડિયન્સ**

સૂર્યકુમાર યાદવ, હાર્દિક પંડ્યા, રોહિત શર્મા, તિલક વર્મા, જસપ્રિત બુમરાહ, ટ્રેન્ટ બોલ્ટ, નમન ધીર, રોબિન મિન્સ, કર્ણ શર્મા, રેયાન રિકલ્ટન, દીપક ચહર, અલ્લાહ ગઝનફર, વિલ જેક્સ, અશ્વિની કુમાર, મિશેલ સેન્ટનર, રીસ ટોપલી , કૃષ્ણન શ્રીજીત, રાજ અંગદ બાવા, સત્યનારાયણ રાજુ, બેવોન જેકબ્સ, અર્જુન તેંડુલકર, લિઝાદ વિલિયમ્સ, વિગ્નેશ પુથુર.

**રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર**

વિરાટ કોહલી, રજત પાટીદાર, યશ દયાલ, લિયામ લિવિંગસ્ટોન, ફિલ સોલ્ટ, જિતેશ શર્મા, જોશ હેઝલવુડ, રસિક દાર સલામ, સુયશ શર્મા, કૃણાલ પંડ્યા, ભુવનેશ્વર કુમાર, સ્વપ્નિલ સિંહ, ટિમ ડેવિડ, રોમારીયો શેફર્ડ, નુવાન થુશારા, મનોજ ભંડાગે, જેકબ બેથેલ, દેવદત્ત પડિકલ, સ્વસ્તિક ચિકારા, લુંગી એનગીડી, અભિનંદન સિંઘ, મોહિત રાઠી.

**રાજસ્થાન રોયલ્સ**

સંજુ સેમસન, યશસ્વી જયસ્વાલ, રિયાન પરાગ, ધ્રુવ જુરેલ, શિમરોન હેટમાયર, સંદીપ શર્મા, જોફ્રા આર્ચર, મહેશ તિક્ષાના, વાનિન્દુ હસરાંગા, આકાશ મધવાલ, કુમાર કાર્તિકેય, નીતિશ રાણા, તુષાર દેશપાંડે, શુભમ દુબે, યુદ્ધવીર સિંઘ, ફઝલહક ફારુકી, નીતીશ રાણા, વૈભવ સૂર્યવંશી, ક્વેના માફકા, કુણાલ રાઠોડ, અશોક શર્મા.

**પંજાબ કિંગ્સ**

શશાંક સિંહ, પ્રભસિમરન સિંહ, અર્શદીપ સિંહ, શ્રેયસ ઐયર, યુઝવેન્દ્ર ચહલ, માર્કસ સ્ટોઈનિસ, ગ્લેન મેક્સવેલ, નેહલ વાઢેરા, હરપ્રીત બ્રાર, વિષ્ણુ વિનોદ, વિજયકુમાર વિશાક, યશ ઠાકુર, માર્કો જેન્સન, જોશ ઈંગ્લિસ, લોકી ફાર્યુસન, અઝમતુલ્લા ઉમરઝાઈ, હરનૂર પન્નુ, કુલદીપ સેન, પ્રિયાંશ આર્ય, એરોન હાર્ડી, મુશીર ખાન, સૂર્યાંશ શેડગે, ઝેવિયર બાર્ટલેટ, પાઈલા અવિનાશ, પ્રવીણ દુબે.

**કોલકાતા નાઈટ રાઈડર્સ**

રિંકુ સિંહ, વરુણ ચક્રવર્તી, સુનીલ નારાયણ, આન્દ્રે રસેલ, હર્ષિત રાણા, રમનદીપ સિંહ, વેંકટેશ ઐયર, ક્વિન્ટન ડી કોક, રહેમાનુલ્લાહ ગુરબાઝ, એનરિચ નોર્ટજે, અંગક્રિશ રઘુવંશી, વૈભવ અરોરા, મયંક માર્કંડે, રોવમેન પોવેલ, મનીષ પાંડે, સ્પેન્સર જોન્સન, લવનીથ સિસોદિયા, અજિંક્ય રહાણે, અનુકુલ રોય, મોઈન અલી, ઉમરાન મલિક.

**સનરાઈઝર્સ હૈદરાબાદ**

પેટ કમિન્સ, અભિષેક શર્મા, નીતિશ રેડ્ડી, હેનરિક ક્લાસેન, ટ્રેવિસ હેડ, મોહમ્મદ શમી, હર્ષલ પટેલ, ઈશાન કિશન, રાહુલ ચાહર, એડમ ઝમ્પા, અથર્વ તાઈડે, અભિનવ મનોહર, સિમરજીત સિંહ, ઝીશાન અંસારી, જયદેવ ઉનડકટ, બ્રાઈડન કાર્સે, કામિન્દુ મેન્ડિસ, અનિકેત વર્મા, ઈશાન મલિંગા, સચિન બેબી.

# મેગા ઓક્શનમાં આ 19 ધાકડ ખેલાડીઓ રહ્યા અનસોલ્ડ, IPLમાં ચાલતો હતો સિક્કો

IPL 2025 મેગા ઓક્શન હવે પૂર્ણ થઈ ગયું છે. જ્યારે કેટલાક ખેલાડીઓ પર પુષ્કળ નાણાંનો વરસાદ થયો હતો, તો કેટલાક મોટા નામો વેચાયા વગરના રહ્યા, જે ચાહકો માટે થોડું આશ્ચર્યજનક રહ્યું છે. કેટલાક ન વેચાયેલા ખેલાડીઓ છે જેમના માટે ફ્રેન્ચાઈઝીઓએ હરાજી દરમિયાન ભારે બોલી લગાવી હતી.

હવે ન વેચાયેલા ખેલાડીઓની સંપૂર્ણ યાદી સામે આવી છે. બે દિવસ સુધી ચાલેલી મેગા ઓક્શનમાં લગભગ 100 ખેલાડીઓ વેચાયા વગરના રહ્યા. જેમાં ઘણા મોટા નામો પણ સામેલ છે.



મેગા ઓક્શન પહેલા ઘણા ખેલાડીઓ વિશે એવી અટકળો લગાવવામાં આવી રહી હતી કે આ વખતે આ ખેલાડીઓને વેચવામાં ખૂબ જ મુશ્કેલી પડી શકે છે. જે હવે સાચું સાબિત થયું છે. ડેવિડ વોર્નરે એક સમયે સનરાઈઝર્સ હૈદરાબાદને પોતાની કેપ્ટનશિપમાં ચેમ્પિયન બનાવ્યું હતું પરંતુ આ વખતે તેને કોઈ ખરીદનાર મળ્યો નથી. વોર્નરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધો છે.

આ સિવાય વોર્નરે IPLમાં 184 મેચ રમી છે. જેમાં તેણે 6565 રન બનાવ્યા હતા.

આ દરમિયાન વોર્નરે 4 સદી અને 62 અડધી સદી ફટકારી હતી. આ સિવાય પૃથ્વી શૉને દિલ્હી કેપિટલ્સમાંથી છૂટ્યા બાદ મેગા ઓક્શનમાં પણ કોઈ ફ્રેન્ચાઈઝીએ ખરીદ્યો ન હતો. આ સિવાય મયંક અગ્રવાલ પણ આ વખતે અનસોલ્ડ રહ્યો.

**19 અનસોલ્ડ ખેલાડીઓની યાદી**

ડેવિડ વોર્નર, જોની બેરસ્ટો, વકાર સલામખેલ, અનમોલ પ્રીત સિંહ, યશ ધુલ, ઉત્કર્ષ સિંહ, ઉપેન્દ્ર યાદવ, કાર્તિક ત્યાગી, પીયૂષ ચાવલા, પૃથ્વી શો, શાર્દુલ ઠાકુર, કેન વિલિયમસન, મયંક અગ્રવાલ, એલેક્સ કેરી, ડેરેલ મિચેલ, કેએસ ભરત, શાઈ હોપ, મુજીબ રહેમાન, વિજયકાંત.

# બીજી ટેસ્ટ પહેલા પ્રેક્ટિસ મેચમાં નહીં હોય ગૌતમ ગંભીર, 6 ડિસેમ્બર પહેલા એડિલેડ પરત ફરશે

ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર બોર્ડર-ગાવસ્કર ટ્રોફી વચ્ચે સ્વદેશ પરત ફરી રહ્યા છે. કેનબેરામાં 30 નવેમ્બરથી શરૂ થનારી બીજી પ્રેક્ટિસ મેચમાં તે ભારતીય ટીમ સાથે નહીં હોય. જો કે તે 6 ડિસેમ્બરથી યોજાનારી એડિલેડ ટેસ્ટ પહેલા ટીમ સાથે જોડાશે.



'ગંભીર એક ફેમિલી ફંક્શનમાં ભાગ લેવા ભારત આવી રહ્યો છે.' ગંભીરના એક નજીકના વ્યક્તિએ જણાવ્યું કે, ગંભીરના પરિવારમાં એક ફંક્શન છે. પ્રથમ અને બીજી મેચ વચ્ચે પણ અંતર છે તેથી તેઓ સ્વદેશ પરત ફરી રહ્યા છે. તે બીજી ટેસ્ટ પહેલા ટીમ સાથે જોડાશે.

ભારતીય ટીમ 27 નવેમ્બર, બુધવારે કેનબેરા જશે, જ્યાં ટીમ ઈન્ડિયા 30 નવેમ્બરથી વડાપ્રધાન-11 સામે તેની બીજી પ્રેક્ટિસ મેચ રમશે. હાલમાં ભારતીય ટીમ 5 ટેસ્ટ શ્રેણીમાં 1-0થી આગળ છે.

નાયર અને મોર્કેલની દેખરેખ હેઠળ તાલીમ ગૌતમ ગંભીરની ગેરહાજરીમાં ભારતીય ટીમ અન્ય કોચિંગ સ્ટાફની દેખરેખ હેઠળ તાલીમ લેશે. આમાં સહાયક કોચ અભિષેક નાયર અને રેયાન ટેન ડોશેટ, બોલિંગ કોચ મોર્ને મોર્કેલ અને ટી ડેલીશ કેપ્ટન રોહિત શર્માની સલાહ પર તાલીમ આપશે.

ભારતીય કેપ્ટન 2 દિવસ પહેલા 24 નવેમ્બરે ટીમ સાથે જોડાયો હતો. તે આશ્રયદાતા રજા પર હતો. રોહિતની પત્ની રિતિકાએ પુત્રને જન્મ આપ્યો છે.

ભારતે 26 નવેમ્બર, સોમવારે પર્થ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાને 295 રનથી હરાવ્યું હતું . ચોથા દિવસે 534 રનનો પીછો કરવા ઉતરેલી કાંગારૂ ટીમ બીજા દાવમાં 238 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતે બીજી ઈનિંગ 6 વિકેટે 487 રન પર ડિક્લેર કરી હતી. ટીમ ઈન્ડિયાએ પ્રથમ દાવમાં 150 રન બનાવ્યા હતા. જવાબમાં ઓસ્ટ્રેલિયાનો પ્રથમ દાવ 104 રનમાં સમેટાઈ ગયો હતો. કેપ્ટન જસપ્રીત બુમરાહે 8 વિકેટ લીધી હતી. તેણે પ્રથમ દાવમાં 5 અને બીજી ઈનિંગમાં 3 વિકેટ ઝડપી હતી.



# કોલકાતાએ આ ત્રણ ખેલાડીઓની બચાવી લાજ, છેલ્લે લગાવી બોલી!

IPL 2025ની મેગા ઓક્શનમાં ઘણા ખેલાડીઓ અનસોલ્ડ રહ્યા હતા. ઘણા ખેલાડીઓ પ્રારંભિક રાઉન્ડમાં વેચાયા ન હતા, પરંતુ અંતે વેચાયા હતા. આ યાદીમાં ટીમ ઈન્ડિયાના અનુભવી ખેલાડી અજિંક્ય રહાણેનું નામ પણ સામેલ છે. રહાણેની સાથે મોઈન અલી અને ઉમરાન મલિક પણ અંતે વેચાયા હતા. કોલકાતા નાઈટ રાઈડર્સે આ ત્રણેય ખેલાડીઓની ઈજ્જત બચાવી હતી.

અજિંક્ય રહાણે ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમી ચૂક્યો છે. તેણે IPLમાં ઘણા પ્રસંગોએ શાનદાર પ્રદર્શન કર્યું છે. પરંતુ આ વખતે તે શરૂઆતના રાઉન્ડમાં વણસોલ્ડ રહી હતી. જોકે અંતે KKRએ તેને ખરીદ્યો હતો. રહાણેની મૂળ કિંમત 1.50 કરોડ રૂપિયા હતી. તે માત્ર બેઝ પ્રાઈસ સાથે KKR સાથે જોડાયો છે.

મોઈન અલી લાંબા સમયથી ચેન્નાઈ સુપર કિંગ્સ સાથે હતો. તે છેલ્લી સિઝનમાં 8 કરોડ રૂપિયાના પગાર સાથે રમ્યો હતો. પરંતુ CSKએ તેને આ વખતે જાળવી રાખ્યો નથી. હવે તે કોલકાતા તરફથી રમશે. પ્રારંભિક રાઉન્ડમાં મોઈનનું વેચાણ થયું ન હતું. ઉમરાન સાથે પણ એવું જ થયું. ઉમરાન મલિકને શરૂઆતમાં કોઈએ ખરીદ્યો ન હતો. પરંતુ અંતે KKR એ તેને 75 લાખ રૂપિયાની બેઝ પ્રાઈસ સાથે ખરીદ્યો. મોઇનને રૂ. 2 કરોડની મૂળ કિંમત સાથે ખરીદ્યો હતો.

KKR પાસે સૌથી મોંઘા ખેલાડી છે જેની કિંમત 23.75 કરોડ રૂપિયા છે. કોલકાતાએ વેંકટેશ ઐયરને સૌથી વધુ પૈસા ચૂકવ્યા હતા. ટીમે મેગા ઓક્શનમાં એનરિક નોરખિયાના રૂપમાં બીજા સૌથી મોંઘા ખેલાડીને ખરીદ્યો હતો. KKRએ નોરખિયા માટે 6.50 કરોડ રૂપિયા ખર્ચ્યા. ક્વિન્ટન ડી કોકને 3.60 કરોડમાં ખરીદ્યો હતો.

**કોલકાતા નાઈટ રાઈડર્સની સંપૂર્ણ ટીમ**

રિંકુ સિંહ, વરુણ ચક્રવર્તી, સુનીલ નારાયણ, આન્દ્રે રસેલ, હર્ષિત રાણા, રમનદીપ સિંહ, વેંકટેશ ઐયર, ક્વિન્ટન ડી કોક, રહેમાનુલ્લાહ ગુરબાઝ, એનરિચ નોરખિયા, અંગક્રિશ રઘુવંશી, વૈભવ અરોરા, મયંક માર્કંડે, રોવમેન પોવેલ, મનીષ પાંડે, સ્પેન્સર જોન્સન, લવનીથ સિસોદિયા, અજિંક્ય રહાણે, અનુકુલ રોય, મોઈન અલી, ઉમરાન મલિક.

# RCBએ તૈયાર કરી દમદાર ટીમ, 2025ની ફાઈનલમાં પહોંચવાનું લગભગ નિશ્ચિત!

IPL 2025 મેગા ઓક્શનમાં લેવામાં આવેલા નિર્ણયોને કારણે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ભારે ટીકા થઈ રહી છે. વિલ જેક્સને ન ખરીદવાથી ચાહકો ખૂબ જ નિરાશ છે, પરંતુ જો આપણે સમગ્ર બેંગલુરુ ટીમ પર નજર કરીએ તો, આ ટીમ શાનદાર પ્લેઈંગ ઈલેવન કોમ્બિનેશન તૈયાર કરી શકે છે. તમને જણાવી દઈએ કે મેગા ઓક્શન પહેલા RCBએ વિરાટ કોહલી, યશ દયાલ અને રજત પાટીદારના રૂપમાં 3 ખેલાડીઓને રિટેન કર્યા હતા.

બેંગલુરુમાં વિરાટ કોહલી છે, જે આ વખતે પણ ઓપનિંગ કરતા જોવા મળી શકે છે. IPLમાં અત્યાર સુધી 8,000 રનનો આંકડો પાર કરનાર તે એકમાત્ર બેટ્સમેન છે. ફિલ સોલ્ટ તેની સાથે ઓપનિંગ કરતા જોઈ શકાય છે, જેમણે IPL 2024માં KKR તરફથી રમતા 435 રન બનાવ્યા હતા. આગામી સિઝનમાં રજત પાટીદારને ત્રીજા સ્થાને પ્રમોટ કરવામાં આવી શકે છે, જ્યારે જીતેશ શર્મા ચોથા સ્થાનની જવાબદારી સંભાળી શકે છે. જીતેશે 40 મેચ રમીને અત્યાર સુધી તેની IPL કરિયરમાં 730 રન બનાવ્યા છે.

લિયામ લિવિંગસ્ટોન અને ટિમ ડેવિડ પાંચમા અને છઠ્ઠા સ્થાને રમી શકાય છે. આ બંને ખેલાડીઓ મેચ





ફિનિશર છે, જરૂર પડ્યે બોલિંગ કરી શકે છે અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં શાનદાર બેટિંગ કરી રહ્યા છે અને પોતપોતાની ટીમો માટે મોટો સ્કોર બનાવી રહ્યા છે. આ વખતે RCBએ કૃણાલ પંડ્યાને પણ પોતાની ટીમમાં સામેલ કર્યો છે, જેણે તેની IPL કરિયરમાં 1,647 રન બનાવવા ઉપરાંત 76 વિકેટ પણ લીધી છે. કૃણાલ મહત્વપૂર્ણ રહેશે કારણ કે બોલિંગ સિવાય તે બેટિંગમાં પણ ઊંડાણ પ્રદાન કરશે.

ભુવનેશ્વર કુમાર IPL 2025માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે ફાસ્ટ બોલિંગની જવાબદારી સંભાળી શકે છે. ભુવનેશ્વરને બેંગલુરુએ 10.75 કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. આ સિવાય RCB ઓસ્ટ્રેલિયન બોલર જોશ હેઝલવુડને 12.50 કરોડ રૂપિયામાં ખરીદવામાં સફળ રહ્યું હતું. ભુવનેશ્વર અને હેઝલવુડ ઉપરાંત નુવાન તુશારા અને યશ દયાલ ત્રીજા ફાસ્ટ બોલરની ભૂમિકા ભજવતા જોવા મળી શકે છે. કૃણાલ પંડ્યાની સાથે ટીમમાં માત્ર એક મુખ્ય સ્પિન બોલરની અછત જણાઈ રહી છે. જેકબ બેથેલ ટીમમાં છે, પરંતુ તેની પાસે ભારતીય પીચો પર રમવાનો વધુ અનુભવ નથી. સ્વપ્નિલ સિંહ લીડ સ્પિનર તરીકે જોવા મળશે તેવી આશા ઓછી જણાઈ રહી છે.

RCBની બેન્ચ સ્ટ્રેન્થ પણ ઘણી મજબૂત દેખાય છે. જો ટીમ યશ દયાલને મુખ્ય ઝડપી બોલર તરીકે જોઈ રહી છે, તો ટીમમાં રસિક દાર સલામ, બેટિંગ ઓલરાઉન્ડર રોમારિયો શેફર્ડ, મનોજ ભંડાગે અને નુવાન તુશારા પણ હશે.

# ડેનમાર્કના એન્ડેર્સ એન્ટોનસેને જોનાથાન ક્રિસ્ટીને હરાવીને વર્ષનું ચોથું ટાઇટલ જીત્યું

ચાઇના ઓપન માસ્ટર્સ બેડમિન્ટનની મેન્સ સિંગલ્સમાં એન્ડેર્સ એન્ટોનસેને જોનાથાન ક્રિસ્ટીને હરાવીને ટાઇટલ જીતનાર ડેનમાર્કના પ્રથમ ખેલાડી બનવાની સિદ્ધિ મેળવી હતી. યૂરોપિયન ચેમ્પિયન એન્ટોનસેને 51 મિનિટમાં પોતાના હરીફને 21-15, 21-13થી હરાવીને ચાલુ વર્ષ પોતાનું ચોથું ટાઇટલ જીત્યું હતું.

ફાઇનલ્સ રેન્કિંગના ટોચના ક્રમે પહોંચવાની રેસમાં તેણે પોતાનો દાવો વધારે મજબૂત કર્યો છે. એશિયન ચેમ્પિયન જોનાથાન સામે એન્ટોનસેને 10 મુકાબલામાં ચોથો વિજય હાંસલ કર્યો છે.પેરિસ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યા બાદ પોતાની પ્રથમ પ્રોફેશનલ ટૂર્નામેન્ટ રમનાર એન સેયોંગે ચીનની સ્થાનિક ખેલાડી ગાઓ ફેંગજેઇને હરાવીને ટાઇટલ પોતાના નામે કર્યું હતું. 22 વર્ષીય કોરિયન ખેલાડીએ 38 મિનિટમાં કોઇ પણ મુશ્કેલી વિના ફાઇનલ 21-12, 21-8ના સ્કોરથી જીતી લીધી હતી.

# રાજકોટમાં પાટીદાર અગ્રણી સરધારા પર પોલીસ ઈન્સ્પેક્ટર પાદરિયા દ્વારા હુમલો



**પીઆઈ સંજય પાદરિયા સામે નોંધાઈ ફરિયાદ જયંતી સરધારા પર હુમલો કરાતા ચકચાર**

રાજકોટ, તા.૨૬

રાજકોટમાં ગઈ કાલે એક મોટી ઘટના બની હતી. ભાજપના પૂર્વ કોર્પોરેટર અને પાટીદાર અગ્રણી જયંતી સરધારા પર જીવલેણ હુમલો થયો હતો. જે મામલે અત્યારે મહત્વના સમાચાર સામે આવ્યાં છે. મવડી કણકોટ રોડ પર આવેલા પાર્ટી પ્લોટ નજીક આ હુમલો કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું.

એટલું જ નહી પરંતુ ખોડલધામ સાથે સંકળાયેલા PI સંજય પાદરિયાએ હુમલો કર્યાનો આરોપ કરાયો હતો. જયંતી સરધારાએ PI સંજય પાદરિયા પર ગંભીર આક્ષેપ કર્યા હતો. મળતી માહિતી મુજબ, રાજકોટ પાટીદાર અગ્રણી પર હુમલો કરનાર PI સંજય પાદરિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ ગઈ છે. નોંધનીય છે કે, PI સંજય પાદરિયા જૂનાગઢમાં પોતાની ફરજ બજાવે છે અત્યારે તેમની સામે ફરિયાદ નોંધાઈ છે. હુલમાની ઘટના રાજકોટમાં બની હતી જેથી રાજકોટ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી છે. વધારે વિગતે વાત કરવામાં આવે તો, BNS ની ૧૦૯ (૧), ૧૧૫ (૨), ૧૧૮ (૧), ૩૫૨, ૩૫૧(૩) તથા GP એક્ટ ૧૩૫(૧) મુજબ ફરિયાદ નોંધવામાં આવી છે.

નોંધનીય છે કે, જયંતિ સરધારાએ પીઆઈ સંજય પાદરિયા પર ગંભીર આરોપ પણ લગાવ્યાં છે. સમાજ સાથે ગદારી કરી કહી હુમલો કર્યાનો, પહેલા હુમલો કરી ઉશ્કેર્યાનો અને ત્યાર બાદ મુક્કા માર્યાનો આરોપ જયંતિ સરધારાએ પીઆઈ સંજય પાદરિયા પર લગાવ્યો છે. 'સરદારધામમાં ઉપપ્રમુખ કેમ બન્યા? એવું કહીને હુમલો કર્યાનો PI સંજય પાદરિયા પર ગંભીર આરોપ લગાવાયો છે. મહત્વની વાત એ છે કે, જ્યાં આ ઘટના બની એ જગ્યા એટલે કે, પાર્ટી પ્લોટના CCTV તપાસવામાં આવે તો સમગ્ર ઘટનાની જાણ થઈ શકે તેમ છે. જોકે, આ મામલે અત્યારે રાજકોટ તાલુકા પોસીલે PI સંજય પાદરિયા સામે ફરિયાદ નોંધી દીધી છે.

## ઉધના ત્રણ રસ્તા પાસેના કારખાનામાં આગ લાગી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૬

ઉધના મેઈન રોડ ઉધના ત્રણ રસ્તા પાસે અને સ્વામિનારાયણ મંદિરની પાછળ આદર્શ ઈન્ડસ્ટ્રીયલ આવેલી છે. આ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ઈ-૫૭ અને ૫૮ નંબરના પ્લોટ માં કાપડનું ખાતું આવેલું છે. આ કાપડના ખાતાના વાયરીગમાં સોરઠ સર્કિટ થતા આગ લાગી હતી. આગના બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા માનદરવાજા, ઉધના અને ભેસ્તાન ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર અને ફાયર જવાનોને ઘટના સ્થળે ફાઈટર અને ટેન્કર સાથે મોકલી આપવામાં આવ્યા હતા. જ્યાં તેઓએ પાણીનો છંટકાવ કરીને કાપડ ના ખાતામાં લાગેલી આગને બુજાવી નાખી હતી. આગને કારણે કાપડના ખાતામાં રહેલો ૩૫% કાપડનો જથ્થો, બોબીન અને મશીન બળીને રાખ થઈ ગયો હતા.

# પોલીસે ઝડપી પાડેલા સિરીયલ કિલરનાં ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર

### પારડીની વિદ્યાર્થિની પર બળાત્કાર બાદ હત્યા કરનાર આરોપીની સઘન પૂછપરછ

વલસાડ, તા.૨૬

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના મોતીવાળા વિસ્તારમાં રહેતી બી-કોમના બીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીનું ૧૪ નવેમ્બરના રોજ અપહરણ કરી નજીકમાં આવેલી આંબાવાડીમાં લઈ જઈ દુષ્કર્મ આચરી હત્યા કરવાના ગુનામાં વલસાડ પોલીસને વાપી CCTV ફુટેજના આધારે શકમંદના ઝ્રઝ્રફ ફુટેજના આધારે બાતમીદારોની મદદ લઈને વલસાડ પોલીસે ૧૧માં દિવસે રાત્રે આરોપીને ઝડપી પાડ્યો હતો. પારડી પોલીસે આરોપીનો કબ્જો મેળવી આરોપીની ધરપકડ કરી હતી. આરોપીને વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે મોકલાવી આરોપીનું મેડિકલ કરાવવાની તજવીજ હાથ ધરી હતી. આરોપીને કોર્ટમાં રજુકરીને કોર્ટમાંથી કેસમાં વધુ તપાસ માટે આરોપીના રિમાન્ડની માંગણી કરી હતી. પારડી પોલીસે આરોપીના ૧૦ દિવસના રિમાન્ડ મેળવી આગળની તજવીજ હાથ ધરી હતી.

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના મોતીવાળા ગામમાં રહેતી શ્રમિક પરિવારની બી-કોમની સ્વનિર્ભર યુવતી રહેતી હતી. ટ્યુશન ક્લાસમાં દિવાળી વેકેશન પૂર્ણ થતાં ૧૪ નવેમ્બરે પહેલા દિવસે ટ્યુશન ક્લાસમાં ગઈ હતી. ટ્યુશન ક્લાસમાં અભ્યાસ કર્યા બાદ યુવતી ઘરે પરત ફરી ન હતી. પરિવારના સભ્યોએ વિદ્યાર્થિનીને મોબાઈલ ઉપર ફોન કરતા ફોન સ્વીચ ઓફ આવતો હતો. જેથી ચિંતિત બનેલા વિદ્યાર્થિનીના પરિવારના સભ્યોએ વિદ્યાર્થીની શોધખોળ કરતા ૧૪ નવેમ્બરની મોડી સાંજે મોતીવાળા રેલવે ફાટક પાસે આવેલી આંબાવાડીમાંથી યુવતીની લાશ મળી હતી. યુવતીની લાશને નજીકની હોસ્પિટલ ખસેડતા યુવતીને મૃત જાહેર કરી હતી. તે કેસમાં પારડી પોલીસને ઘટનાની જાણ થતાં યુવતીની લાશનું પેનલ PM કરાવી આગળની તજવીજ હાથ ધરી છે. વલસાડ SP કરનરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ જિલ્લાના ૪ DySPના નેતૃત્વમાં વલસાડ LCB, SOG અને જિલ્લાના તમામ પોલીસ મથકના પોલીસ અધિકારીઓ અને પોલીસ જવાનોની મદદ મેળવીને કેસની તપાસ હાથ ધરી છે. વાપી રેલવે સ્ટેશન ખાતે મળેલી CCTV ફુટેજના આધારે શકમંદ ઈસમ પાસેથી ઘટના સ્થળેથી મળેલા કપડાં મળી આવ્યા હતા.

# સુરતના લિંબાયત વિસ્તારમાં રાત્રી સમયે પોલીસનું કોમ્બિંગ

### ૧૦૦ પોલીસ કર્મચારીઓ દ્વારા બે કલાકમાં ૧૧૨ વાહનોનું ચેકીંગ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૬

સુરત શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. ભેસ્તાન બાદ હવે સુરતના લિંબાયતના ગ્રે વિસ્તારમાં રાત્રિ દરમિયાન વિશેષ કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પીએસઆઇના નેતૃત્વ હેઠળ અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. આ ટીમોએ ફિઝિકલ વાયોલન્સ અને અન્ય ગુનાઓમાં સંકળાયેલા આરોપીઓના ઘરો પર સીધી કાર્યવાહી હાથ ધરી હતી. દરેક આરોપી હાલમાં શું કરી રહ્યો છે અને તે ઘરમાં હાજર છે કે કેમ? તે અંગે તલસ્પર્શી તપાસ કરવામાં આવી હતી. આ ઓપરેશનમાં ૧૦૦થી વધુ પોલીસકર્મીઓ સામેલ થયા હતાં. બે કલાકમાં ૭ કેસ અને ૧૧૨ વાહનોનું નિરીક્ષણ કર્યું હતું.

ભેસ્તાન વિસ્તાર બાદ લિબાયત પોલીસ સ્ટેશન દ્વારા શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે રાત્રિના ૮:૦૦થી ૧૦:૦૦ દરમિયાન વિશેષ કોમ્બિંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશનના મુખ્ય ઉદ્દેશો અસામાજિક તત્વોને કાબૂમાં લેવા અને વિસ્તારના શાંતિપૂર્ણ વાતાવરણને યથાવત્ રાખવાનો હતો. કોમ્બિંગ ઓપરેશન દરમિયાન લિબાયત પોલીસે વિવિધ પ્રકારની કાર્યવાહી કરી, જેના હેઠળ કાયદાનો ભંગ કરતા અને શંકાસ્પદ વ્યક્તિઓ પર કડક ચેકિંગ હાથ ધરાયું હતું.

ડીસીપી ભગિરથસિંહ ગઢવીએ જણાવ્યું કે, ફિઝિકલ વાયોલન્સ અને શંકાસ્પદ પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા લોકોના મનમાં કાયદાનું ભાન રહે તે માટે આ પ્રકારના કોમ્બિંગ ઓપરેશ હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રકારની કામગીરી આગળ પણ ચાલુ રહેશે. આ કામગીરી સાથે લિબાયત પોલીસ દ્વારા શાંતિ જાળવવા માટેના પ્રયાસો લોકોને સુરક્ષિત પર્યાવરણ પ્રદાન કરવા માટે છે.

# સાયણ બજારમાં રહેતી આધેડ પરિણીતાએ કરેલી આત્મહત્યા

સુરત, તા.૨૬

મૂળ સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લાના બદ્દુ ગામની પરિણીત મહિલા ઉમાબેન અરુણભાઈ પટેલ (ઉ.વ.૪૫) હાલમાં સાયણ બજારમાં શ્રી રામ કોમ્પ્લેક્સમાં કાર્યરત બેંક ઓફ બરોડાની ઉપર રૂમ નંબર-૩૦૬માં તેની સ્વર્ગસ્થ સગી બહેનના પુત્ર ધ્રુવ દિનેશભાઈ ડોબરીયા સાથે રહેતી હતી. જ્યારે ઉમાબેનના પતિ સાથે અણબનાવ હોવાથી તેણીનો પતિ અરુણભાઈ અને બે સંતાનો છેલ્લા ૧૦ વર્ષથી નવસારી અલગ રહેતા હતાં અને તેણી સાથે કોઈપણ બોલચાલ ન હતી. રત્નકલાકાર ધ્રુવ ડોબરીયા હાલમાં હીરા કારખાનામાં વેકેશન હોવાથી માસી સાથે ઘરે જ હતો. ધ્રુવ ડોબરીયાના જણાવ્યા મુજબ તેની માસી ઉમાબેન પરિવારની અલગતાના કારણે ઘણા સમયથી માનસિક તણાવમાં જીવી રહી હતી. જેથી માસી ઉમાબેન પટેલે કોઈ અગમ્ય કારણસર પોતાના ઘરે સાડીનો એક છેડો પંખા સાથે બાંધી બીજો છેડાનો ગાળિયો પોતાના ગળામાં બાંધી પોતે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

આ બાબતની જાણ થતાં તેણે તરત ઓલપાડ પોલીસને જાણ કરી હતી. જે બાદ ઘટનાસ્થળે આવેલી પોલીસે મૃતક મહિલાની લાશનો કબજો લઈ સાયણ ખાતેના સરકારી દવાખાનામાં પીએમ કરાવ્યું હતું. પોલીસે હાલ તો મહિલાએ માનસિક તણાવમાં આવી જઈ આપઘાત કર્યો હોવાના અનુમાન સાથે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ સાયણ આ.પો. ચોકીના અ.હે.કો. અનિલ નગીન કરી રહ્યા છે.

# ભરૂચના ઉમલ્લા ખાતે ડમ્પર અડફેટે ટીઆરબી જવાનનું મોત

### રેત માફીયા વિરુદ્ધ સાંસદ મનસુખ વસાવાનો આક્રોશ

ભરૂચ, તા.૨૬

ભરૂચના ઉમલ્લા નજીક ડમ્પર ચાલકે ઈમ જવાનને અડફેટમાં લેતાં ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું છે. અકસ્માત મમાલે ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ સોશ્યલ મીડિયામાં રેત માફિયાઓના કારણે લોકો ભોગ બનતા હોવાની પોસ્ટ મૂકી આક્રોશ ઠાલવ્યો છે.

ભરૂચના ઉમલ્લા ખાતે સુમિત વસાવા TRB માં ફરજ બજાવતો હતો.ગતરોજ રાત્રીના એક ડમ્પર ચાલકે પોતાની ગાડી પુર પડપે હંકારી લાવી ખાખરીપરા વચ્ચે પાણેથા રોડ પર TRB જવાનને અડફેટમાં લેતાં સુમિત વસાવાને ગંભીર ઈજાઓ પહોચતા તેનું ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું.જોકે અકસ્માત સર્જી ડમ્પર ચાલક ફરાર થઈ ગયો હતો.આ મામલે ઉમલ્લા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ફરાર ડમ્પર ચાલકને પકડવાની તજવીજ હાથ ધરી છે.

આ અકસ્માતની ઘટના મમાલે ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ સોશ્યલ મીડિયામાં પોસ્ટ મૂકી હતી કે, મુખ્યમંત્રીને મેઈલ કરવાના ગણતરીના કલાકોમાં જ એક કમકમાટી ભરી ઘટના ઘટી છે જેમાં ઉમલ્લા ખાખરીપરા વચ્ચે પાણેથા રોડ પર એક ડમ્પરવાળાએ ટી.આર.બી. જવાન સુમિત વસાવાને કચડીને ભાગી ગયો જેથી ઘટના સ્થળ પર જ મોત નિપજ્યું છે.આ ઘટના રેત માફિયાઓ બેફામ રીતે ડમ્પર ચલાવાના કારણે આવી અનેક ઘટનાઓ અવાર-નવાર ઘટે છે જેના કારણે જ હું આવા ગેરકાયદેસર થતાં કામો સામે મારો અવાજ ઉઠાવું છું. જે લોકોને આવા ગેરકાયદેસર થતાં કામોની ચિંતા નથી એ લોકો પણ આની ચિંતા કરે અને આ રેત માફિયાઓનાં પાપનો ભોગ સામાન્ય માણસનાં બને એ માટે અવાજ ઉઠાવો ખુબ જરૂરી છે.ટી.આર.બી. જવાન સ્વ.સુમિત વસાવાને હું ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી અર્પણ કરું છું સાથે જ પોલીસ વિભાગ તેમના પરિવારને યોગ્ય સહાય કરે એવી અપીલ કરું છું.

**જુના**
**પહેલા પાનાનું ચાલુ**

આપવાનો છે.૨૬ નવેમ્બર ૧૯૪૯ ના રોજ બંધારણ લાગુ કેમ ન થયું? ૨૬ જાન્યુઆરી ૧૯૩૦ના રોજ કોંગ્રેસે દેશની સંપૂર્ણ આઝાદીનો નારો આપ્યો હતો. તેની યાદમાં, અમે બંધારણ લાગુ કરવા માટે ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ સુધી રાહ જોઈ. ૧૯૨૯માં, જવાહરલાલ નેહરુની અધ્યક્ષતામાં કોંગ્રેસના લાહોર અધિવેશનમાં પ્રથમ વખત પૂર્ણ સ્વરાજના શપથ લેવામાં આવ્યા હતા.તે અધિવેશનમાં, બ્રિટિશ સરકાર પાસેથી માંગ કરવામાં આવી હતી કે ભારતને ૨૬ જાન્યુઆરી, ૧૯૩૦ સુધીમાં સાર્વભૌમ દરજ્જો આપવામાં આવે. ત્યારબાદ ૨૬ જાન્યુઆરી, ૧૯૩૦ના રોજ પ્રથમ વખત પૂર્ણ સ્વરાજ અથવા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી.

આ પછી, સ્વતંત્રતા દિવસ ૨૬ જાન્યુઆરીએ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ સુધી, એટલે કે આગામી ૧૭ વર્ષ સુધી ઉજવવામાં આવતો રહ્યો. આ દિવસના મહત્વને કારણે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦માં દેશનું બંધારણ લાગુ કરવામાં આવ્યું અને તેને ગણતંત્ર દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો.

**અદાણીને**
**પહેલા પાનાનું ચાલુ**

કોઈ કંપનીને નવી મૂડી ઉભી કરવાની આવશ્યકતા નથી છતાં મૂડી જરૂરિયાત ઉભી થાય તો વિદેશી મૂડી મેળવવામાં મર્યાદા આવી જશે.

અમેરિકામાં કેસ બાદ અદાણી ગ્રીને ૬૦૦ મિલિયન ડોલરની બોન્ડ ઓફર રદ કરી હતી. ફલોરિડા સ્થિત એજન્સીએ કહ્યું કે, અદાણી ગ્રુપને ભારતીય બેંકો તરફથી ધિરાણમાં કોઈ ફેર પડયો નથી. ભારતીય બેંકો ધિરાણ અટકાવે તેવા કોઈ સંકેત નથી.

૨૪ સપ્ટેમ્બરની સ્થિતિએ ભારતીય બેંકોનું અદાણીને ૧.૧ લાખ કરોડનું ધિરાણ હતું જે તેના કુલ દેણાના ૪૨ ટકા થવા જાય છે. અદાણી ગ્રુપને ભારત સરકારનું સમર્થન નિર્ણાયક બનશે તેમાં કોઈ નકારાત્મક કદમ આવે તો મોટી અસર થવાનો ઈન્કાર થતો નથી. વ્યક્તિગત ધોરણે ગૌતમ અદાણીને ફંડ કે અન્ય કાંઈ થાય તો કંપની ઓપરેશનને કોઈ અસર થાય તેમ નથી.

**સામાન્ય**
**પહેલા પાનાનું ચાલુ**

પેપરલેસ હશે અને તેનાથી વ્યાપારી વર્ગની અનેક ફરિયાદોનો અંત આવશે. દેશમાં હાલ ૭૮ કરોડ પાનકાર્ડ હોલ્ડર છે જેમાં ૯૮% વ્યક્તિગત છે.

આ નવા પાન ૨.૦ થી હાલ જે પાનકાર્ડમાં બનાવટી- બોગસ- એક વ્યક્તિના નામે એકથી વધુ પાનકાર્ડ જેવી સમસ્યા છે તેને પણ દુર કરવામાં સરળતા મળશે. નવા પાન ૨.૦માં કયુઆર કોડ હશે. જેનાથી તેની ઓળખ પણ સરળતાથી મેળવી શકાશે.

**સગીર બળાત્કારી**
**પહેલા પાનાનું ચાલુ**

નાખશે. બળાત્કારનો વીડિયો વાયરલ કરવાની ધમકીઓ પણ આપવામાં આવી હતી. જોકે, અન્ય કોઈએ પીડિતાના પિતાને ઘટના અંગે જાણ કરી હતી.આ અંગે તેમણે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે તેની તાત્કાલિક ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ, જુવેનાઈલ જસ્ટિસ બોર્ડે મુખ્ય આરોપી સહિત ૪ સગીરોને જામીન આપ્યા હતા. આ અંગે પીડિતાના પિતાએ વિનંતી કરી હતી કે આરોપીઓ પર પુખ્ત વયે કેસ ચલાવવામાં આવે.

**એટીએમમાંથી**
**પહેલા પાનાનું ચાલુ**

થતી સમસ્યાઓમાંથી થોડીક અંશે રાહત મળી શકશે.મોટાભાગના એટીએમ મશીનોમાં રૂ. ૫૦૦ તેમજ રૂ. ૨૦૦ અને રૂ. ૧૦૦ની નોટ ફરજિયાત દાખલ કરવાની સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી છે. જેના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

**એસ્સાર ગ્રુપના**
**પહેલા પાનાનું ચાલુ**

રુઈયા અનેક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય સંસ્થાઓ અને ઉદ્યોગ સંગઠનોના સભ્ય હતા. તેઓ ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI)ની મેનેજિંગ કમિટીમાં હતા. તેઓ ભારત-અમેરિકા જોઈન્ટ બિઝનેસ કાઉન્સિલના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. રુઈયા વડાપ્રધાનના ભારત-યુએસ સીઈઓ ફોરમ અને ઈન્ડિયા-જાપાન બિઝનેસ કાઉન્સિલના સભ્ય હતા.કંપનીની સત્તાવાર વેબસાઈટ અનુસાર, કંપનીનો બિઝનેસ ૫૦થી વધુ દેશોમાં ફેલાયેલો છે. કંપની એનર્જી, મેટલ અને માઈનિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેક્નોલોજી અને સર્વિસિસના સેક્ટરમાં કામ કરે છે. શશિ રુઈયાને બિઝનેસ ઈન્ડિયા બિઝનેસમેન ઓફ ધ યર એવોર્ડ ૨૦૧૦ પણ આપવામાં આવ્યો હતો.

**તુર્કીમાં**
**પહેલા પાનાનું ચાલુ**

લાગી કે તુર્ત જ અગ્નિ શામક ફુવારાથી વિમાનને બચાવી લેવાયું હતું. તુર્કીનાં મંત્રાલયના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, રશિયન બનાવટના એસ.યુ.૯૫ પ્રકારનું આ વિમાન રાત્રે ૨૧.૩૪ કલાકે રન-વેને ટચ થયું ત્યારે પાયલોટે ઈમરજન્સી કોલ કરતાં અગ્નિ શામકો સક્રિય કરી દેવાયા હતા. વિમાન રનવે ઉપર ઊભું રહ્યું કે તુર્ત જ આગ ઠારી દેવાઈ હતી.

**દેશ ભરમાં**
**પહેલા પાનાનું ચાલુ**

રિઝર્વ બેન્કનાં ગર્વનર શશીકાંત દાસ મોંઘવારીનું જોખમ ઉભુ હોવાનો દાવો કરી રહ્યા છે. વ્યાજદરમાં આગોતરો ઘટાડો કરાય તો આર્થિક સંતુલન બગડવાનું જોખમ રહેવાનું માને છે.

**સુરત જિલ્લામાં**
**પેજ-૨ પાનાનું ચાલુ**

થતો જોવા મળી રહ્યોછે જે મીનમેખ બાબત છે. એક સભ્ય સમાજમાં આવી પરિસ્થિતિનું નિર્માણ થવું ખુબ જ દુઃખની બાબત છે. આવી પરિસ્થિતિનું નિર્માણ કરવામાં અને સુરત જિલ્લા અને શહેરમાં ક્રાઈમ રેટમાં દિનપ્રતિદિન વધારો થવા માટે ગંભીર ગુનાઓ પ્રત્યે આંખ આડા કાન કરનાર પોલીસ તંત્રના અધિકારીઓની નિષ્ક્રિયતા જવાબદાર છે જેને લીધે આવા ગુનેગારોને ગુનાઓ કરવા માટે મોકળુ મેદાન મળી જાય છે. તેમજ કેટલાક કર્મચારીઓ અને તેમની સાથે સાંઠ-ગાંઠ ધરાવતા વહીવટદારો અને રીઢા બુટલેગરોના મેળાપીપળા અને સાંઠ-ગાંઠને લીધે પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ ખુલ્લેઆમ થઈ ગયેલ છે. ગુજરાત રાજ્યમાં "ધી પ્રોહીબીશન એક્ટ ૧૯૪૯" હેઠળ કોઈપણ નાગરિક દ્વારા અમુક મર્યાદા સુધી અને લાઈસન્સ વિના દારૂની ખરીદી કરવી, તેને કબ્જામાં રાખવું કે કન્ઝ્યુમ કરવું એ પ્રતિબંધિત છે. તેમજ વર્ષ ૨૦૧૭ માં કાયદામાં સુધારો કરીને ૧૦ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમ છતાંપણ પોલીસ તંત્ર સુરત જીલ્લામાં દારુ તેમજ અન્ય પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ રોકવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે અને વહીવટદારો સાથે મળીને ખુબ મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવા માટેનું એક સફળ મોડેલ તૈયાર કરેલ હોય એવું લાગી રહ્યું છે.

ઉપરાંત, દર વર્ષે સુરત જિલ્લામાં પોલીસ અધિક્ષક સુરત (ગ્રામ્ય) ની કચેરી તરફથી સુરત જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં બુટલેગરોની યાદી બહાર પાડવામાં આવે છે. અને આ યાદી તમામ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરો તેમજ પોલીસ સબ-ઈન્સ્પેક્ટરોને મોકલવામાં આવે છે. જે ઉપરથી જણાઈ આવે છે કે પોલીસ વિભાગ પાસે સુરત જિલ્લામાં મોટા ભાગે બધા બુટલેગરોની માહિતી હોય છે ઉપરાંત આ બુટલેગરો ઉપર કેટલી ફરિયાદો થયેલ છે અને કેટલા ગુના નોંધાયેલ છે તેની પણ પૂરતી માહિતી હોય છે.જાહેર માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ (RTI)અંતર્ગત મળેલ માહિતી મુજબ સુરતમાં સક્રિય બુટલેગરો ૫૩૮ નોંધાયેલા છે.

વધુમાં,સુરત જિલ્લાના કામરેજ વિસ્તારમાં કૂલ બુટલેગરોમાંથી કેટલાક બુટલેગરો વિરુદ્ધ ૪૦ થી વધુ ગુનાઓ નોંધાયેલ છે અને કેટલાક બુટલેગરો વિરુદ્ધ ૨૫ જેટલા ગુનાઓ નોંધાયેલ છે. બાકી અન્ય બુટલેગરો વિરુદ્ધ ૧૦-૧૫ જેટલા ગુનાઓ નોંધાયેલ છે.સુરત જિલ્લાના ઓલપાડ વિસ્તારમાંથી કૂલ બુટલેગરોમાંથી મહત્તમ બુટલેગરો વિરુદ્ધ ૨૦ થી વધુ ગુનાઓ નોંધાયેલ છે. માંગરોળ વિસ્તારમાં કેટલાક બુટલેગરો વિરુદ્ધ ૨૦ થી વધુ ગુનાઓ નોંધાયેલ છે અને અન્ય બુટલેગરો વિરુદ્ધ ૧૦-૧૫ જેટલા ગુનાઓ નોંધાયેલ છે. ઉપરાંત, સુરત જિલ્લાના તમામ તાલુકાઓમાં ઘણા બુટલેગરો એવા છે જેઓની ઉપર ૨૫ થી વધુ વખત "ધી પ્રોહિબિશન એક્ટ" ની કલમ ૬૫ હેઠળ ગુનાઓ નોંધાયેલ છે. તેમ છતાં આજે પણ આ બુટલેગરો સમાજમાં ખુલ્લેઆમ ફરી રહ્યા છે. અને બીજા ઈસમો દ્વારા દારુ વેચાણનો આખો ગોરખ ધંધો ચલાવી રહ્યા છે.

આ બુટલેગરો સામે આટલા બધા ગુનાઓ નોંધાયેલ હોય છતાં આ બુટલેગરો સમાજમાં ખુલ્લેઆમ ફરી રહ્યા છે અને સમાજમાં દારૂનું વેચાણ વધારી રહ્યા છે. આ બુટલેગરોએ હવે નવી પદ્ધતિ ઊભી કરેલ છે અને અન્ય વચેટિયા લોકો પાસેથી આ બુટલેગરો દારૂનો વેપાર કરાવે છે. પોલીસ વિભાગને પૂરેપૂરી માહિતી હોવા છતાં ફક્ત અને ફક્ત દર વર્ષે આ બુટલેગરોની લિસ્ટ રિવાઈઝ કરવામાં આવે છે પણ કોઈ કઠોર અને ચોક્કસ પગલાં આ બુટલેગરો વિરુદ્ધ લેવામાં આવતા નથી. જેને કારણે આ બુટલેગરોને મોકળુ મેદાન મળી ગયેલ છે અને બેરોકટોક દારૂનો વેપાર કરી રહ્યા છે. અને સમાજમાં દારૂનું ખૂબ મોટું દૂષણ હાલમાં પ્રવર્તે છે જેને કારણે મોટા ભાગના ગંભીર ગુનાઓ સમાજમાં થતાં જોવા મળે છે. અને કાયદો અને વ્યવસ્થા જળવાતી નથી. જેથી આ બુટલેગરોને રોકવા અને કાયદાકીય પગલાં લઈ તેમને અટકાવવા ખૂબ જ આવશ્યક છે.

આમ, અમારી ફરિયાદના અનુસંધાને વિશાળ સમાજ હિતમાં યોગ્ય કાર્યવાહી કરી આ બુટલેગરો સામે કડકમાં કડક પગલાં લેવામાં આવે અને આ બુટલેગરો સામે ચાલતા કેસોમાં "સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર" ની નિમણૂક કરવામાં આવે કે જેથી આ બુટલેગરોને સજા થાય એન પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ ગુજરાત રાજ્યમાં ઘટાડી શકાય અને ગુનાઓ ઉપર અંકુશ લગાવી શકાય.

**સધર્ન ગુજરાત**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ચર્ચા ભારત અને શ્રીલંકા વચ્ચેના સંબંધોને મજબૂત કરવા અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપી શકે તેવી આશાસ્પદ વેપારી તકો શોધવા પર કેન્દ્રિત હતી. માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ સભાનું સંચાલન કર્યું હતું અને આ મુલાકાતથી બંને દેશોને શું લાભ થશે તેની વિગતવાર માહિતી આપી હતી અને આજની આ મુલાકાત બંને દેશો માટે સિમાચિન્હ રૂપ બની રહેશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુક્લએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો, ત્યાર બાદ બેઠકનું સમાપન થયું હતું.

**સુરત જિલ્લામાં બાળ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

શ્રમિક (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ-૧૯૮૬ અન્વયે થયેલ કામગીરીની વિગતો આપતા જણાવ્યું કે, ઓકટોબર મહિનામાં ટાસ્કફોર્સ દ્વારા હોટેલ-રેસ્ટોરન્ટ, કરખાનાઓમાં ૨ રેડ કરાઈ હતી, જેમાં ૧ તરૂણ શ્રમિક મળી આવતા તેના પુનર્વસનની કામગીરી કરવામાં આવી છે. આ બાળકને સાથે રાખી તેના માતાપિતાનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું અને ભવિષ્યમાં બાળક ફરી વાર બાળમજૂરીના દલદલમાં ન ફસાય એ માટે સમજણ આપવામાં આવી છે. માલૂમ પડેલ તરૂણ શ્રમિક જ્યાં કામ કરતો હતો તે જગ્યાના માલિક સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હોવાનું મદદનીશ શ્રમ આયુકતશ્રીએ જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા પ્રા.શિક્ષણ અધિકારી જયેશ પટેલ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી જિજ્ઞેશ ચૌધરી, ટાસ્ક ફોર્સના સભ્યો સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ભરૂચમાં નવી જંત્રી**
**પેજ-૨ પાનાનું ચાલુ**

છે.ભાવ રિવાઈઝ કરતા ધરતીનો તાતના ચહેરા પર હલકું સ્મિત રેલાયું છે.ખાસ કરીને જમીનની કિંમત ધરતીનો તાત આંકી રહ્યો હતો એટલો ભાવ રિવાઈઝ થયો નથી પણ તેના સમક્ષ ભાવ રિવાઈઝ થતા હવે તેમના ગુંચવાયેલા વળતરનો મુદ્દો વહેલી તકે ઉકેલાશે તેવી ફરી આશા બંધાઈ છે. આ અંગે ભાડભૂત અસરગ્રસ્ત ખેડૂત સમન્વય સમિતિના આગેવાન હિરેન ભટ્ટે વાતચીતમાં જણાવ્યું હતું કે સરકાર દ્વારા સાયન્ટીફીક રીતે સર્વે કરીને આખા ભરૂચ જિલ્લાનો જે ખરેખર બજાર ભાવ છે તેને ધ્યાને લઈ નવી જંત્રી નક્કી કરવાની તૈયારીરૂપે નવા ભાવ જે નક્કી કરવામા આવ્યા છે,એ અમારા ખેડૂત ભાઈઓ દ્વારા જે માંગણી હતી તેના કરતાં ઓછા છે પરંતુ નવા ભાવ પ્રમાણે જો વળતર ચુકવાય તો ખેડૂતોને આનંદ થશે.

**કાપડ બજારના**
**પેજ-૨ પાનાનું ચાલુ**

પેમેન્ટ અત્યારસુધી નહીં ચુકવી લાખાણી પિતા-પુત્ર દુકાન તેમજ ઘર બંધ કરી રફુચક્કર થઈ ગયા હતા. રાજ ભગતના ફોન ઉપાડવાનું પણ બંધ કરી દેતા આખરે આ બાબતે ક્રાઈમ બ્રાંચમાં ૨ કરોડની છેતરપિંડી અંગે ગુનો નોંધાવવામાં આવ્યો છે.

**મગદલ્લા જમીન**
**છેલ્લા પાનાનું ચાલુ**

તેમના વેવાઈ જગુ ખેનીને વેચાણથી આપી હતી. જેનો દસ્તાવેજ બનાવી આપતા પહેલા વધુ કરોડો રૂપિયાની માતબર રકમ કઢાવી લેવા પીના ગુજરાતી,તેના દિકરા ક્રિષ્ણા અને વચેટિયા મુકેશ સવાણીએ પોત પ્રકાશ્યું હતું. મહેશ સવાણીના રાજુ અંબેલાલ દેસાઈ સાથે કોઈ ધંધાકીય કે નાણાકીય વ્યવહાર ન હોવા છતા તેમના નામની વ્યાજે નાણા અંગેની લેવડ દેવડની બોગસ અને બનાવટી ખોટી વેલ્યુએબલ સીક્યુરીટી ઉભી કરી હતી. આ ખોટી ચિઠ્ઠી આધારે ગુજરાતી પિતા-પુત્ર અને વચેટિયા મુકેશ સવાણીએ મહેશ સવાણી અને વેવાઈ જગુ ખેની ઉપર ખોટુ માનસિક દબાણ ઉભુ કરી રૂ.૫.૬૧ કરોડ બળજબરીથી પડાવી લીધા હતા. આખરે મહેશ સવાણીએ સુરત ક્રાઈમ બ્રાંચમાં આ ઠગો વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. આ ફરિયાદમાંથી નામ રદ કરવા માટે પીના ગુજરાતી અને પુત્ર ક્રિષ્ણા ગુજરાતીએ ગુજરાત હાઈકોર્ટમાં ક્વોશિંગ પીટીશન ફાઈલ કરી હતી.

**વાપી જીઆઈડીસીમાં**
**છેલ્લા પાનાનું ચાલુ**

કામદાર હતો. કામદારની સલામતી જાળવવાની જવાબદારી કોન્ટ્રાકટરની છે. આ ઘટનાની જાણ થતાં ફેકટરી ઈન્સ્પેક્ટર સાથે લેબર અધિકારી ઘટના સ્થળે પહોંચ્યા હતા. સ્થાનિક પોલીસ દ્વારા મુતકનો કબ્જો લઈ પોસ્ટમોર્ટમ માટે મુતદેહ હોસ્પિટલ રવાનાં કરાયો હતો. જાણકાર સૂત્રોના જણાવ્યાં મુજબ કંપનીમા સુરક્ષા સાથે સલામતીની વ્યવસ્થાનો પણ અભાવ હતો. હવે જોવાનું એ રહ્યું કે પોલીસ દ્વારા આ ઘટનામાં કોની જવાબદારી નક્કી કરી પોલીસ ફરિયાદ નોંધે છે તે જોવું રહ્યું.

**ક્રિકેટમાં પસંદગી**
**છેલ્લા પાનાનું ચાલુ**

ભરવા પડશે તેમ કહી તેની પાસેથી રૂ.૧.૩૦ લાખ લઈ લીધા હતા. બંને યુવતી પાસેથી રૂપીયા લઈ લીધા બાદ પરત નહીં કરી પ્રવિણ ઉર્ફે પાર્થે છેતરપિંડી કરી હતી. આ બાબતે શ્રધ્ધાકુમારી દ્વારા માંડવી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી છે. આ બાબતે પીએસઆઈ એ.ટી.રાઠવા તપાસ કરી રહ્યા છે.

# બીલીમોરાના યુવાને સોશિયલ મીડિયા ઉપર મેસેજ મૂકી કરેલી આત્મહત્યા

### એકલો રહેતો યુવક આર્થિક ભીંસના કારણે હતાશ થઈ ગયો હતો

વલસાડ, તા.૨૬

જો ભુલથી પણ મારાથી તમને દુઃખ પહોંચ્યો હોય. મારો આ ધરતી પરનો સમય પૂરો થઈ ગયો છે. હું આ પગલું એટલા માટે ભરૂ છું કે હું હતાશ અને આઘાતમાં છું. એટલે હું મારી જિંદગી પૂરી કરું છું... આ મેસેજ ઇંગ્લીશમાં લખીને મરનાર રોનકે તેને તેના મિત્રોના સોશિયલ મિડિયા ગ્રુપમાં મુક્યો હતો. જેને વાંચીને તેના મિત્રો અવાચક બની જઈ તેના ઘરે દોડ લગાવી હતી. પરંતુ તે લોકો પહોંચ્યા તે પહેલા રોનક આ ફાની દુનિયા છોડી ગયો હતો.

બીલીમોરાના આંતલીયા જી.ઈ.બી. કચેરી સામે આવેલો વાત્સલ્ય બંગલો નંબર- ૩૨ માં રહેતો રોનક જીતેન્દ્રભાઈ લાડ (ઉ.વ.૨૫)ના પિતા ૮ વર્ષ અગાઉ મરણ પામ્યા હતા. તેના પરિવારમાં તેની માતા અને એક બેન છે.બહેનના લગ્ન થઈને તે કેનેડા જઈને વસી છે. અહીં રોનક અને તેની માતા કલ્પનાબેન રહેતા હતા. રોનકને કોઈ નોકરી ન હોવાથી તે બેરોજગાર હતો. આથી સતત નાણાની ખેંચ રહેતી હતી. દરમિયાન ૩ મહિના અગાઉ તેની માતા કલ્પનાબેન પુત્રીના ઘરે કેનેડા ગઈ હતી. આથી રોનક ઘરે એકલો જ રહેતો હતો. આર્થિક સંકડામણથી ઘેરાયેલો રોનક હતાશ થઈ ગયો હતો અને આજે બપોરે તેણે સોશિયલ મિડિયા પર મોત પૂર્વે મેસેજ વાયરલ કર્યા બાદ ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. મરનાર રોનકના નાના દિનેશભાઈ ધનજીભાઈ લાડ (ઉ.વ.૭૫, રહે. શિવચરણ સોસાયટી-૨, સોમનાથ મંદિરની પાછળ, બીલીમોરા)એ બીલીમોરા પોલીસમાં ખબર આપતા પોલીસે અકસ્માત મોત નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મૃતક રોનકની માતા વિદેશથી ભારત આવવા માટે રવાના થઈ છે તેણીના આવ્યા બાદ જ મૂર્તક રોનકના અગ્નિસંસ્કાર ની ક્રિયા કરવામાં આવશે.


સાંધ્ય દૈનિક
**પ્રતાપ દર્પણ**
**પ્રેસનોટ તથા જાહેરખબરો માટે સંપર્ક કરો**
-:: અડાજણ મેઈન કાર્યાલય ::-
એફ-૩, રવિરાજ ફ્લેટ, મહાલક્ષ્મી મંદિર સર્કલ પાસે, અડાજણ, સુરત.
મો.નં.૯૮૨૪૬-૫૫૭૫૫, ૯૮૨૫૫-૩૨૫૦૫
-:: અંકલેશ્વર બ્રાન્ચ કાર્યાલય ::-
નાઝુભાઈ ફડવાલા
મો.૯૮૨૫૧-૫૮૩૯૩
-:: ભરૂચ બ્રાન્ચ કાર્યાલય ::-
ધનંજય ઝવેરી
મો.૯૯૭૮૪-૦૬૯૨૩
-:: કોસંબા બ્રાન્ચ કાર્યાલય ::-
સોહેલભાઈ
મો.૯૯૭૮૪-૨૪૬૮૮


Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૨૬ નવેમ્બર ૨૦૨૪ મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫, E-mail : pratap_darpan@yahoo.co.in

## મગદલ્લા જમીન વિવાદમાં પીના ગુજરાતી પિતા-પુત્ર ફરિયાદ રદ કરવા હાઈકોર્ટ પહોંચ્યાં

### પાટીદાર અગ્રણી મહેશ સવાણી પાસેથી રૂા.૫.૬૧ કરોડ પડાવ્યાનો કેસ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૬

મગદલ્લા ખાતેની જમીન વિવાદમાં પાટીદાર અગ્રણી મહેશ સવાણી સાથે થયેલી રૂ.૫.૬૧ કરોડની ઠગાઈ કેસમાં મુખ્ય આરોપી એવા ગુજરાતી પિતા-પુત્રએ હાઈકોર્ટમાં ફરિયાદ રદ કરવા માટે ક્વોશિંગ પીટીશન દાખલ કરી હોવાનુ જાણવા મળ્યું હતું.

ભાવનગર પાલીતાણાના રાણપરડાગામના વતની અને ભટાર જીવકોર નગર પાસે આશીર્વાદ પેલેસમાં રહેતા મહેશ વલ્લભ સવાણીએ વેડરોડ ગુરુકુલ સ્થિત લક્ષ્મીવાડી સોસાયટીમાં આવેલા શ્રીવિલા બંગ્લોઝમાં રહેતા પ્રવિણ ઉર્ફે પીના શામજી ગુજરાતી, દિકરા ક્રીષ્ણા પ્રવિણ ગુજરાતી અને મુકેશ છગન સવાણી(રહે. વિશ્વકૃપા સોસા.,સુમુલડેરી રોડ) સામે ઠગાઈ અને પૈસા પડાવવાની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી જણાવ્યું હતુ કે, મહેશ સવાણીએ પ્રવિણ ઉર્ફે પીના ગુજરાતી પાસે મગદલ્લાવાળી જમીન ખરીદી હતી. આ જમીન મહેશ સવાણીએ

અનુસંધાન પાના ૭ પર



આજે તા.૨૬મી નવેમ્બરે ભારતીય બંધારણ અધિકાર દિવસ તથા ભારતના બંધારણની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે નિલગીરી શાંતિનગર ખાતે આઈ.જી. સ્કૂલના વિદ્યાર્થીઓએ ભારતીય સંવિધાનની રક્ષા કરવાની પ્રતિજ્ઞા લેવા સાથે સંવિધાનની પ્રતિકૃતિને નમન કરી ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરની પણ સ્મૃતિ કરી હતી. (તસવીર : હનીફ મલેક)

## સુરત મનપાની આગામી સામાન્ય સભામાં એજન્ડા ઉપર ૧૦૦થી વધુ કામનો સમાવેશ

### આ વખતની સામાન્ય સભા તોફાની બનશે : વિપક્ષ શાસક પક્ષને ભીંસમા લેશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૬

સુરત મહાનગરપાલિકાની માસિક સામાન્ય સભા ૨૯મી નવેમ્બરના રોજ શુક્રવારે સાંજે ચાર કલાકે સરદાર વલ્લભભાઈ પટેલ ખંડમાં મળશે એવું ઈન્ચાર્જ સેક્રેટરી શરદભાઈ પટેલે જણાવ્યું હતું.

સુરત મહાનગરપાલિકાના ઈન્ચાર્જ સેક્રેટરી શરદભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, નિયમ મુજબ સુરત મહાનગરપાલિકામાં માસિક સામાન્ય સભા દર મહિને ના અંતમાં મળતી હોય છે. આ મહિનાની સામાન્ય સભા ૨૯મી નવેમ્બરના રોજ શુક્રવારે સાંજે ચાર કલાકે સરદાર વલ્લભભાઈ પટેલ ખંડમાં મળશે. આ સામાન્ય સભામાં શાસક અને વિપક્ષના કોર્પોરેટરો દ્વારા કુલ ૧૭ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. જેના ઉત્તર સુરત મહાનગરપાલિકાના કમિશનર શાલીની અગ્રવાલ આપશે. ઝીરો અવર્સ અને કોર્પોરેટરો દ્વારા પ્રશ્નોનો સમયકાળ પૂરો થયા બાદ સ્ટેન્ડિંગ સમિતિના ૧૬ કામો, જાહેર બાંધકામ સમિતિના ૫૨ કામો, ગટર સમિતિના ૨૧ કામો, લાઈટ એન્ડ ફાયર સમિતિના ચાર કામો, હોસ્પિટલ સમિતિના બે કામો , ખડી સમિતિનું એક કામ અને કોર્પોરેટરોના ચાર રજાના કામો મળી કુલ્લે સો કામો ઉપર શાસક અને વિપક્ષના કોર્પોરેટરો ચર્ચા કરશે.

## ફોરેક્ષ મનીના નામે મુંબઈના ઠગે લાખો રૂપીયાનો ચુનો ચોપડ્યો

### અડાજણના ધીરેન પટેલ સાથે ત્રણ જણાએ રૂ.૩૫ લાખની છેતરપિંડી કરી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૬

અડાજણમાં રહેતી ૫૦ વર્ષિય આધેડને મુંબઈના બોરીવલી ખાતે ઓફીસ ધરાવતા અને મુળ યુપીના વતનીએ કુલ રૂ.૩૫ લાખનું રોકાણ કરાવડાવી દર મહીને ૧.૬૯ હજારનું વળતર ચુકવવાની લાલચ આપી બે મહિના સુધી રૂપીયા ચુકવ્યા બાદ લાખો રૂપીયા ગજવે ઘાલ્યા હતા. આ છેતરપિંડી અંગે ગઈકાલે સાંજે ક્રાઈમ બ્રાંચમાં ગુનો નોંધાયો છે. બોરીવલીના જીતેન્દ્રસિંગ ઉપરાંત બે યુવતીઓનો પણ ફરીયાદમાં આરોપી તરીકે ઉલ્લેખ કરાયો છે. "ક્રાઈમ બ્રાંચ પાસેથી મળતી વિગત અનુસાર મુંબઈના બોરીવલી ઈસ્ટ ખાતે દૌલત નગર વિસ્તારમાં એસએમસી ગ્લોબ સિક્યુરીટી લિમીટેડ તેમજ સ્પોટ ફિક્સીટ સોલ્યુશનના નામે ઓફીસ ધરાવતા અને મુળ ઉત્તરપ્રદેશ અમેઠી વિશ્વેશ્વરગંજ ધરવલીના વતની જીતેન્દ્રસિંગ દ્વારીકાસિંગે ૧ માર્ચ ૨૦૨૪ના સમયગાળામાં અડાજણ એલ.પી.સવાણી રોડ સ્વસ્તીક એવન્યુમાં રહેતા ધીરેન નટવરલાલ પટેલ ઉ.વ.૫૦ને ફોરેક્ષ મનીમાં રોકાણ કરવાથી સારૂ વળતર મળશે તેવી લાલચ આપી હતી. વિશ્વાસમાં આવી ગયેલા ધીરેન પટેલે જીતેન્દ્રસિંગ તથા તેના મળતીયા સચીન અને અંકીતાના સંપર્કમાં રહીને પત્ની તેમજ પુત્રના નામે કુલ રૂ.૩૫ લાખનું રોકાણ કર્યું હતું. શરૂઆતમાં ઠગ જીતેન્દ્રસિંગે ધીરેન પટેલને રૂ.૧.૬૯ લાખ નું બે મહિના સુધી વળતર ચુકવ્યું હતું. ત્યારબાદ પોત પ્રકાશી ઠગ જીતેન્દ્રસિંગે ફોન બંધ કરી દીધા હતા અને ઓફીસો પણ બંધ કરી દીધી હતી. છેતરપિંડી થઈ હોવાનો ખ્યાલ આવી જતા ધીરેન પટેલે આ મામલે ગઈકાલે ક્રાઈમ બ્રાંચમાં ફરીયાદ નોંધાવી હતી.

## ક્રિકેટમાં પસંદગી થતા નોકરી અપાવવાની લાલચ આપી માંડવીની બે યુવતી સાથે ઠગાઈ

### ડિંડોલીમાં પ્રવિણ ચૌધરીએ રૂ.૪ લાખ પડાવી લીધા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૬

માંડવીમાં રહેતી બે યુવતી પૈકી એકનું ક્રિકેટમાં સિલેકશન થયું હોવાના બહાને તથા બીજી યુવતીને સરકારી નોકરી અપાવવાને બહાને ડિંડોલીના ઠગે કુલ રૂ.૪ લાખ પડાવી લઈ છેતરપિંડી કરી હતી. આ મામલે માંડવી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી છે. "માંડવી પોલીસ સ્ટેશનેથી મળતી વિગત અનુસાર ડિંડોલી પ્રિયંકા સોસાયટીમાં રહેતા પ્રવિણ ઉર્ફે પાર્થ રામસિંગ ચૌધરીએ માંડવી તાલુકાના સાદડી ગામ નિશાળ ફળીયામાં રહેતી શ્રધ્ધાકુમારી સુરેશ ચૌધરી ઉ.વ.૨૮ને સરકારી નોકરી અપાવવાનો ભરોસો આપી પ્રવિણ ચૌધરીએ કુલ રૂ.૨.૫૫ લાખ જયનાબેન મગનભાઈ વસાવાના મોબાઈલ નંબર અલગ અલગ તારીખે ગુગલ પે તેમજ ફોન પે કરાવ્યા હતા. ત્યારબાદ નોકરી અપાવી ન હતી. રૂપીયા પરત માંગતા શ્રધ્ધાકુમારીને રૂપીયા પરત આપ્યા ન હતા. તેમજ ક્રિષ્ના પ્રતિક ચૌધરી (રહે. તરસાદાખુર્દ વચલુ ફળીયુ, તા.માંડવી)ને તેનું ક્રીકેટમાં સિલેકશન થયું હોવાથી રૂપીયા

અનુસંધાન પાના ૭ પર

## વાપી જીઆઈડીસીની અનુપમ કલર્સ કંપનીમાં ભીષણ આગ : એક વેલ્ડર આગમાં ભડથું

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૬

ગત રોજ વાપી જીઆઈડીસીની અનુપમ કલર્સ પ્રાઈવેટ લિમટેડ કંપનીમાં અચાનક આગ લાગતા વેલ્ડર તરીકે કામ કરતા કામદાર બળીને ભડથું થઈ જતાં ચકચાર મચી ગઈ હતી. આ ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડ ના લાશ્કરો ઘટના સ્થળે દોડી ગયા હતા.

આ ઘટનામાં મૃત્યુ પામના કૌશલ પ્રશાદ યાદવ કંપનીમાં વેલ્ડિંગનુ કામ કરતો હતો. વેલડીંગના કામ દરમિયાન તણખાં પ્લાસ્ટિકની ટેંક ઉપર પડતા આગ ભભૂકી ઊઠી હતી. અને આગે વરવું રૂપ ધારણ કર્યુ હતુ. કંપની સંચાલકોનાં જણાવ્યા પ્રમાણે મૂતક કમ્પનીના કોન્ટ્રાક્ટમા કામ કરતો

અનુસંધાન પાના ૭ પર

### ઘટનાને પગલે ફાયર ફાઈટરો સ્થળ ઉપર ધસી ગયા

